**આજનો સુવિચાર**

જીવનમાં સંપત્તિ ઓછી મળશે તો ચાલશે, બસ સંબંધ એવા કેળવો કે કોઈ એની કિંમત ના આંકી શકે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૦૬ જૂનાગઢ તા.૧૨-૦૮-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 206, Junagadh : Date : 12 August, 2024, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


### શ્રાવણમાસના સોમવારે બિહારના જહાનાબાદમાં કરૂણ દુર્ઘટના સર્જાઈ

# સિધ્ધેશ્વર ધામમાં નાશભાગ મચી જતાં ૬ મહિલા સહિત ૭ શ્રધ્ધાળુઓના કરૂણ મોત




જહાનાબાદ, તા. ૧૨

બિહારના જહાનાબાદમાં આજે સોમવારે એક દર્દનાક દુર્ઘટના સામે આવી છે. શ્રદ્ધાળુઓમાં નાસભાગ મચી જતા ૭ લોકોના મોત થયા છે. સિદ્ધેશ્વર ધામના ભક્તોની ભીડ વચ્ચે આ ઘટના બની હતી.

આજે શિવાલયમાં જલાભિષેક કરવા માટે મોટી ભીડ એકઠી થઈ હતી. ડઝનબંધ ભક્તો પર્વત પર પાતાળગંગાથી જતી સીડીઓ પર ચઢી અને નીચે ઉતરી રહ્યા હતા. મંદિર પાસેની સીડી પર કાવડીયાઓ વચ્ચે કોઈ બાબતે ઝઘડો થયો હતો. જેને પગલે થોડી જ વારમાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. મંદિર પાસે હાજર પોલીસકર્મીઓએ પરિસ્થિતિને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ અચાનક નાસભાગ મચી ગઈ હતી. અંધારામાં લોકો એકબીજાને કચડીને અહીં-તહીં દોડવા લાગ્યા હતા. અહીં પોલીસ પરિસ્થિતિને કાબૂમાં લઈ શકે ત્યાં સુધીમાં ૬ મહિલાઓ સહિત ૭ શ્રદ્ધાળુઓના મોત નિપજયા હતા.

સોમવારે સૂર્યોદય પહેલા આ દુર્ઘટના સર્જાઈ હતી જેમાં ૧૦થી વધુ લોકો ઘાયલ થયા હોવાનું જાણવા મળે છે. મંદિર વિસ્તારમાં તૈનાત પોલીસકર્મીઓ અને સ્વયંસેવકોની મદદથી રાહત અને બચાવ કાર્ય કર્યુ હતું. ઘાયલોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

## નર્મદા ડેમ ૯૦ ટકા ભરાયો : ઓવરફ્લોથી માત્ર 3 મીટર દુર



નર્મદા તા.૧૨

ગુજરાતની જીવાદોરી નર્મદા બંધ તેની મહત્તમ સપાટીએ પહોંચવાની તૈયારીમાં છે. હાલ નર્મદા ડેમની સપાટી ૧૩૫.૬૧ પર પહોંચી ગઈ છે. ઈન્દીરા સાગર અને ઓમકારેશ્વર ડેમના ૧૩ દરવાજા ખોલી હજુ ૨ લાખ ૭૩ હજાર ૯૦૦ ક્યૂસેક પાણીની આવક આવી રહી છે. નર્મદા બંધ તેની મહત્તમ સપાટીએ પહોંચવામાં ૩.૨ મીટર બાકી છે. હાલ રૂલ લેવલ મેન્ટેન કરવા માટે ૯ ગેટ ખોલી ૧.૫૧ લાખ ક્યૂસેક પાણી નદીમાં છોડાઈ રહ્યું છે. છેલ્લા બે દિવસમાં પાણીની સપાટીમાં ૨.૩૫ મીટરનો વધારો થયો છે. નર્મદા સરદાર સરોવર બાકી રહેલી ૩.૨ મીટરની સપાટી પણ ભરાઈ શકે છે. હાલ સપાટી સ્થિર જોવા મળી છે. જેની આવક ૨ લાખ ૭૩ હજાર ૯૦૦ છે. રૂલ લેવલ મેન્ટેન કરવાથી ૯ દરવાજા ખોલવા પડ્યા છે.

## પંજાબ મેલ ટ્રેનમાં નાશભાગ મચી : 30 મુસાફરોએ છલાંગ મારી : ૨૦ ઘાયલ

શાહજહાંપુર તા.૧૨

પંજાબ મેલ એક્સપ્રેસમાં આગની અફવા બાદ શાહજહાંપુરમાં નાસભાગ મચી ગઈ હતી. જનરલ કોચમાં સવાર મુસાફરો એકબીજાને કચડીને ભાગવા લાગ્યા હતા. ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડી રહેલી ટ્રેનમાંથી ૩૦ મુસાફરોએ છલાંગ લગાવી હતી. આ ઘટનામાં ૨૦ મુસાફરો ઘાયલ થયા છે. ૬ની હાલત ગંભીર છે, જેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઘટના રવિવારે સવારે ૮.૩૦ વાગ્યે બરેલી અને કટરા સ્ટેશન વચ્ચે બની હતી. પંજાબ મેલ (ટ્રેન નં. ૧૩૦૦૬) અમૃતસરથી હાવડા જઈ રહી હતી. બરેલીમાં રોકાયા બાદ ટ્રેન શાહજહાંપુર જવા રવાના થઈ હતી. લગભગ ૬૦ કિમીની મુસાફરી કર્યા બાદ ટ્રેન બહગુલ નદીના પુલ પાસે પહોંચી ત્યારે અચાનક એક મુસાફરનો હાથ આગ બુઝાવવાના સાધનોને સ્પર્શી ગયો હતો. તેની નોબ ઉતારી અને આગ બુઝાવવાનું કેમિકલ છોડ્યું જેને કારણે અફવા ફેલાઈ હતી.

## હિંડનબર્ગ ધડાકા બાદ અદાણી ગ્રૃપના શેરોમાં કડાકો

મુંબઈ, તા.૧૨:

હિંડનબર્ગ રિસર્ચ દ્વારા અદાણી એપિસોડમાં સેબીના વડા પર સીધો આરોપ મૂકયા બાદ આજે સ્થાનિક શેરબજારમાં ઘટાડા સાથે ટ્રેડિંગ શરૂ થયું હતું. અદાણી ગ્રુપના શેરમાં ૭%નો ઘટાડો થયો હતો. અદાણીના શેર્સ તુટતા રોકાણકારોને રૂ.૫૩૦૦૦ કરોડનો ધુંબો લાગ્યો છે. અદાણી ગ્રુપના ૧૦ શેર્સની વેલ્યુ ઘટીને ૧૬.૭ લાખ કરોડ થઈ ગયો છે.

યુએસ શોર્ટસેલર હિંડનબર્ગ રિસર્ચે સેબીના વડા માધાબી પુરી બુચ અને તેમના પતિ ધવલ બુચ પર અદાણી ગ્રૂપના શેરને વધારવા માટે ઉપયોગમાં લેવાતા ઓફશોર ફંડ્સમાં રોકાણ કરવાનો આરોપ મૂકયો છે. જો કે, બુચ દંપતીએ આરોપોને નકારી કાઢયા છે અને કહ્યું છે કે નિયમો અનુસાર રોકાણની તમામ માહિતી જાહેર કરવામાં આવી છે.

હિંડનબર્ગના નવા અહેવાલે અદાણી ગ્રુપના શેરોમાં હલચલ મચાવી દીધી છે. શરૂઆતના વેપારમાં અદાણી પાવર ૯ ટકાથી વધુ ઘટયો હતો. અદાણી વિલ્મરમાં ૬ ટકાથી વધુનો ઘટાડો છે. અદાણી ગ્રુપના બેન્ચમાર્ક સ્ટોક અદાણી એન્ટરપ્રાઈઝમાં પણ ૩.૧૭ ટકાનો ઘટાડો થયો છે. અદાણી ટોટલ ગેસ ૭ ટકાથી વધુ ઘટયો છે. અદાણી એનર્જી સોલ્યુશનમાં પણ લગભગ સાડા ચાર ટકાનો ઘટાડો છે. ACCમાં ૧.૮૩ ટકા, અંબુજા સિમેન્ટમાં ૧.૫૪ ટકા અને અદાણી ગ્રીન એનર્જીના શેરમાં ૩.૬૧ ટકાનો ઘટાડો નોંધાયો છે.


## વાયબ્રન્ટ ગુજરાત : બાળલગ્નમાં પણ મોખરે

ગાંધીનગર,તા.૧૨

ગુજરાત પ્રગતિશીલ રાજય ગણાતું હોવા છતાં હજુ પણ બાળ વિવાહની ઘટનાઓ બની રહી છે અને તંત્રને જાણકારી મળતા તેને અટકાવાય રહ્યા છે પરંતુ તે સિવાય પણ મોટી સંખ્યામાં બાળલગ્નો કરાવાતા હોવાની આશંકા છે ૨૦૧૮ થી ૨૦૨૨ સુધીના પાંચ વર્ષમાં કુલ ૬૪ બાળલગ્નો થતા તંત્ર દ્વારા અટકાવાયા છે. દેશના અનેક રાજયમાં મોટાપાયે બાળલગ્ન થતા હોય છે તે યાદીમાં ગુજરાત જેવું વિકસિત રાજય મોખરે રહ્યું છે.

## પેરિસ ઓલિમ્પીક-૨૦૨૪નું સમાપન મનુ ભાકર-શ્રીજેશે તિરંગો લહેરાવ્યો





પેરિસ તા.૧૨

પેરિસ ઓલિમ્પિકસ ૨૦૨૪નો અંત આવી ગયો છે. રંગારંગ સમાપન સમારોહમાં ભારતની સ્ટાર મહિલા શૂટર મનુ ભાકર અને હોકી ટીમના મહાન ગોલકીપર શ્રીજેશ ધ્વજ ધારક હતા. ૨૬ જુલાઈ થી ૧૧મી ઓગસ્ટ સુધી ચાલેલા રમતગમતના મહાકુંભમાં ૧૦ હજારથી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

જો પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪ની મેડલ ટેલીની વાત કરીએ તો અમેરિકા ટોપ પર રહ્યું છે. ચીન અને જાપાને પોતાનું અભિયાન બીજા અને ત્રીજા સ્થાને પૂર્ણ કર્યું. પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં શૂટિંગમાં બે બ્રોન્ઝ મેડલ જીતનાર મહિલા એથ્લેટ મનુ ભાકેર અને હોકીમાં બ્રોન્ઝ મેડલ જીતનાર સ્ટાર ગોલ કીપર શ્રીજેશ ભારતનો ધ્વજ લહેરાવ્યો હતો. ઓલિમ્પિક ૨૦૨૪માં ભારતે કુલ ૬ મેડલ જીત્યા હતા, જેમાં ૫ બ્રોન્ઝ અને એક સિલ્વર મેડલનો સમાવેશ થાય છે

હોલીવુડ સ્ટાર અભિનેતા ટોમ ક્રૂઝને પેરિસથી લોસ એન્જલસ સુધીની સમર ગેમ્સ દરમિયાન અદભૂત સ્ટંટ સિક્વન્સ કરવા માટે કહેવામાં આવ્યું હતું. પરંપરાગત હાવભાવમાં એક શહેરથી બીજા શહેરમાં ઓલિમ્પિક ધ્વજ સોંપવાનો સમાવેશ થાય છે. લગભગ ૧૬૦ ફૂટ નીચે ઉતર્યા પછી, ક્રુઝ ગર્વથી ચમક્યો અને એથ્લેટ્સને હાઈ-ફાઈવ કર્યા. ત્યારબાદ પ્રખ્યાત અભિનેતાએ LA મેયર કેરેન બાસ પાસેથી અમેરિકન ધ્વજ મેળવ્યો હતો.

## ભારતને એક મેડલ રૂા.૭૮ કરોડમાં પડયો

નવી દિલ્હી,તા. ૧૨:

પેરિસ ઓલિમ્પિકમાં ભારતની સફર પૂર્ણ થઈ ગઈ છે. ૨૬ જુલાઈથી ૧૧ ઓગસ્ટ સુધી ચાલેલા રમત-ગમતના આ મહાકુંભમાં ભારતના ૧૧૭ ખેલાડીઓએ ૧૬ રમતોમાં ભાગ લીધો હતો. આ સમયગાળા દરમિયાન, ઘણા ભારતીય એથ્લેટ્સ ચોથા સ્થાને રહ્યા અને મેડલ ચૂકી ગયા. તેમાં પીવી સિંધુ, મીરાબાઈ ચાનુ, નિખાત ઝરીન અને લવલીના બોર્ગોહેન જેવા ઘણા મોટા નામ સામેલ છે. જયારે વિનેશ ફોગાટ કમનસીબે મેડલ જીતી શકી ન હતી. બીજી તરફ નીરજ ચોપરા, મનુ ભાકર, સ્વપ્નીલ કુસલે, સરબજોત સિંહ, અમન સેહરાવત અને ભારતીય હોકી ટીમે મળીને ૬ મેડલ જીતીને પેરિસમાં ભારતીય ધ્વજ લહેરાવ્યો હતો. જો કે, આ પ્રદર્શન સંતોષકારક ન હતું, કારણ કે ભારતીય ચાહકો મોટી ટુકડી અને ઘણા અનુભવી એથ્લેટ્સને કારણે વધુ અપેક્ષા રાખતા હતા.

પેરિસ ઓલિમ્પિકમાં ગયેલા ભારતના ૧૧૭ ખેલાડીઓની ટ્રેનિંગ પર કુલ ૪૭૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ત્યારે આપણો દેશ ૬ મેડલ જીતી શક્યો. એટલે કે એક મેડલ માટે ભારતને લગભગ ૭૮.૩૩ કરોડ રૂપિયા ખર્ચવા પડ્યા હતા.

### કોલકતાની લેડી ડોકટર પર બળાત્કાર-હત્યાના બનાવના સંદર્ભમાં

## આજે દેશભરમાં રેસિડેન્ટ ડોકટરોની હડતાળ

કોલકત્તા તા. ૧૨ :

કલકત્તાની એક મેડિકલ કોલેજમાં જૂનિયર લેડી ડોક્ટર પર બળાત્કાર બાદ તેની કરપીણ હત્યાના કેસમાં આજે દેશભરના રેસિડન્ટ ડોક્ટરો હડતાળ પર છે. ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા રેસિડન્ટ ડોકટર્સ અસોસિએશને આજે આખા દેશમાં હડતાળનું એલાન કર્યું છે. તમામ સરકારી હોસ્પિટલોના રેસિડન્ટ ડોકટરોને તેમાં જોડાવવા માટે આહવાન કરવામાં આવ્યું છે.આ લેડી ડોક્ટરની હત્યાના કેસમાં પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે પણ ડોક્ટરોએ માગણી કરી છે કે આ

હત્યા અને બળાત્કારના કેસમાં એક કરતાં વધારે આરોપી હોઈ શકે છે. શુક્રવારે લેડી ડોક્ટરનો મૃતદેહ મેડિકલ કોલેજના સેમિનાર હોલમાંથી મળી આવ્યો હતો. પોસ્ટમોર્ટમમાં જાણવા મળ્યું છે કે હત્યા કરતાં પહેલાં તેનું જાતીય શોષણ કરવામાં આવ્યું હતું. આ કેસમાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ પણ આરોપીને ફાંસીની સજા કરવાની માગણી કરી છે અને જણાવ્યું છે કે પીડિતાનો પરિવાર આ કેસની તપાસ સેન્ટ્રલ એજન્સીને સોંપવા માગતો હોય તો તેનો વિરોધ કરવામાં નહીં આવે.

### સમાચાર રાઉન્ડ અપ

- ગત મોડી રાત્રે ધારીના મોણવાવ ગામમાં ૮ સિંહોનું ટોળુ ઘુસી ગયું સિંહોની એન્ટ્રી અને ગર્જનાથી આખુ ગામ જાગી ગયું : ભયનો માહોલ : સિહોએ ગામની વચ્ચો વચ્ચ પશુનું મારણ કરી મિજમાની માણી : લાઈવ દશ્યો વાયરલ થયા.
- દેશમાં ચાંદીપુરા વાયરસના ૬૧ કેસ : જે પૈકી ગુજરાતમાં ૫૯ કેસ
- ઉત્તર ભારતના રાજ્યોમાં મેઘ કહેરથી ૩૧ના મોત
- પંજાબના હોશીયારપુરમાં પાણીના પ્રચંડ પ્રવાહમાં ઈનોવા કાર તણાઈ જતા એક જ પરિવારના ૯ લોકોનાં મોત
- બાંગ્લાદેશની વચગાળાની સરકારે ભારત-ચીન અંગે નિવેદન આપ્યું, સંતુલીત વિદેશનીતી જાળવી રાખશે.
- કોંગ્રેસની ન્યાય યાત્રા આજે રાજકોટમાં : ધોળા દિવસે કેન્ડલમાર્ચ યોજી : ટીઆરપી અગ્નિકાંડના મૃતકોને શ્રધ્ધાંજલી આપી.
- સુરતના હિરા ઉદ્યોગમાં મહામંદી : છેતરપીંડીના બનાવો વધ્યા, પોલીસે માઈક દ્વારા જાહેરાત કરી વેપારીઓને એલર્ટ કર્યા, જુલાઈ માસમાં છેતરપીંડીના ૧૬ ગુનામાં રૂા.૧૩ કરોડની છેતરપીંડી, ૨૭ આરોપીઓની ધરપકડ.

## રાહુલગાંધીની ભવિષ્યવાણી સાચી પડશે ? નેશનલ હેરાલ્ડ કેસમાં ઈડી દ્વારા સમન્સ મોકલવા તૈયારી

નવી દિલ્હી, તા. ૧૨

અગાઉ કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ ચક્રવ્યુહ મામલે સંસદમાં આપેલા પ્રવચન બાદ કહ્યું હતું કે મારી આ વાત કેટલાકને ગમી નથી, ઈડી ગમે ત્યારે મને બોલાવી શકે છે, હું ઈડીની રાહ જોઉં છું. રાહુલ ગાંધીની આ ભવિષ્યવાણી સાચી ઠરે તેમ છે કારણ કે ઈડી ટુંક સમયમાં તેને નેશનલ હેરાલ્ડ કેસમાં બોલાવી પુછપરછ કરી શકે છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ટૂંક સમયમાં જ કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીને પૂછપરછ માટે સમન્સ પાઠવી શકે છે. જો કે આ મામલે હજુ સત્તાવારરીતે કાંઈ જાણવા નથી મળતું. પરંતુ એવું કહેવામાં આવી રહ્યું છે કે નેશનલ હેરાલ્ડ કેસમાં મની લોન્ડરિંગની તપાસમાં કેન્દ્રીય તપાસ એજન્સી રાહુલને પૂછપરછ માટે બોલાવી શકે છે. જો કે એજન્સીએ જૂન ૨૦૨૨માં રાહુલ ગાંધીની પૂછપરછ કરી હતી.

સૂત્રો મુજબ ઈડી ગેરરીતિઓની તપાસને લઈને કોઈ નિષ્કર્ષ માટે એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ તપાસ પૂરી કરવાની તૈયારી કરી રહી છે, આથી જ રાહુલ ગાંધીને ફરી પૂછપરછ માટે બોલાવી શકે છે. ઈડી પહેલાથી જ ૭૫૧ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી ચૂકી છે. ઈડીના એક અધિકારીનું કહેવું છે કે, 'અમે તપાસ પૂર્ણ કરીને ફરિયાદ દાખલ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ, જેથી કેસ ટ્રાયલમાં જાય. આથી રાહુલ ગાંધી સહિત આ સાથે જોડાયેલા તમામ લોકોને જલ્દી બોલાવવામાં આવી શકે છે.' જો કે આ બાબતે સોનિયા ગાંધીને પણ સમન્સ પાઠવવામાં આવશે કે નહિ તે હજુ જાણવા મળ્યું નથી.


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા

જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮

નક્ષત્ર – જયોતિષ

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું

● હરકયુલિસ સાયકલ ● કોરાડો સાયકલ
● હીરો સાયકલ ● બ્રિટીશ ઈગલ સાયકલ
● બીએસએ સાયકલ ● ફન રાઈડ ટ્રાસીકલ
● વિકટર ૯૧ સાયકલ ● દાસ સાયકલ
● હિલી સાયકલ

તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફ્રેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ

ગેલેકસી ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

ધમાકા ઓફર... ધમાકા ઓફર... ધમાકા ઓફર...
SALE 8 % UPTO 38 % OFF
Online ખરીદી કરતા પણ ફાયદો
MAHER A/C. CREATION
Bachpan se Pachpan Tak
Mo :- 96387-85835
JENILI SHOPPING CENTER, JUNAGADH

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે
આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી
સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો

# સ્વાતંત્ર્ય-આંદોલનના અમર છાત્ર-શહીદ વીર વિનોદ કીનારીવાલા જન્મ શતાબ્દી ઉજવણી સમારંભ યોજાયો





(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૨

૧૯૪૨ના ''અંગ્રેજો હિન્દ છોડો''સ્વાતંત્ર્ય-આંદોલનના અમર છાત્ર-શહીદ વીર વિનોદ કીનારીવાલા જન્મ શતાબ્દી ઉજવણી સમારંભ, અમદાવાદની સુવિખ્યાત શૈક્ષણીક સંસ્થા -ગુજરાત લો સોસાયટી અને રાષ્ટ્રધર્મ પ્રતિષ્ઠાન- યુવાજાગરણ અભિયાનના સંયુકત ઉપક્રમે યોજાયો.આજથી બરાબર ૮૨ વર્ષ અગાઉ ૧૦ ઓગસ્ટ ૧૯૪૨ના દિવસે, લો કોલેજ થી નીકળેલું અમદાવાદના છાત્ર-યુવાઓનું સરઘસ, ''અંગ્રેજો હિન્દ છોડો''ના ગગનભેદી સુત્રોચ્ચાર કરતું જયારે નજીક આવેલી સરકારી ગુજરાત કોલેજ નજીક પહોચ્યું કે, બ્રિટીશ પોલીસે પાશવી લાઠીચાર્જ, કર્યો. એ વખતે હાથમાં ચરખાવાળો ત્રિરંગી ધ્વજ લઈને મક્કમ ડગલે ગુજરાત કોલેજ પરિસરમાં જેવા વીર વિનોદ કીનારીવાલાએ પ્રવેશ કર્યો કે, બ્રિટીશ પોલીસની રિવોલ્વરમાંથી છુટેલીગોળીથી, વીર વિનોદ કીનારીવાલાની છાતીવિંધાઈ ગઈ લોહીના ફુવારા ઉછળ્યા અને વીર વિનોદ કીનારીવાલા તત્કાળ વીરગતિ પામ્યા. આવા ઐતિહાસિક ગૌરવદિનની ઉજવણી નિમિત્તે યોજાયેલ પ્રેરક સમારંભમાં ગુજરાત લો સોસાયટીનાપ્રેસિડેન્ટ અને વિખ્યાત સિનીયર વકીલ શ્રી સુધીરભાઈ નાણાવટી તેમના ઉદબોધનમાં જણાવ્યું કે, આવા રાષ્ટીય ગૌરવની પ્રવિત્ર-પ્રેરક સ્મૃતિનો સમારંભ, ગુજરાત લો સોસાયટીના ઓડીટોરીયમમાં ઉજવાઈ રહ્યો છે, તે બદલ હું અત્યંત પ્રસન્નતા અને ગૌરવની અનુભૂતિ કરું છું. ''રાષ્ટ્રધર્મ પ્રતિષ્ઠાન-''યુવા જાગરણ અભિયાન'' જેવી સંસ્થા અમારા શૈક્ષણીક કેમ્પસમાં આવી ને આ પ્રકારનો ઐતિહાસિક ગૌરવનો સ્મૃતિ-દિવસ ઉજવે છે, તે આપણી ઊગતી પેઢી માટે અત્યંત પ્રેરક અને માર્ગદર્શક બની રહેશે તેવી મને શ્રધા છે. ગુજરાત લો સોસાયટી સંચાલિત એચ.એ. કોમર્સ કોલેજના અચાર્ય ડોકટર સંજયભાઈ વકીલે તેમના પ્રાસંગિક ઉદબોધનમાં વીર વિનોદ કિનારીવાલાના પ્રેરક જીવનના વિવિધ પ્રસંગો તાજા કરીને જણાવ્યું કે અમદાવાદના ગૌરવરૂપ આ મહાન બલિદાનની પ્રેરક સ્મૃતિઓને તરોતાજા રાખવામાટે આજના આ સમારંભનું આયોજન કરતા અને તેમાં સહભાગીથતાં હું અત્યંત પ્રસનતા અને ગૌરવ અનુભવું છું. ''રાષ્ટ્ધર્મ પ્રતિષ્ઠાન ના મહામંત્રી ઋત્વીબેન પટેલે પ્રસ્તુત સમારંભની ભૂમિકા અને તે સંદર્ભમાં ''રાષ્ટ્ધર્મ પ્રતિષ્ઠાન'' વિષે પ્રેરક માહિતી આપતા પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું કે, ગુજરાત લો સોસાયટી જ એક એવી વિરત્વની પરંપરાને વરેલી શૈક્ષણિકસંસ્થા છે,જેણે ૧૯૪૨નાં ''અંગ્રેજો હિન્દ છોડો''સ્વાતંત્ર્ય આંદોલન વેળાએ અદમ્ય સહસ્ત હિંમત અને પ્રખર દેશભક્તિથી પ્રેરિત થઈ આ જ લો કોલેજ ના મેદાનમાં વિરોધસભા અને વિરોધ સરઘસનું આયોજન કરેલું ગુજરાત લો સોસાયટીની પૂર્વ વિદ્યાથીની હોવાનાનાતે હું મારી આ માતૃસંસ્થા માટે ગૌરવ અનુભવું છું ''રાષ્ટ્ધર્મ પ્રતિષ્ઠાન'' માં રહેલ રાષ્ટધર્મ એટલે આપણે સૌ સર્વપ્રથમ ભારતીય જ છીએ અને તેથી જ ભારતમાતાના સંતાનો તરીકે આપણો સંતાન તરીકેનો આપણો સંતાનધર્મ-નાગરિક ધર્મ એટલે જ રાષ્ટધર્મ. આ સમારંભ માં વિશેષ આકર્ષણરૂપ પ્રસંગ એ બન્યો કે આગલે દિવસે ૯ ઓગસ્ટ ૧૯૪૨ ને દિવસે અમદાવાદ ના ખાડિયા ચારરસ્તા નજીક જયારે વિરોધ સરઘસ પહોંચેલું અને એ સરઘસમાં સામેલ થયેલ વીર ઉમાકાંત કડિયા શહીદ થયા એ ઐતિહાસિક ઘટનાના પ્રત્યક્ષ દર્શી એવા ઉમાકાંત કડિયાના સાથી રહેલા એવા શ્રી ચિનુભાઈ પહેલવાન પણ સમારંભમાં વિશેષ ઉપસ્થિત રહેલા અને તેમનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું. સમારંભ માં આભાર દર્શન નિમિતે ઉદબોધન કરતાં ''રાષ્ટ્રધર્મ પ્રતિષ્ઠાન'' ના અધ્યક્ષ પ્રાધ્યાપક હર્ષદભાઈ યાજ્ઞિકે જણાવ્યું કે આજનો આ ઐતિહાસિક પ્રેરક દિવસ આપણા સહ માટે ભારત માતાની સેવા અનેરાષ્ટ્રસેવા-રાષ્ટ્રધર્મ માટે પૂનઃસમર્પિત થવાનો આ પ્રવિત્ર-પ્રેરક દિવસ પણ છે! રાષ્ટગીત જનગણ મનના સમુહગાન સાથે આ ગૌરવપૂર્ણ સમારંભ સંપન્ન થયો અને ત્યાર પછી લો સોસાયટી કેમ્પસના વિદ્યાથીઓ પ્રબુદ્ધ નાગરિકો સહ સાથે મળીને સરઘસાકારે પ્રાસંગિક સુત્રોચાર કરતા નજીકમાં આવેલી ગુજરાત કોલેજ સુધી પગપાળા ચાલતા પહોંચ્યા અને ત્યાં રચવામાં આવેલી અમર છાત્ર શહીદવીર વિનોદકિનારીવાલા આરસની ખાંભી નજીક જઈને સહ કોઈ એ પુષ્પપાંદડીયો દ્વારા વીરાંજલી કાર્યક્રમ પણ સુસંન્નથયો અને ત્યાં આગળ દેશભક્તિપૂર્ણ સુત્રોચાર અને વન્દેમાતરમ સમૂહગાન સાથે સમારંભ પૂર્ણ થયો.


# પોરબંદર અને ગધેથડમાં પુ.સંતો સાથે લોકસાહીત્યની મોજ



જૂનાગઢ તા.૧૨

તાજેતરમાં શુક્રવારના રોજ સાંદિપની શ્રી હરી મંદિર ખાતે રાષ્ટ્રીય સંત પુ.ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની જૂનાગઢના પત્રકાર વિનુભાઈ જોષી અને મેંદરડા ખાખી મઢી રામજી મંદિરના મહંત પુ.સુખરામદાસબાપુ, લોક સાહિત્યકાર શિવરાજભાઈ વાળા સહિતનાએ મુલાકાત લીધી હતી. દરમ્યાન હરિમંદિર ખાતે સાંજે આરતીનો લાભ લીધો હતો અને પુ.ભાઈશ્રીએ બધાનું ઉપવસ્ત્ર ઓઢાડી પ્રસાદી આપી અને સન્માન કર્યુ હતુ. બાદમાં શ્રી હરિ મંદિરે આરતી બાદ પુ.ભાઈશ્રીનું સાલ ઓઢાડી માળા પહેરાવી સુખરામદાસબાપુએ સન્માન કર્યુ હતુ અને લોકસાહિત્યકાર શિવરાજભાઈ વાળાએ પુ.ભાઈશ્રીને ગિરનારના ઈતિહાસનું લોક સાહિત્ય રજુ કરતા પુ.ભાઈશ્રીએ રાજીપો વ્યકત કર્યો હતો અને બધાએ ત્યાં ભોજન પ્રસાદ લઈ ગધેથડ ગાયત્રી આશ્રમ ખાતે રાત્રે પુ.લાલબાપુની મુલાકાત લઈ દર્શનનો લાભ લીધો હતો ત્યાં પણ શિવરાજભાઈ વાળાએ લોક સાહિત્ય રજુ કરતા પુ.લાલબાપુએ સૌને આશિર્વાદ આપેલ. આ મુલાકાત દરમ્યાન કિશોરભાઈ તથા મૈત્રેય જોષી વગેરે સાથે રહયા હતા.

# શ્રાવણ મહિનાની બીજા સોમવારે શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને શિવજીની પ્રતિકૃતિવાળા વાઘા પહેરાવ્યા અને શિવસ્વરૂપ દર્શનનો શણગાર કરાયો



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૧૨

ભગવાન શિવજીની આરાધનાના પર્વ એવાં પવિત્ર શ્રાવણ મહિનાની શરૂઆતથી જ ઠેર-ઠેર શિવ ભક્તો શિશ ઝૂકાવી શિવજીને પ્રસન્ન કરી રહ્યા છે. ત્યારે વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપલક્ષામાં સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી(અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી શ્રાવણ માસના પવિત્ર બીજા સોમવારે તા.૧૨-૦૮-૨૦૨૪ રોજ શ્રી કષ્ટભંજનદેવને શિવજીસ્વરૂપ પ્રતિકૃતિવાળાનો વિશેષ શણગાર કરાયો છે. આજે સવારે શણગાર આરતી પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)દ્વારા કરવામાં આવી હતી. શ્રાવણ માસ દરમ્યાન શ્રી હનુમાન ચાલીસા પાઠ અનુષ્ઠાન તેમજ દર સોમવારે શ્રી નીલકંઠ મહાદેવ મંદિર ખાતે દરરોજ પવિત્ર બ્રાહ્મણો દ્વારા સંપૂર્ણ શ્રાવણ માસ દરમિયાન શિવપૂજન કરવામાં આવશે. સમય : દરરોજ સવારે ૭ થી ૧૦ વાગ્યે આયોજન કરવામાં આવેલ. હરિપ્રકાશ સ્વામીએ હનુમાનજી મંદિર પરિસરમાં સ્થિત નિલકંઠ મહાદેવ મંદિરમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે હરિપ્રકાશ સ્વામીએ શિવજીની પૂજા કરીને ભક્તો માટે મંગલ કામના કરી હતી. શ્રાવણ મહિનાના સોમવારે-દિવ્ય શણગાર સાથો સાથ આજે શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને દાદાને અન્નકૂટ પણ ધરાવાયો છે. આજે દાદાને કરાયેલાં શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું હતું કે, આજે શ્રાવણ મહિનાના બીજા સોમવાર નિમિત્તે શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને વિશેષ વાઘા અને સિંહાસને શિવ સ્વરૂપ દર્શનનો દિવ્ય શણગાર કરાયો છે. દાદાના વાઘા રાજકોટમાં સાત દિવસની મહેનતે એક ભક્તે તૈયાર કર્યા છે. તો દાદાના સિંહાસને કરાયેલો શણગાર કરતાં ભક્તોને પણ સાત દિવસનો સમય લાગ્યો હતો. જેમાં શિવજી, વાસુકિ નાગ, ડમરૂ, શિવલિંગ અને નંદી ગાયની પ્રતિકૃતિ બનાવી છે. આ શણગાર અહીં કરતાં ૬ સંતો, પાર્ષદ અને ભક્તોને ૪ કલાકનો સમય લાગ્યો હતો. શ્રાવણ માસ દરમ્યાન શ્રીહરિ મંદિર દિવ્ય હિંડોળાના આ અનેરા દર્શનનો લાભ હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન લઈ ધન્યતાનો અનુભવ કરેલ હતો.

# વેરાવળ ફીશરીઝ સાયન્સ કોલજ ખાતે વ્યાખ્યાન યોજાયું



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૨

ડો. નરેન્દ્રકુમાર મીણા, મત્સ્યોધોગ નિયામકના માર્ગદર્શન હેઠળ મત્સ્યોધોગ વિભાગ, ગુજરાત દ્વારા ફીશરીઝ સાયન્સ કોલેજ, વેરાવળ ખાતે ''રાષ્ટ્રીય અવકાશ દિવસ-૨૦૨૪ અંતર્ગત અવકાશ વિજ્ઞાનનો મત્સ્યોધોગ ક્ષેત્ર ઉપયોગ'' ઉપર એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્પેસ એપ્લીકેશન સેન્ટર, ઈસરો અમદાવાદ તરફથી વૈજ્ઞાનિકો અને અધિકારીઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વી. કે. ગોહેલ, નાયબ મત્સ્યોધોગ નિયામક, વેરાવળ, મ.મ.નિ., વેરાવળ, કે. એમ. સીકોતરીયા, મ.મ.નિ. જાફરાબાદ, કુ. એમ. એચ. ઠાકર, મ.મ.નિ., માંગરોળ, કચેરી સ્ટાફ, તેમજ વેરાવળ, પોરબંદર, માંગરોળના બોટ એસોસીયેશનના પ્રમુખ, આગેવાનો તથા માછીમારો, તેમજ સહકારી મંડળીઓ તેમજ સાગરમિત્રો મળી અંદાજિત ૨૧૦થી વધુ લોકો હાજર રહેલ. આ ઉપરાંત ફીશરીઝ સાયન્સ કોલેજ, વેરાવળના પ્રોફેસર, વિદ્યાર્થી તથા કોલેજના સ્ટાફ પણ હાજર રહેલ. આ ઉપરાંત વયલ માધ્યમથી પણ ભારત સરકાર તેમજ ગુજરાત સરકારના ફીશરીઝ વિભાગના અધિકારીઓ પણ જોડાયેલ. ઈસરો અમદાવાદ ખાતેથી સુનીલ કુમાર, વૈજ્ઞાનિક, ઈસરોએ માછીમારોના કલ્યાણ અને સલામતી માટે અવકાશ તકનીકોની વિવિધ એપ્લિકેશનો સમજાવી. જેમા VCS-MCS (Nabhmitra)એ ખુબ જ મહત્વપુર્ણ SATCOM નેટવર્ક પૈકીનું એક છે. જે અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરે છે અને નાની ફીશીંગ બોટમાંથી દ્વિ-માર્ગીય કટોકટી સંદેશાવ્યવહાર માટે ખુબ જ મજબુત સિસ્ટમ પ્રદાન કરે છે. આ નેટવર્ક ઈસરોના શક્તિશાળી GSAT-6 ઉપગ્રહનો ઉપયોગ કરીને ડિઝાઈન કરવામાં આવ્યું છે. હાજર રહેલ માછીમારો, વિદ્યાર્થીઓ અને અધિકારીઓ સમક્ષ આ એપ્લીકેશનનું એક લાઈવ ડેમોસ્ટ્રેશન પણ ગોઠવવામાં આવ્યું હતું. નાભમિત્ર મોબાઈલ એપ્લીકેશન ઈસરો દ્વારા ડિઝાઈન કરેલ ટ્રાન્સપોન્ડર સાથે જોડાય છે. જે બોટ ઉપર લગાવવામાં આવશે, જેનાથી બોટને આગ, બોટ ડૂબવુ તથા તબીબી સહાય વગેરે જેવી કટોકટીમાં સંદેશો મોકલવામાં સક્ષમ છે. આ ટ્રાન્સપોન્ડર અને એપ્લીકેશનનો ઉપયોગ કરીને દ્વિ-માર્ગીય સંદેશો પણ મોકલી શકાય છે. ચક્રવાત અથવા ખરાબ હવામાનના કિસ્સામાં ભારતીય માછીમારો માછીમારી કરવા ન જાય તે માટે સિસ્ટમ ચેતવણી આપે છે. તેમજ ભારતીય માછીમાર IMBL ક્રોસ ન કરે માટે તેને આ સિસ્ટમ દ્વાર એલર્ટ પણ આપવામાં આવે છે. ટ્રાન્સપોન્ડરમાં ઈનબિલ્ટ રીચાર્જેબલ બેટરી છે. જે કોઈપણ બાહ્ય ચાર્જ વગર ૨૪ કલાક સુધી સપોર્ટ કરી શકે છે. ઈસરોના અધિકારી રણજિત પીઠાવાએ ટર્મિનલ અને મોબાઈલ એપ્લીકેશનની કામગીરી અને સંચાલનનું પ્રદર્શન કર્યુ અને નેટવર્કમાં લાઈવ સિસ્ટમની ઈમરજન્સી કોમ્યુનિકેશન અને અન્ય સુવિધાઓનુંનિદર્શન કર્યુહતું.

# શ્રાવણે શિવ ભકિત મહિમા : દ્વારકા ખાતે હિન્દુ-મુસ્લીમ કોમી એકતાના પ્રતિકસમાન પૌરાણિક એકાદશ મહારૂદ્ર મહાદેવ



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૨

દ્વારકા ખાતે રૂપેણબંદર પાસે પૌરાણિક એકાદશ મહારૂદ્ર મહાદેવનું મંદિર આવેલું છે. પ્રાચીન સમયમાં મંદિરની પાસેથી જ ભાગીરથી ગંગાનો પ્રવાહ વહેતો હતો. પરંતુ સમય જતા સમુદ્રનું પાણી આ મંદિરની આસપાસ છવાઈ ગયેલ. ઈતિહાસ અને પુરાણોના આધાર પરથી આ મંદિર મહાભારત પહેલાના સમયથી હોય તેવું માલુમ પડે છે. આની વિશેષ પ્રતિતિ આજે પણ આ મંદિર એટલે કે એકાદશ લિંગ સન્મુખ જોઈ પૂર્વાભિમુખ દ્રષ્ટિ કરતા મહાશકિત શ્રી જગદંબા રૂક્ષ્મણીજીના દર્શન થઈ શકે છે. આ શિવ અને શકિતનો સમન્વય છે. વૈજ્ઞાનિક અને બૌધ્ધિક દ્રષ્ટિએ આ મંદિર આજકાલનું નહી પણ વેદ અને પૌરાણિક કાળનું હોય તેવું માનવું ઘટે છે. આ એકાદશ મહારૂદ્રમહાદેવ કુદરતી રીતે એક જ પથ્થરમાંથી એકાદશ લિંગ થયેલ છે. મંદિરના ગર્ભગૃહમાં મુખ્ય લિંગની આસપાસ દસ નાના-નાના શિવલિંગો છવાયેલા છે. એકાદશ લિંગના કારણે દ્વારકા પંથકના અન્ય શિવ મંદિરો કરતા આ મંદિર જુદુ તરી આવે છે. આજે પણ દર અમાસ અને પૂર્ણિમાએ સમુદ્રની અવિરત ધારા અવિરતપણે અભિષેક કરી રહી છે, જે આજે પણ આપણને સન્મુખ જોતા પ્રતિતિ થાય છે. આ ભગવાનનું મંદિર ભેખડ જેવા પથ્થરમાંથી થયેલ છે અને તેને કોઈપણ જાતનો આધાર નથી. જેની ઉપરથી અનેક વા-વંટોળ અને તોફાનો વહી ગયા છે છતાં આજે પણ આ પૌરાણિક મંદિરના દર્શન થતા રહે છે. તે શંકર ભગવાનને આપણા કોટિ કોટિ વંદન.

શાસ્ત્રીક આધાર મુજબ પાંડવો કુરૂક્ષેત્રની લડાઈ બાદ આ પવિત્ર મંદિરના દર્શન કરવા આવેલા તેનો ઉલ્લેખ મહાભારતમાં છે. દર શ્રાવણ વદ અમાસના દિવસે અહિંયા સ્વયંભૂ લોકમેળો થાય છે અનેઅબાલ-વૃધ્ધો આ મંદિરમાં શ્રી શંકર ભગવાનના દર્શન કરી સર્વે તાપ-પરિતાપ અને પાપને નાશ કરી આનંદિત બન્યાનો અનુભવ કરે છે. શિવભકતોની આસ્થાનું પ્રતિક ગણાતા એકાદશ મહારૂદ્ર મહાદેવના મંદિરમાં હિન્દુઓ તેમજ મુસ્લીમો પણ લિંગની પૂજા કરે છે. આ મંદિર મુસ્લીમો પૂજા કરતા હોવાને કારણે ઈશ્વર એક જ છે તેવી પ્રતિતિ થાય છે તેમજ હિન્દુ-મુસ્લીમ કોમી એકતાના દર્શન થાય છે.

# પ્રાચી તીર્થના પત્રકાર અને મીડિયા રિપોર્ટર શૈલેષભાઈ વાળાનો આજે જન્મદિવસ



(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૧૨

પ્રાચી તીર્થના યુવા પત્રકાર અને સુત્રાપાડા- ગીર સોમનાથના મીડિયા રિપોર્ટર શૈલેષભાઈ વાળાનો આજે જન્મદિવસ છે. શૈલેષભાઈ વાળા જેવો છેલ્લા કેટલા સમયથી પ્રિન્ટ એન્ડ મીડિયા રિપોર્ટર તરીકે કામ કરી રહ્યા છે. કાંતિકારી વિચારધારા અને હર હંમેશા સત્યની પડખે નિડરતા પૂર્વક લોકો માટે તમામ વર્ગ માટે કંઈક કરી છૂટવાની વિચાર શક્તિ ધરાવતા પ્રિન્ટ એન્ડ મીડિયા રિપોર્ટરના પ્રેરણાપાત્ર કાર્યકર્તા વ્યક્તિ શૈલેષભાઈ વાળા એ પત્રકાર તત્વના માધ્યમથી સમાજની અનેક સમસ્યાઓને વાચા આપી ઉકેલ સુધી લઈ જનાર નીડર લીડર અને તટસ્થ વ્યક્તિ તરીકેની છાપ ઉપજાવી છે. શૈલેષભાઈ વાળાએ પત્રકાર જગતમાં પોતાની અમૂલ્ય સેવાથી પ્રાચી ઉપરાંત સુત્રાપાડા તાલુકા અને ગીર સોમનાથ જિલ્લામાં વિકાસમાં મહત્વનો ફાળો આપ્યો છે. પત્રકારત્વની સાથે અનેક સામાજિક કાર્યમાં પણ તેમનું અનેરૂપ પ્રદાન રહ્યું છે. આમ પત્રકારીત્વ ક્ષેત્રે નામ ધરાવતા શૈલેષભાઈ વાળા આજે તેમના જન્મદિવસ નિમિત્તે વૃક્ષારોપણ કરી પર્યાવરણને સંદેશો પાઠવશે તેમના જન્મદિવસ નિમિત્તે તેમના મોબાઈલ નંબર ૯૫૮૬૮૨૦૫૧૬ ઉપર શુભેચ્છાઓ, અભિનંદનની વર્ષા થઈ રહ્યો છે.

# જન્માષ્ટમી ઉત્સવના સુચારૂ આયોજન અંગે બેટ દ્વારકા ખાતે બેઠક યોજતા જિલ્લા કલેકટર જી.ટી.પંડ્યા



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૨

આગામી તા.૨૬ ઓગસ્ટના રોજ દ્વારકા ખાતે જન્માષ્ટમી ઉત્સવની ઉજવણી કરવામાં આવનાર છે. જેના સુચારૂ આયોજન અંગે જિલ્લા કલેકટર જી.ટી.પંડ્યાની અધ્યક્ષતામાં બેટ દ્વારકા મંદિર ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે જિલ્લા કલેકટર જી.ટી.પંડ્યાએ જણાવ્યું હતું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ દ્વારકામાં જન્માષ્ટમી ઉત્સવ ઉજવણી કરાશે. ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવ પ્રસંગે બહોળી સંખ્યામાં ભકતો દર્શનાર્થે આવતા હોય ત્યારે સુદર્શન સેતુ નિર્માણ પરિણામે બેટ દ્વારકામાં દર્શનાર્થીઓ દર્શન કરવા આવશે. જેને પગલે નાગરિકોને કોઈ અગવડતા ન પડે તેમજ ટ્રાફિક સમસ્યાના સર્જાય તેમજ નાગરિકોનું આરોગ્ય ન જોખમાઈ તથા સ્વચ્છતા જળવાઈ રહે તે માટે જરૂરી સૂચનો આપ્યા હતા. આ તકે બેઠકમાં જિલ્લા કલેકટર જી.ટી.પંડ્યા,પોલીસ અધિક્ષક નિતેશ પાંડેય, દ્વારકા પ્રાંત અધિકારી એચ.બી.ભગોરા, નાયબ પોલીસ અધિક્ષક સાગર રાઠોડ, ઓખા નગરપાલિકા પ્રમુખ રાજુભાઈ કોટક, તાલુકા વિકાસ અધિકારી મકવાણા, અગ્રણી મોહન બારાઈ સહિત મંદિર ટ્રસ્ટના હોદેદારો ઊપસ્થિત રહ્યા હતા.

# દ્વારકાના સ્વતંત્ર સેનાનીના ધર્મપત્નીનું ૯૨ વર્ષીય નિધન થયું

## સરકારી તંત્ર પોલીસે આપી સલામી ત્યારબાદ અગ્ની સંસ્કાર દેવાયા



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૨

દ્વારકામાં રહેતા અને મૂળ જામગઢ નિવાસી અને હાલ સ્વતંત્ર સેનાની સ્વ. રમણલાલ વાયડાના ધર્મ પત્ની મનોરમાબેન રમણલાલ વાયડા(ઉ.વ.૯૨) વર્ષ નિધન થયું છે. દ્વારકા પોલીસ દ્વારકાના વૈકુંઠ ધામ સ્મશાણે પહોચી મનોરમાબેનને સલામી આપી હતી. ત્યારબાદ પરિવારે અગ્નીસંસ્કાર આપ્યા હતા. મનોરમાંબેન હાલ દ્વારકામાં રહી સ્વતંત્ર સેનાનીનું પેન્શન મેળવતા હતા અને ૧૯૬૪થી ૧૯૬૯ સુધી જામનગર જિલ્લામાં ગઢકા ગ્રામ પંચાયતના પ્રથમ મહિલા સરપંચ પદે રહેલા હતા. મનોરમાબેન તે નિવૃત્ત તલાટી નરેન્દ્રભાઈ વાયડા, ગઢકાના નિવૃત્ત બીપીએમ અને પત્રકાર યોગેન્દ્રભાઈ વાયડા, નિવૃત્ત પોસ્ટમેન વસંત વાયડા, નિરંજન વાયડા, નિવૃત્ત આર્મી મેન પ્રદીપભાઈ વાયડા તથા પ્રકાશ વાયડા, જશવંતભાઈ વાયડા, એડવોકેટ નોટરી અશોક વાયડા તથા બાલ શિક્ષિકા દિવ્યાબેન દવે નિવૃત્ત FHW યજ્ઞબાળાબેન પાઢના માતુ થાય છે. તેમની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો તેમજ દ્વારકાના લોકો જોડાયા હતા. તેમની સાદડી તારીખ ૧૨-૮-૨૦૨૪ને સોમવારે સાંજે ૫:૦૦ વાગ્યે જ્ઞાતિની બ્રહ્મપુરી ખાતે રાખેલ છે.

# જૂનાગઢમાં અકસ્માતે ઈજા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૨

ગણેશનગર જોષીપરા ખાતે રહેતા હાર્દિક પરબતભાઈ બંધીયા (ઉ.વ. ૨૦) નંદનવન રોડ પર ઝુલેલાલ બેકરી પાસે પોતાની મોટર સાયકલ લઈને જતા હતા ત્યારે મોટર સાયકલ નં. જીજે-૧૧-સીજે ૭૨૮૩નાં ચાલકે હાર્દિકની મોટર સાયકલ સાથે અથડાવતા ઈજા થયાની બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે.

# બાંટવાના પાદરડી ગામેથી જાહેરમાં જુગાર રમતા ૮ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

બાંટવા તા.૧૨

બાંટવાના પાદરડી ગામેથી ૮ને જાહેરમાં જુગાર રમતા બાંટવા પોલીસે ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બાંટવા પોલીસે પાદરડી ગામેથી જાહેરમાં જુગાર રમતા રાજેશ ઉર્ફે રાજલો કારાભાઈ કેશવાળા, લલીતભાઈ ઉકાભાઈ દેગડા, મહીયત ઉર્ફે માહીર નગીનભાઈ ઢાકેચા, વિપુલ કાંધાભાઈ વાઢીયા, કમલેશભાઈ અમૃતભાઈ સાગઠીયા, ખીમાભાઈ પુનાભાઈ માવદીયા, કાળુભાઈ જાદવભાઈ માવદીયા, નગાજણભાઈ ઉકાભાઈ કેશવાલાને ૧૧૨૬૦ રોકડ, ૩ મોબાઈલ, એક મોટર સાયકલ સહિત કુલ રૂા.૨૪,૨૬૫ના મુદ્દામાલ સાથે ઝડપી બાંટવા પોલીસ મથકે જુગારધારા ૧૨ મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી કરી છે.

બાંટવામાંથી ઘોડીપાસાનો જુગાર રમતા ૪ ઝડપાયા : ૧ નાસી ગયો

બાંટવા પોલીસે તળાવ ગલી નં.૭માંથી ઘોડીપાસાનો જુગાર રમતા મનીષભાઈ દિલીપભાઈ તન્ના, દિવ્યેશભાઈ હરીભાઈ લુકા, ટેકચંદ અશોકભાઈ લાખાણી, જયેશભાઈ ચુનીભાઈ ધારેકને ૧૦૧૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે જયારે સરમણભાઈ રાજાભાઈ મેર નાસી જતા પોલીસે પાંચેય આરોપીઓ વિરૂધ્ધ બાંટવા પોલીસ મથકે જુગારધારા ૧૨ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ 'વર્લ્ડ લાયન ડે'ના રોજ ગીરની સિંહણ ઉપર સૌપ્રથમ વિડિયો ગીત રિલિઝ કરી વડાપ્રધાનને સમર્પિત કર્યું

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૨

વન્યજીવ પ્રેમી અને સંરક્ષક, રાજ્યસભાના સાંસદ તેમજ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ ખાતેના કોર્પોરેટ અફેર્સના ડાયરેક્ટર પરિમલભાઈ નથવાણીએ વિશ્વ સિંહ દિવસ (વર્લ્ડ લાયન ડે) ૨૦૨૪ના અવસરે 'ગીર ગજવતી આવી સિંહણ' શિર્ષક ધરાવતું એક અનોખું ઓડિયો વિડિયો ગીત રિલિઝ કર્યું છે. આ ગીત તેમણે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને સમર્પિત કર્યું છે. લોકસંગીત શૈલીમાં લેખન અને સંગીતબધ્ધ કરાયેલા આ ગીતમાં ગીરની ગૌરવવંતી સિંહણ, તેની લાક્ષણિકતાઓ તથા અનેરી આભાની વાત કરાઈ છે. આ ગીતમાં સૌરાષ્ટ્રના ગીરની લોકસંસ્કૃતિની અભિવ્યક્તિની સાથે-સાથે છંદો અને અલંકારયુક્ત પ્રાદેશિક સાંસ્કૃતિક વારસાની છાંટ જોવા મળે છે. તેની શરૂઆત દુહા વડે થાય છે અને સમાપન ચારચરી (ઝડપી સ્વરમાં ગવાતી ચોપાઈ)થી થાય છે.




આદિત્ય ગઢવીએ આ ગીતને પોતાનો મખમલી કંઠ આપ્યો છે, જ્યારે કેદાર અને ભાર્ગવે આપેલા સંગીતમાં પરંપરા અને ફ્યુઝનનું અનોખું મિશ્રણ કરવામાં આવ્યું છે, તેમજ આ ગીતના શબ્દો પ્રસિધ્ધ અને યુવા ગીતકાર પાર્થ તારપરાના છે. "ગીર ગજવતી આવી સિંહણ એ ફક્ત ગીત નથી, પરંતુ ગીરની ગૌરવવંતી સિંહણની પ્રશસ્તિ અને આપણી સમૃદ્ધ સાંસ્કૃતિક ધરોહરની ઉજવણી છે. રાજવી ઠાઠ ધરાવતા ગીરના એશિયાટીક સિંહો વિશે તો અત્યાર સુધીમાં ઘણાં ગીતો લખાઈ ચૂક્યા છે, પરંતુ ગીરની એટલી જ ગૌરવવંતી સિંહણ પર કદાચ ઓડિયો વિઝ્યુઅલ રજૂઆત કરવામાં આવી નથી. એશિયાટીક સિંહોના એકમાત્ર નિવાસ એવા ગીરમાં સિંહોના સંવર્ધન માટે અથાગ પ્રયત્નો કરનારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને આ ગીત સમર્પિત કરતા હું અત્યંત ગૌરવ અનુભવી રહ્યો છું. ભારતમાં એશિયાટીક સિંહોની વસતિ ૨૦૧૫માં ૫૨૩ હતી જેમાં ઐતિહાસિક વૃદ્ધિ નોંધાતા તેનો આંક ૨૦૨૧માં વધીને ૬૭૪ થઈ ગયો હતો," તેમ શ્રી નથવાણીએ જણાવ્યું હતું.

પરિમલભાઈ નથવાણીએ સિંહ અંગે બે કોફી ટેબલ બૂક લખી છે અને ગીર અંગેના અસંખ્ય વૈવિધ્યસભર વિડિયો તથા ફોટોગ્રાફ્સ રજૂ કર્યા છે. તાજેતરમાં જ તેમણે કૉલ ઑફ ધ ગીર પુસ્તક રજૂ કર્યું છે, જે માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમના દૂરંદેશીપૂર્ણ પ્રોજેક્ટ લાયન માટે અર્પણ કર્યું છે. આ પુસ્તકમાં વડાપ્રધાનનો સંદેશ પણ છે. આ અગાઉ, ૨૦૧૭માં પરિમલ નથવાણીએ ગીર લાયનઃ પ્રાઈડ ઑફ ગુજરાતનું આલેખન કર્યું હતું, જેમાં ગીરના સિંહોના અદ્ભૂત ફોટોગ્રાફ્સ રજૂ કરવાની સાથે-સાથે તેમના સંવર્ધનની તાતી જરૂરીયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ મોહક સિંહણ ગીત ગીર તેમજ એશિયાટિક લાયન્સ તરફના તેમના ઊંડા લગાવ અને પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર કરે છે. આ ગીતને પરિમલભાઈ નથવાણીની યુટ્યુબ ચેનલ પર રજૂ કરવામાં આવ્યું છે, જેની લિંક https://www.youtube.com/watch?v=zylHftl0rD4 આ ગીતનો ઉપયોગ ક્રેડિટ સાથે કરી શકાશે.

# જૂનાગઢ જીલ્લાના નાગરિકોને હર ઘર તિરંગા અભિયાનમાં સહભાગી થવા આહવાન કરતા જીલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયા

**સ્વાતંત્ર્ય દિન પૂર્વે તા.૧૪ના ઓગસ્ટના રોજ જૂનાગઢમાં યોજાનાર તિરંગા યાત્રામાં સહભાગી થવા જીલ્લા કલેક્ટરની નાગરિકોને અપીલ : મકાન, દુકાન સહિતના સ્થળોએ તિરંગો લહેરાવી રાષ્ટ્રભાવનાને ઉજાગર કરીએ**

જૂનાગઢ તા.૧૨

જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ જૂનાગઢ જિલ્લાના નાગરિકોને રાષ્ટ્રધ્વજને પોતાના મકાન, દુકાન સહિતના સ્થળોએ લહેરાવી હર ઘર તિરંગા અભિયાનમાં સહભાગી બનવા આહવાન કર્યું છે. આ સંદર્ભે કલેક્ટરે જણાવ્યું કે, સમગ્ર દેશમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ હર ઘર તિરંગા અભિયાન શરૂ કર્યું છે, આ સાથે ગુજરાત અને જૂનાગઢમાં જિલ્લામાં આ અભિયાન હેઠળ રાષ્ટ્રભાવનાને ઉજાગર કરતા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જિલ્લાની શાળા,



કોલેજમાં ચિત્ર, નિબંધ સહિતની સ્પર્ધાઓ યોજવામાં આવી રહી છે, એસ.ટી બસ સ્ટેશન સહિતના સ્થળોએથી રાષ્ટ્રધ્વજનું વિતરણ પણ કરવામાં આવી રહ્યું છે.

કલેક્ટરે દેશની આન, બાન અને શાન એવા રાષ્ટ્રધ્વજ ફેહરાવતી વખતે તિરંગાનું માન, સન્માન અને ગરિમા જળવાઈ રહે તેની વિશેષ તકેદારી લેવા પણ અપીલ કરી હતી. જૂનાગઢમાં સ્વાતંત્ર્ય દિન પૂર્વે તા.૧૪ ઓગસ્ટના સાંજે ૫ કલાકે રોજ નાયોજાનાર તિરંગા યાત્રામાં સહભાગી થવા નાગરિકોને અપીલ કરતાં જણાવ્યું કે, બહાઉદ્દીન કોલેજથી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સભા ગૃહ સુધી તિરંગા યાત્રા યોજાશે. જેમાં પોલીસ જવાનો, બાઈક સવાર, બેન્ડ એનસીસી કેડેટ સહિતના લોકો જોડાશે. તેમ જણાવતા કલેક્ટરે જૂનાગઢના નાગરિકોને આ યાત્રામાં જોડાવા માટે આહવાન કર્યું હતું.

# ડૉ. સુભાષ મહિલા આર્ટ્સ, કોમર્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ જૂનાગઢમાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી

જૂનાગઢ, તા.૧૨

૧૦ ઓગસ્ટ ૨૦૧૩થી વિશ્વ સિંહદિવસની ઉજવણી કરવામાં આવે છે. એશિયાઇ સિંહ એ બિલાડી કુળનું સૌથી ઊંચું અને આફ્રિકન સિંહ પછી સૌથી મોટું પ્રાણી છે. વિશ્વમાં માત્ર ગુજરાત રાજયમાં આવેલા સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા ગીર અભયારણ્યમાં જોવા મળતા સિંહનું વૈજ્ઞાનિક નામ પેન્થેરા લીઓ છે.




ડો. સુભાષ મહિલા આર્ટ્સ, કોમર્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ, જૂનાગઢની તમામ છાત્રાઓએ સિંહના મોહરા પહેરી કોલેજ વિસ્તારમાં રેલી કાઢી 'પર્યાવરણ બચાવો સિંહ બચાવો'ના ગગન ભેદી નારાઓ લગાવ્યા હતા. આ રેલીનું પ્રસ્થાન આચાર્ય બલરામ ચાવડાએ કરાવ્યું હતું. આ સવિશેષ દિવસે એન.એસ.એસ. કોર્ડીનેટર બી.એમ.પટેલ અને પ્રાધ્યાપક ચેતનાબેન ચુડાસમાએ વિશ્વ સિંહ દિવસનો મહિમા સમજાવી સિંહ કયા પ્રકારનું પ્રાણી છે, કેવા સ્વભાવનું,કઈ રીતે જીવતું પ્રાણી છે એની રસાળ શૈલીમાં માહિતી પૂરી પાડી હતી. રેલીમાં જોડાનાર તમામ વિધાર્થીનીઓને પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી કે " હું જાણું છું કે એશિયા ખંડના ભારત દેશના ગુજરાત રાજયના સૌરાષ્ટ્ર વિસ્તારમાં કુદરતી રીતે વિહરે છે. આપણા બધાના સહિયારા પ્રયાસોથી સિંહોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થયો છે. આથી ગુજરાતના ગૌરવસમા એશિયાઈ સિંહોના સંરક્ષણ માટે હું ખંતપૂર્વક મારું યથાયોગ્ય યોગદાન આપવાની પ્રતિજ્ઞા લઉં છું. " આ ઉપરાંત વિશ્વ સિંહ દિવસ રેલીમાં ભાગ લેનાર તમામને જંગલ અને પર્યાવરણ અંગે સંદેશ આપવામાં આવ્યો હતો. સોરઠના સિંહો એ માત્ર સોરઠનું જ નહીં પણ એશિયાનું ગૌરવ છે. છતાં સવિશેષ તો ગૌરવ સોરઠવાસી અનુભવે છે. સિંહને સંબોધીને કેટલાક ગીતો કાવ્યો રચાયા છે,જે આપણી પ્રજાને ખમીરવંતી અને ધીરજવાન બનાવે છે. જાણીતા ઈતિહાસવિદ ડો.ખાચરે જણાવ્યું હતું કે આપણા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ રચેલ કાવ્ય ચારણ કન્યામાં ગીરની ચારણ દીકરીની હિંમત અને સિંહના સ્વભાવ અને ખાસિયતો એવી વર્ણવી છે. સિંહ દિવસે આ કવિતા લલકારવાનું સૌનું મન થઈ આવે છે. સિંહનો રાજા મહારાજાઓ એક સમયે ખૂબ શિકાર કરતા તેનાથી ચિંતિત થઈ જૂનાગઢ રાજયએ સિંહને બચાવવાના કાયદાઓ ઘડયા હતા. એમાં સૌથી કડક કાયદો નવાબ મહાબતખાનજી ત્રીજાએ ઘડેલ કે હવેથી મારી સહી વાળી પરવાનગીથી જ સિંહના શિકારની અપવાદરૂપ કિસ્સામાં પરમિશન આપવામાં આવશે. સિંહની પ્રથમ ગણતરી ઈ.સ.૧૮૯૩માં કરવામાં આવી હતી એ પછી કદાચ ગણતરી બંધ રહી હોય તેથી ઈતિહાસમાં તો ઈ.સ.૧૯૩૬માં પ્રથમ ગણતરી કરી હોવાનું બતાવવામાં આવે છે. સિંહનું ગણતરીનું રસપ્રદ કાર્ય હોય છે. આ વિશેષ દિવસની ઉજવણી માટે સંસ્થાના પ્રમુખ જવાહરભાઈ ચાવડાએ સહુને અભિનંદન પાઠવ્યા હતા.

# માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર જૂનાગઢ ખાતે વિશ્વ સિંહ દિવસની ઉજવણી

જૂનાગઢ, તા.૧૨

સિંહ એ જાજરમાન અને હિમંતવાન પ્રાણી છે, તેથી જ તો તેને "The King of Forest" કહેવામાં આવે છે. ગીર અભ્યારણ એ દુર્લભ એવા એશિયાઈ સિંહોનું કુદરતી આશ્રયસ્થાન છે. સરકાર દ્વારા એશિયાઈ સિંહ ઉપરાંત વન્યપ્રાણી તેમજ વન્યસૃષ્ટિના સરંક્ષણ અર્થે ગીર વિસ્તારને "ગીર નેશનલ પાર્ક" અને ગીરનારના પ્રાકૃતિક નિદર્શન અર્થે "ગીરનાર નેચર સફારીપાર્ક" તરીકે વિકસાવવામાં આવેલ છે. વિશ્વભરમાંથી બહોળી સંખ્યામાં એશિયાઈ સિંહોને નિહાળવા માટે ગીર અભ્યારણ્યની મુલાકાતે આવતાં પ્રવાસીઓ માટે સરકારશ્રીએ અનેક પ્રકારની સુંદર વ્યવસ્થાઓ અને સગવડો ઊભી કરી છે. એશિયાઈ સિંહોના કારણે જૂનાગઢ, ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લા સહિત સમગ્ર સૌરાષ્ટ્રના પ્રવાસનક્ષેત્રની સાથે સાથે ધંધા-રોજગારમાં પણ ખૂબ વિકાસ જોવા મળી રહ્યો છે. ભારતના ગૌરવસમા સિંહોની સુરક્ષા અર્થે દ્વર્ય અને સ્થાનિક લોકોના



સંકલનથી સરકાર દ્વારા લેવાયેલ અનેક પગલાઓના પ્રતાપે સિંહોની વસ્તીમાં વધારો થયો છે. શૌર્યના પ્રતિક એવા સિંહોની સુરક્ષા અને સામાન્ય લોકોમાં જાગૃતિ અર્થે દર વર્ષે ૧૦મી ઓગસ્ટને "વિશ્વ સિંહ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે, જે આપણાં સૌના માટે આનંદની બાબત ગણી શકાય.

આ પહેલ અન્વયે માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢ ખાતે તા.૧૦-૦૮-૨૦૨૪ ને શનિવારના રોજ "વિશ્વ સિંહ દિવસ" ની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત સંસ્થાના વહીવટી અધિકારી કે.પી. ગજેરા સાહેબ, શિક્ષણ નિયામક બી.એમ.ડોબરિયા સાહેબ અને શાળાના આચાર્યા જયશ્રીબેન રંગોલિયાના વડપણ હેઠળ સિંહના મ્હોરા, સ્લોગન અને સૂત્રોચ્ચાર સાથે યોજાયેલ વિશાળ રેલી અને શપથવિધિમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ જોડાઈ હતી. આ તકે વિદ્યાગુરુશ્રીઓએ સિંહની મહત્વતા વિશે વકતવ્યો આપ્યાં હતાં, તો વિદ્યાર્થિનીઓ દ્વારા "સાવજડો ગરજે ગિરનારમાં રે.." ગીત રજૂ કર્યુ હતું. આ પ્રેરક ઉજવણી બદલ સંસ્થાના ચેરમેન જે.કે.ઠેસિયા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી સુશ્રી મૃણાલીનીબેન ગોધાણી, કેમ્પસ ડાયરેકટર સી.પી.રાણપરિયા સહિત ટ્રસ્ટીઓ અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતાં.

# સરકારી વિનયન કોલેજ ભેસાણમાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરાઈ

ભેંસાણ, તા.૧૨

સરકારી વિનયન કોલેજ ભેસાણમાં તા.૧૦/૮/૨૦૨૪ના રોજ વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ કોલેજના આચાર્ય ડો. ભરતકુમાર બાભણીયાના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો જેમાં સમાજશાસ્ત્ર વિષયના આ.સી પ્રો ડો સચિન જે પીઠડીયાએ પ્રાસંગીક વ્યાખ્યાન આપ્યું હતું . જેમાં સિંહ દિવસનો ઈતિહાસ, સિંહનું પ્રાકૃતિક રહેઠાણ, ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં સિંહ ,ગીરનું ભૌગોલિક મહત્વ તેમજ સિંહ




વિશેની ગેરમાન્યતાઓ વગેરે વિશે માહિતી આપી હતી. તેમજ સિંહ પ્રજાતીના રક્ષણ માટે કોલેજમાં સિંહ વિશે વિશેષ ડોક્યુમેન્ટરી બતાવવામાં આવી હતી અને સિંહના સંરક્ષણ અને સંવર્ધન માટે કોલેજના ત્રણેય વર્ષના ૧૩૦જેટલા વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રો મળી સિંહ સંરક્ષણ અને સંવર્ધન મહારેલીમાં ભાગ લીધો હતો. તેમજ સિંહના સંરક્ષણ, સંવર્ધન અને જાગૃતિ માટે પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અત્રેની કોલેજના અર્થશાસ્ત્ર વિભાગીય વડા આ.પ્રો. દિલીપ ગજેરા કર્યું હતું. આ તકે કોલેજના આ.સી પ્રો ડો.સરોજબેન નારીગરા, આ.સી પ્રો.ડો.પુરૂષોત્તમ ગુરનાણી, ગ્રંથપાલ નીતિન ગજેરા અને વહીવટી સ્ટાફ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

# દેવભૂમિ જીલ્લામાં સ્વતંત્રતા દિવસની ઉજવણી પૂર્વે હર ઘર તિરંગા અભિયાનનો પ્રારંભ

## શાળાઓમાં નિબંધ લેખન સહિતની સ્પર્ધાઓનું આયોજન થયું



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા. ૧૨

દેવભૂમિ દ્વારકા જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના સંયુક્ત ઉપક્રમે શાળા સંકુલોમાં આગામી ૧૫ મી ઓગસ્ટને સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગરૂપે જિલ્લાના તમામ તાલુકાઓમાં નિબંધ, કાવ્ય અને ક્વિઝ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી શાળા કક્ષાએ પ્રથમ ક્રમ મેળવેલ વિદ્યાર્થીઓને દરેક તાલુકાના શાળા વિકાસ સંકુલ કક્ષા ખાતે નિબંધ લેખન, કાવ્ય લેખન તથા ક્વિઝ સ્પર્ધાનો આયોજન કરાયું હતું. ભાણવડ તાલુકાના બરડા શાળા વિકાસ સંકુલ અને વી.એમ. ઘેલાણી સરકારી હાઈસ્કૂલ ખાતે શનિવારે આ સ્પર્ધાઓનું આયોજન કરાયું હતું. જેમાં તાલુકાની જુદી જુદી ૧૨ જેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ૩૩ જેટલા વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. સ્પર્ધામાં પ્રથમ અને દ્વિતીય નંબર મેળવેલા વિદ્યાર્થીઓની કૃતિ જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે પસંદ કરવામાં આવી છે. ઉપરાંત એસ.વી.એસ. દ્વારા તમામ વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ અને પ્રમાણપત્ર તથા ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન એસ.વી.એસ. કન્વીનર કે.એસ. પાથર તથા મદદનીશ શિક્ષક બી.એસ. મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું.

# ખંભાળિયામાં પોલીસ તંત્ર દ્વારા રાષ્ટ્રધ્વજનું વિતરણ કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૨

આગામી સ્વતંત્રતા પર્વને અનુલક્ષીને ખંભાળિયા પોલીસ તેમજ ટ્રાફિક પોલીસ દ્વારા શનિવારે જુદા જુદા વિસ્તારોમાં લોકોને રાષ્ટ્રધ્વજનું વિતરણ કરવામાં આવ્યું હતું. અહીંના નગર ગેઈટ, ચાર રસ્તા, બસ સ્ટેન્ડ વિગેરે વિસ્તારમાં પોલીસે લોકોને રાષ્ટ્રધ્વજ આપવામાં આવ્યા હતા. જેમાં આન, બાન અને શાન જાળવીને રાષ્ટ્રધ્વજને માનપૂર્વક લહેરાવવા પોલીસ તંત્રએ લોકોને અપીલ કરી હતી.

# દ્વારકામાં જન્માષ્ટમી ઉત્સવના સુચારૂ આયોજન અંગે જીલ્લા કલેકટરની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળીયા, તા.૧૨

દ્વારકા ખાતે આગામી તા. ૨૬ ઓગસ્ટના રોજ જન્માષ્ટમી ઉત્સવની ઉજવણી કરવામાં આવનાર છે. જેના સુચારૂ આયોજન અંગે ખંભાળિયાની કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેકટર જી.ટી. પંડ્યાની અધ્યક્ષતામાં ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા કલેકટર પંડ્યાએ જણાવ્યું હતું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ દ્વારકામાં જન્માષ્ટમી ઉત્સવ ઉજવણી કરાશે. ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવ પ્રસંગે લાખોની સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવતા હોય, ત્યારે યાત્રિકો - નાગરિકોને કોઈ અગવડતા ન પડે તેમજ ટ્રાફિક, વાહન પાર્કિંગ




વ્યવસ્થા, હેલ્પ ડેસ્ક ઉભા કરવા સહિતની બાબતો પર જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી. ધાનાણી, પોલીસ વડા નિતેશ પાંડેય, નિવાસી અધિક કલેકટર ભુપેશ જોટાણીયા, દ્વારકાના પ્રાંત અધિકારી એચ.બી. ભગોરા, ડીવાયએસપી ડો. હાર્દિક પ્રજાપતિ, સાગર રાઠોડ સહિત સંલગ્ન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# બાંગ્લાદેશમાં ચીન-આઈએસઆઈનું ષડયંત્ર સફળ

બાંગ્લાદેશમાં શેખ હસીના સરકારનો તખ્તાપલટ થઈ ગયો અને કેટલાય મામલે દોષી ઠેરવાયા બાદથી પોતાના ઘરમાં નજરકેદ ખાલિદા ઝિયાના છૂટકારાનો આદેશ પણ આવી ગયો. જો તમે બાંગ્લાદેશમાં બનેલી તમામ ઘટનાઓની કડીઓ જોડશો તો જોશો કે આ બધું જ કોઈ નક્કી પટકથાના હિસાબે થયું છે. એટલા માટે શેખ હસીના સરકારનું જવું અને ખાલિદા ઝિયાનું કેદમાંથી બહાર આવવું ભારત માટે ચિંતાજનક સમાચાર છે. પહેલાં જ ડુરાન્ડ લાઈનના નામે મશહૂર ભારત અને અફઘાનિસ્તાન સીમા તથા પાકિસ્તાન અને ચીન સાથે જોડાતી સરહદો પર હાલત તણાવપૂર્ણ બનેલા છે અને હવે બાંગ્લાદેશ સાથે જોડાતી સીમાઓ પર પણ સુરક્ષા હાલત પડકારજનક થઈ ગઈ છે. બાંગ્લાદેશમાં જે ઘટનાક્રમ બન્યો છે જો તેને તમે ભારતના પરિપ્રે-યમાં જોશો તો જોવા મળશે કે આપણને ઘેરવા માટે ચીન અને પાકિસ્તાન જે પ્રયાસ લાંબા અરસાથી કરી રહ્યું હતું તેમાં તે થોડી હદે સફળ થઈ ગયા છે.

અસલમાં વિકસિત ભારતના લ-યને હાંસલ કરવા માટે દિવસ-રાત આકરી મહેનત કરતું અને દુનિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધતું ભારત આપણા દુશ્મનોને કઠી રહ્યું છે. તેથી ભારતમાં અશાંતિ ફેલાવા માટે કેટલાય પ્રયાસ કરવામાં આવે છે. દુશ્મનોને લાગે છે કે ભારતે આતંક અને ઉગ્રવાદ પર કાબૂ મેળવવામાં જે સફળતા મેળવી છે તેને કેવી રીતે નિષ્ફળકરવી. તેના માટે તે તમામ ગતકડાં અપનાવતું રહે છે અને સીધી લડાઈથી બચીને છૂપાહુમલા કરવા માગે છે.

દુશ્મનને જમ્મુ-કાશ્મીરની શાંતિ અને પૂર્વોત્તર ક્ષેત્રની પ્રગતિ ગળે નથી ઉતરતી. દુશ્મનોએ જમ્મુ-કાશ્મીર અને પૂર્વોત્તરમાં આતંક અને ઉગ્રવાદને હવા આપવા માટે તથા ભારતને એ દંશ સામ ઝઝૂમવા માટે જે આકરી મહેનત કરી હતી એના પર પાછલાં દસ વર્ષોમાં પાણી ફરી ગયું હતું. જમ્મુ-કાશ્મીરમાં આતંકી કમાન્ડરો અને અલગતાવાદીઓનો સફાયો થઈ ચૂક્યો છે. પૂર્વોત્તર ક્ષેત્ર પણ અપેક્ષાકૃત શાંત થઈ ગયું છે. ત્યાંના કેટલાય ઉગ્રવાદી સંગઠનો સરકાર સાથે સમજૂતી કરીને મુખ્યધારામાં જોડાઈ ગયા છે. ઉગ્રવાદી અને આતંકી સંગઠનોને મળનારા ટેરર ફંડિંગ પર પણ રોક લાગી ગઈ છે. દેખીતું છે કે આ બધું પાકિસ્તાન અને ચીનને કઠી રહ્યું હતું. ખાસ કરીને શેખ હસીનાના કાર્યકાળમાં જે રીતે બાંગ્લાદેશ સરકાર ભારતને પ્રાથમિકતા આપતી હતી તેનાથી પણ ચીન નાખુશ રહેતું હતું. એવામાં ચીન એ લાગમાં હતું કે કેવી રીતે આ સ્થિતિને બદલવામાં આવે. ચીનને પરેશાન જોઈ પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈએ મદદ માટે પ્રસ્તાવ મૂક્યો અને પછી યોજનાબદ્ધ રીતે ચીજો આગળ વધારવામાં આવી.

કહેવાય છેકે હાલના દિવસોમાં બાંગ્લાદેશના કટ્ટરપંથી સંગઠન જમાત-એ-ઈસ્લામી સાથે જોડાયેલા વિદ્યાર્થી સંગઠન ઈસ્લામી છાત્ર શિબિર (આઈસીએસ)ને પાકિસ્તાનમાં કામ કરી રહેલી કેટલીક ચીની કંપનીઓ તરફથી ફંડિંગ પણ આપવામાં આવ્યું હતું. આ પૈસાનો ઉપયોગ બાંગ્લાદેશ સરકાર વિરુદ્ધ જનભાવનાઓ ભડકાવવા અને છાત્રોનું આંદોલન ઊભું કરવા કરવામાં આવ્યું હતું. કહેવાય છે કે ચીન અને આઈએસઆઈની મિલીભગતથી એ નક્કી કરવામાં આવ્યું હતું કે બાંગ્લાદેશમાં શેખ હસીના સરકારને ગબડાવવા માટે શું-શું કરવાનું છે. ઈસ્લામી છાત્ર શિબિર આઈએસઆઈના બહુ નજીકના મનાતા દેવબંદી આતંકી સમૂહ હરકત-ઉલ-જિહાદ-અલ-ઈસ્લામી (હુજી) સાથે કામ કરી રહ્યું હતું. એમ પણ કહેવાય છે કે ભારતીય ગુપ્તચર એજન્સીઓ લાંબા સમયથી ઈસ્લામી છાત્ર શિબિરની ગતિવિધિઓ પર નજર રાખી રહી હતી, કારણ કે તેમને ખબર પડી હતી કે ભારત વિરોધી એજન્ડા આગળ વધારવાની રણનીતિ બનાવવામાં આવી રહી છે. ઈસ્લામી છાત્ર શિબિરના કેટલાક સદસ્યોને પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં પ્રશિક્ષણ અપાયું હોવાનું પણ ચર્ચાય છે. આ સંબંધે કેટલાક વીડિયો પણ હાલના દિવસોમાં ગુપ્તચર એજન્સીઓ અને સુરક્ષા એજન્સીઓના હાથમાં આવ્યા હતા. આ બધાનો એકમાત્ર ઉદ્દેશ્ય એ જ છે કે બાંગ્લાદેશમાં પણ અફઘાનિસ્તાનના તાલિબાન જેવી સરકાર બનાવી સકાય. આ સંબંધે આઈએસઆઈએ સંપૂર્ણ મદદ અને સમર્થનનો ભરોસો પણ ઈસ્લામી છાત્ર શિબિરને આપ્યો હતો. આ તમામ સમૂહો ઈચ્છતા હતા કે દિવસે દિવસે જે રીતે ભારત અને બાંગ્લાદેશના સંબંધો ગાઢ થતા જાય છે તેને નુક્સાન પહોંચાડી શકાય. ચીન પણ જોઈ રહ્યું હતું કે જે રીતે બાંગ્લાદેશનાં વડાપ્રધાન શેખ હસીના વિભિન્ન મુદ્દે ચીનને પ્રાથમિકતા આપવાને બદલે ભારત સાથે ઊભાં થઈ જાય છે એ સ્થિતિથી ત્યારે જ છૂટકારો મળી શકશે જ્યારે બાંગ્લાદેશમાં પાકિસ્તાન સમર્થિત સરકાર બને.

જ્યાં સુધી બાંગ્લાદેશની મુખ્ય વિપક્ષી પાર્ટી બીએનપીની વાત છે તો તે ક્યારેય ભારત વિરોધી વલણ અપનાવવાનો મોકો નથી ચૂકી. બીએનપીના કાર્યકરોએ ઈસ્લામી છાત્ર શિબિર સાથે મળીને સરકાર વિરોધી આંદોલનને હવા આપી અને આખરે પોતાનું લ-ય હાંસલ કરવામાં સફળ રહ્યા. તે ઉપરાંત બાંગ્લાદેશ સેના જે રીતે કટ્ટરપંથીઓ આગળ ઘૂંટણિયે પડી ગઈ અને દેશને અરાજકતાવાદીઓના હાથમાં જતાં જોઈ રહી, તેનાથી ભારતની ચિંતા વધવી સ્વાભાવિક છે.

હવે ભારતે બાંગ્લાદેશમાં હિંદુઓ અને હિંદુ મંદિરો પર વધતા હુમલાને રોકવાની દિશામાં ડગલાં ભરવા ઉપરાંત પૂર્વોત્તર ક્ષેત્ર પર વિશેષ નજર રાખવી પડશે. ત્યાં કોઈપણ રાજ્યમાં સરકાર વિરોધી આંદોલનને જો હવા આપવામાં આવે છે તો તેને તાત્કાલિક ડામવું પડશે. અસલમાં પૂર્વોત્તર ક્ષેત્રમાં ભારતે શાંતિ સ્થાપિત કરવા માટે જે મહેનત કરી છે તેને બાધિત કરવા માટે ઉગ્રવાદી સંગઠન અને કટ્ટરપંથી એડી-ચોટીનું જોર લગાવશે, એટલે બહુ સતર્ક રહેવું પડશે. સાથે જ છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતે બાંગ્લાદેશથી થનારી ઘૂસણખોરી, નશીલી દવાઓ અને માનવ તસ્કરી પર લગામ લગાવવા અને નકલી ચલણ સંબંધિત મુદ્દાના સમાધાનની દિશામાં જે સફળતા પ્રાપ્ત કરી છે, તેને પણ નિષ્ફળ કરવાના પ્રયાસ કરવામાં આવશે. એટલા માટે સાવધાન રહેવાની જરૂર છે.

## પ્રધાનમંત્રી આવાસ યોજના ૨.૦ને લીલીઝંડી

# ઘર માટે ફરી શરૂ થઈ ૨.૬૭ લાખ જેવી સબસીડી


### આ યોજના થકી દેશના સેકડો ગરીબ અને મધ્યમ વર્ગના લોકોનું ઘરના ઘરનું સપનું થશે સાકાર સરકા ગરીબ અને મધ્યમ વર્ગને પરવડે તેવા સેકડો મકાનો બનાવશે

અમદાવાદ, તા.૧૨

PM મોદીની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠકમાં આ યોજનાને મંજૂરી આપી દેવામાં આવી છે. આ યોજના થકી દેશના સેકડો ગરીબ અને મધ્યમ વર્ગના લોકોનું ઘરના ઘરનું સપનું થશે સાકાર હાલ દિવસેને દિવસે મોંઘવારી વધી રહી છે. એમાંય મકાનોના ભાવ તો હાલ આકાશને આંબી રહ્યાં છે. ત્યારે ગરીબ અને સામાન્ય માણસો માટે ઘરનું ઘર લેવું એક સપના સમાન બની ગયું છે. આવી સ્થિતિમાં મોદી સરકારે દેશના સેકડો ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારોને આપી છે સૌથી મોટી ભેટ. પીએમ મોદીએ હાલમાંજ સામાન્ય માણસોને પોતાના સપનાનું ઘર મળી રહે તે માટે એક મહત્ત્વની યોજના અમલી કરી છે. જેમાં મકાન લેવા સરકાર આપશે પૈસા! શું છે નિયમો જાણો કોને મળશે યોજનાનો લાભ. PM મોદીની અધ્યક્ષતામાં શુક્રવારે કેબિનેટની બેઠકમાં આ યોજનાને મંજૂરી આપી દેવામાં આવી છે. આ યોજના થકી દેશના સેકડો ગરીબ અને મધ્યમ વર્ગના લોકોનું ઘરના ઘરનું સપનું થશે સાકાર સરકા ગરીબ અને મધ્યમ વર્ગને પરવડે તેવા સેકડો મકાનો બનાવશે. આ ઉપરાંત મકાન લેવા માટે સરકાર સામેથી આપશે પૈસા. જાણીને નવાઈ લાગશે પણ અગાઉની ૨.૬૭ લાખની સબસીડી જેવી જ જબરદસ્ત યોજના સરકારે ફરી શરૂ કરી છે. કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી ૨.૦ યોજનાને મંજૂરી આપી છે. આ યોજના હેઠળ કેન્દ્ર સરકાર શહેરી ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે એક કરોડ પરવડે તેવા મકાનો બનાવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠકમાં શુક્રવારે આ યોજનાને મંજૂરી આપવામાં આવી હતી. સરકાર આ યોજના પર ૨.૩૦ લાખ કરોડ રૂપિયાની સબસિડી આપશે. આ યોજના હેઠળ સરકાર શહેરી વિસ્તારોમાં મકાનો બનાવવા માટે આર્થિક મદદ કરશે. પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરીના પ્રથમ તબક્કામાં ૧.૧૮ કરોડ મકાનો બનાવવાની મંજૂરી આપવામાં આવી હતી. તેમાંથી ૮૫.૫ લાખ મકાનો બનાવવામાં આવ્યા છે. આ સિવાય સરકાર હવે ક્રેડિટ રિસ્ક ગેરંટી ફંડ ટ્રસ્ટમાં ૩૦૦૦ કરોડ રૂપિયા આપશે. પહેલા આ આંકડો ૧૦૦૦ કરોડ રૂપિયા હતો. આ હેઠળ, બેંકો અને હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓને મદદ કરવામાં આવે છે જેથી તેઓ આર્થિક રીતે નબળા લોકો માટે મકાનોના નિર્માણ માટે નાણાં પૂરા પાડી શકે. આ ફંડ હવે નેશનલ હાઉસિંગ બેંકને બદલે નેશનલ ક્રેડિટ ગેરંટી કંપની દ્વારા સંચાલિત કરવામાં આવશે. ઈડબલ્યુએસ/એલઆઈજી/મિડલ ઈક્રમ ગ્રૂપ (એમઆઈજી) સેગમેન્ટનાં કુટુંબો કે જેમની પાસે દેશમાં ક્યાંય પણ પાકું મકાન નથી, તેઓ પીએમએવાય-યુ ૨.૦ હેઠળ મકાન ખરીદવા કે બાંધવાને પાત્ર છે. ૧) ઈડબલ્યુએસ કુટુંબો ૩ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા કુટુંબો છે. ૨) એલઆઈજી (LIG) કુટુંબો એવાં કુટુંબો છે જેમની વાર્ષિક આવક ૩ લાખથી લઈને ૬ લાખ સુધીની હોય છે. ૩) એમઆઈજી કુટુંબો એવા કુટુંબો છે જેમની વાર્ષિક આવક ૬ લાખથી લઈને ૯ લાખ સુધીની હોય છે. જે લોકો પાસે હજુ સુધી કાયમી મકાન નથી તેઓ આ યોજનાના દાયરામાં આવશે. ૩ લાખ રૂપિયા સુધીની વાર્ષિક આવક ધરાવનારને EWS કેટેગરીમાં, ૩ થી ૬ લાખ રૂપિયાની વાર્ષિક આવક ધરાવનારન LIG કેટેગરીમાં અને ૬ થી ૯ લાખ રૂપિયાની વાર્ષિક આવક ધરાવનારને MIG કેટેગરીમાં ગણવામાં આવશે. જો તમારી પાસે યોજના હેઠળ જમીન નથી, તો રાજ્ય સરકાર અથવા કેન્દ્રશાસિત પ્રદેશ દ્વારા તમને એક પ્લોટ પણ આપવામાં આવશે. આ સિવાય ખાનગી પ્રોજેક્ટમાં ઘર ખરીદનારા લોકોને હાઉસિંગ વાઉચર આપવામાં આવશે. આ વખતે રેન્ટલ હાઉસિંગનો પણ સ્કીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આમાં, જો તમે ઘર ખરીદવા અથવા બનાવવા માંગતા નથી, તો તેને ભાડા પર લેવાનો વિકલ્પ પણ હશે. EWS, LIG અને MIG ને આ યોજનાનો લાભ મળશે. આ ઉપરાંત, યોજના હેઠળ, EWS, LIG અને MIG કેટેગરીમાં આવતા લોકોને ૩૫ લાખ રૂપિયા સુધીના મકાનો માટે ૨૫ લાખ રૂપિયા સુધીની હોમ લોન લેવા પર વ્યાજ સબસિડી આપવામાં આવશે. આ યોજનામાં ૫ વર્ષ માટે હપ્તામાં ૧.૮૦ લાખ રૂપિયાની સબસિડી આપવામાં આવશે. આઈએસએસ સિવાય વિવિધ વર્ટિકલ્સ હેઠળ મકાન નિર્માણનો ખર્ચ મંત્રાલય, રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ/યુએલબી વચ્ચે વહેંચવામાં આવશે અને ઓળખ પાત્રતા ધરાવતા લાભાર્થીઓને વહેંચવામાં આવશે. પીએમએવાય-યુ ૨.૦ હેઠળ એ એ ચ પી / બી એ લ સી વર્ટિકલ્સમાં સરકારી સહાય યુનિટ દીઠ ૨.૫૦ લાખ રહેશે. આ યોજના હેઠળ રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશોનો હિસ્સો ફરજિયાત રહેશે. વિધાનસભા વિનાના કેન્દ્રશાસિત પ્રદેશો માટે, કેન્દ્રઃ રાજ્યની વહેંચણીની પેટર્ન ૧૦૦:૦, કેન્દ્રશાસિત પ્રદેશો માટે વિધાનસભા (દિલ્હી, જમ્મુ અને કાશ્મીર અને પુડુચેરી), ઉત્તર-પૂર્વના રાજ્યો અને હિમાલયના રાજ્યો (હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ) માટે વહેંચણી પેટર્ન ૯૦:૧૦ અને અન્ય રાજ્યો માટે ૬૦:૪૦ હશે. મકાનોની પરવડે તેવી ક્ષમતા સુધારવા માટે રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો અને યુએલબી લાભાર્થીઓને વધારાની સહાય આપી શકે છે. આઈએસએસ વર્ટિકલ હેઠળ, પાત્ર લાભાર્થીઓને રૂ. ૧.૮૦ લાખ સુધીની કેન્દ્રીય સહાય ૫-વાર્ષિક હપ્તામાં આપવામાં આવશે.

## ૨૦ કરોડના ખર્ચે અહીં ૨ લિફ્ટ બનાવવામાં આવી રહી છે

# પાવાગઢમાં દિવ્યાંગો અને અશક્તો માટે સીધા મંદિર સુધી પહોંચાડતી લિફ્ટ બનશે



### પાવાગઢ ડુંગર ઉપર આવેલા છાસીયા તળાવથી આ લિફ્ટ દ્વારા સીધા મંદિર પરિસરમાં પહોંચી શકાશે

પંચમહાલ, તા.૧૨

પંચમહાલમાં આવેલા પ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે દર્શનાર્થે આવતા યાત્રિકો પૈકી દિવ્યાંગ તેમજ સિનિયર સીટીઝન યાત્રિકોની સુવિધા માટે લિફ્ટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. પાવાગઢ ડુંગર ઉપર આવેલા છાસીયા તળાવથી આ લિફ્ટ દ્વારા સીધા મંદિર પરિસરમાં પહોંચી શકાશે. છેલ્લા દોઢ વર્ષથી બની રહેલી આ લિફ્ટનું કામ લગભગ પૂર્ણ થવાને આરે છે. રૂપિયા ૨૦ કરોડના ખર્ચે અહીં ૨ લિફ્ટ બનાવવામાં આવી રહી છે. જેમાં એક લિફ્ટમાં એક સાથે ૨૦ લોકો સમાઈ શકશે. પાવાગઢ ડુંગર ઉપર માંચીથી રોપવે દ્વારા છાસીયા તળાવ સુધી પહોંચી શકાય છે. તે બાદ હાલમાં મંદિર સુધી પહોંચવા માટે બીજા ૪૫૦ પગથિયાં ચઢવા પડતા હોય છે. જે માટે દિવ્યાંગ અને શારીરિક રીતે અશક્ત દર્શનાર્થીઓ માટે મુશ્કેલ બનતું હોય છે.

આવા શ્રદ્ધાળુઓ પણ માતાજીના દર્શનનો લ્હાવો લઈ શકે તે માટે હાઈસ્પીડ લિફ્ટ બનાવવામાં આવી રહી છે. જેથી રોપવેમાંથી ઉતર્યા બાદ સીધા મંદિર પરિસર સુધી લિફ્ટ દ્વારા પહોંચી શકાશે. આ લિફ્ટ માટે જરૂરી ઢાંચો બનીને તૈયાર થઈ ચુક્યો છે. કુલ ૭૦ મીટર ઊંચાઈ ધરવતા આ માળખામાં બે હાઈસ્પીડ લિફ્ટ મુકવામાં આવશે, જે બાદ ૪૫૦ પગથિયાં ચઢી ન શકે તેવા ખાસ કરીને દિવ્યાંગ અને સિનિયર સિટિઝન વ્યક્તિઓને રાહત મળશે. આ લિફ્ટની બનાવવાનું કામ ખાનગી એજન્સીને સોંપવામાં આવ્યું છે. જે આગામી છ માસમાં લિફ્ટ શરુ કરવાની યોજના સાથે અહીં કામ કરી રહી હોવાનું જોવા મળે છે.

# વિરામ બાદ ગુજરાતમાં ફરી મેઘરાજાએ ધમાકેદાર કરી એન્ટ્રી

અમદાવદ તા.૧૨

ભાવનગરમાં વિરામ બાદ મહુવામાં ફરી મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી છે. સવારથી વાદળછાયા વાતાવરણ વચ્ચે મેઘ મહેર થઈ છે. અનેક વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડ્યાં છે. ૫ દિવસના વિરામ બાદ ફરી ઝરમર વરસાદ થતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. જો કે વિરામ બાદ ખેતીલાયક વરસાદ થતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલની આગાહી અનુસાર ગુજરાતમાં વરસાદનું જોર વધે તેવી શક્યતા છે. ૧૫ ઓગસ્ટ બાદ બંગાળની ખાડીમાં સિસ્ટમ બનશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

અસત્ય બોલનાર વ્યક્તિથી લોકો જેમ સાપથી ડરે તેમ ડરે છે. - અજ્ઞાત

**: આજનું પંચાંગ :**

વક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૩, મુ. સફર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, શ્રાવણ સુદ-૭ શિવ પૂજન, શિવ મુષ્ટી (તલ) તા.૧૨ ઓગષ્ટ ૨૦૨૪, સોમવાર, પારસી તા.ગાથા-૩ (ગહમ્બર), મુસ્લિમ તા.૭, સ્વાતિ નક્ષત્ર, શુક્લ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૨૭, સૂ.અ.૭:૨૫
આજનો દિવસ સવારે ૮:૩૨ ક.થી શુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત), પરોઢે ૪:૧૪ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા. ૧૨-૦૮-૨૦૨૪ થી ૧૮-૦૮-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

કૌટુંબિક વાતાવરણ મિશ્ર ફળદાયી નીવડે. વડીલ વર્ગ સાથે વૈચારીક મતભેદ સર્જાતા માનસિક તનાવ અનુભવાય. નોકરીયાત વર્ગ માટે આ સપ્તાહ લાભદાયી નીવડે. તમારી મુખ્ય સમસ્યાનો ઉકેલ આવે. કર્ટ-કચેરીને લગતા કાર્યો વિલંબમાં પડે. ધંધાકીય ક્ષેત્રે મધ્યમ ફળ પ્રાપ્ત થાય. આ સમયમાં કાર્યબોજ વિશેષ રહે સાથે-સાથે તેનું યોગ્ય ફળ પણ મળે. આ સપ્તાહમાં કોઈ વિવાદમાં ન ઉતરવું કે કોઈ ઉતાવળીયા નિર્ણયો ન લેવા.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

કૌટુંબિક ક્ષેત્રને લગતા કાર્યમાં સફળતા મેળવી શકશો. ધંધાકીય રૂકાવટો હલ કરી શકશો. નાણાંકીય લેવડ-દેવડમાં પણ તકેદારી રાખવી હિતાવહ. આ સમય દરમિયાન લાભની આશા ઠગારી નીવડે. જમીન-મકાનને લગતા કાર્ય મુલત્વી રાખવા. જીવનસાથી સાથે મતભેદ હશે તો તે દૂર કરી શકશો.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

નોકરીયાત તેમજ વ્યાપારી વર્ગ માટે આ સપ્તાહ ઉત્તમ ફળદાયી નીવડે. અણધાર્યો લાભ આ સપ્તાહ દરમિયાન મળે. માંગલિક પ્રસંગોનું આયોજન થાય. નવિન વાહન ખરીદીના યોગ છે. ધંધાના ક્ષેત્રમાં નવિન લાભની તક સાંપડે. ભાગીદારી વર્ગ સાથે મનદુઃખ ન સર્જાય તેની ખાસ તકેદારી રાખવી. પ્રવાસ-મુસાફરી ટાળવી હિતાવહ.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

તમારી નવી યોજના તમે સફળતાપૂર્વક પાર પાડી શકશો. તમારી માનસિક તાકાતમાં વધારો થતો જોવા મળે. સાહસિક કાર્યમાં ધીરજપૂર્વક સફળતા મેળવી શકશો. નાણાંકીય વ્યવહારોમાં સફળતા મળે. નાના-નાના આર્થિક લાભ મળ્યા કરે પરંતુ ખર્ચ પર કાબુ રાખવો નહિંતર આવક કરતા જાવકમાં વધારો થઈ જાય. કૌટુંબિક કાર્યમાં સફળતાને કારણે યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થતો જોવા મળે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

મનમાં અકારણ ચિંતા રહ્યા કરે. કાર્યબોજમાં વધારો થતો જોવા મળે. અટકેલા કાર્યો તેમજ દરેક પ્રકારના કાર્યો પૂર્ણતાના આરે પહોંચે. રોકાયેલા નાણાં અટકી-અટકીને છૂટા થાય. પારિવારીક જવાબદારીમાં અચાનક વધારો થાય. જીવનસાથી સાથે વિશેષ સ્નેહ રહે. પડોશીવર્ગથી મદદ મળે. અણધાર્યા પ્રવાસનું આયોજન થાય. મુસાફરી-પ્રવાસમાં લાભ કરી શકશો. મિલન-મુલાકાતમાં સફળતા મળે.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

વ્યર્થ ઉદાસી ગેરી ન વળે તેની તકેદારી રાખજો. નાણાકીય ક્ષેત્રે તમારી આવક-જાવક સરભર રહે. મોજ-શોખને લગતા વ્યર્થ ખર્ચ ન થઈ જાય તેની સાવચેતી રાખવી. નોકરીયાત વર્ગે ઉપરી અધિકારી સાથે મતભેદમાં ન ઉતરવું અન્યથા નુક્શાનીના ભોગ બનવું પડે. સંતાન દ્વારા લાભ મેળવી શકશો. મકાન-જમીન અંગેની સમસ્યાને ઉકેલી શકાય. આરોગ્ય અંગે પણ આ સમય દરમિયાન સંભાળવું હિતાવહ.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહમાં રચનાત્મક પ્રવૃત્તિઓ અત્યંત વેગવંતી બનાવવા તમે સેવેલી આશા ફળદાયી નીવડે. મનમાં ચંચળતાનો અનુભવ થતો લાગે. આર્થિક સમસ્યાના ઉકેલ માટે મહેનત વધારજો. આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. વ્યાપાર-ધંધાના ક્ષેત્રમાં કાળજી રાખવી જરૂરી છે. લાંબા સમયથી વણ ઉકેલાયેલા પારિવારીક પ્રશ્નોનો ઉકેલ આવે. ઘર્ષણ કે વિવાદ ટાળવો જરૂરી બને.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

સામાજિક માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. આરોગ્ય સંબંધિત ચિંતા હલ થાય. અગત્યના નિર્ણયો લેવામાં આ સપ્તાહ દરમિયાન સફળતા મળે. હિતશત્રુઓથી ખાસ તકેદારી રાખવી તેમજ તમારી યોજનાઓને આ સમય દરમિયાન બીજા સામે પ્રગટ ન કરવી. સંતાન વર્ગ દ્વારા લાભ પ્રાપ્ત કરી શકશો. રાજકીય ક્ષેત્રમાં સાવચેતી રાખવા જેવો સમય છે.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

કૌટુંબિક ક્ષેત્રને લગતા કાર્યોમાં સફળતા મેળવી શકશો. ધંધાકીય રૂકાવટ દૂર કરી શકશો. તમારા નવા આયોજનો સફળતાથી પાર પડે. રોકાયેલા નાણાં આ સમય દરમિયાન છૂટા થાય. માનસિક મૂંઝવણનો ઉકેલ મળે. જો તમારા પર દેવું હશે તો આ સપ્તાહ દરમિયાન તેમાંથી મૂક્ત થઈ શકશો. જીવનસાથીનો વિશ્વાસ સંપાદિત કરી શકશો. વડીલ વર્ગ દ્વારા તમને મદદ મળે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

અગત્યના કાર્યમાં તમારા ધાર્યા મુજબ સફળતા મેળવી શકશો. વ્યવસાયિક તેમજ નોકરીને લગતી સમસ્યા હલ થતી જોવા મળે. પારિવારીક જીવનમાં આનંદ-ઉત્સાહમાં વધારો થાય. કૌટુંબિક કાર્યમાં સફળતા મળે. ખોટા સાહસિક કાર્યોથી દૂર રહી ધીરજપૂર્વક અગત્યના નિર્ણયો લેવા. આકસ્મીક ધન લાભના યોગ જોવા મળે. મનની મૂંઝવણ દૂર કરી શકશો.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

વાહન-મકાન-સંપત્તિને લગતા કાર્યો માટે આ સમય પ્રતિકૂળ ગણાવી શકાય. મનમાં અશાંતિ અનુભવાય. નવિન લાભની તક હાથમાંથી સરી ન જાય તેની તકેદારી રાખજો. ગૃહજીવનમાં સમસ્યા રહે પરંતુ તેનો ધીરજપૂર્વક ઉકેલ લાવવા પ્રયત્નશીલ રહેવું. અકારણ મનમાં ક્રોધ ન આવે તેની તકેદારી રાખજો. સંતાનવર્ગના આરોગ્ય બાબતે ચિંતા રહે. આકસ્મીક પ્રવાસના યોગ છે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન લે-વહેંચના કાર્યમાં સફળતા મળે. તમારી માનસિક શાંતિમાં વધારો થાય. નવિન લાભની તક સાંપડે. આર્થિક આયોજનોમાં સાવધાની રાખવી જરૂરી બને નહિંતર ભવિષ્યમાં તકલીફ પડે. જામીનગીરી કે કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં આ સમય દરમિયાન સંભાળવું. જીવનસાથી સાથે પણ વાદ-વિવાદમાં ન ઉતરવું હિતાવહ.

# ૭૨૦૦થી વધુ ભારતીય વિદ્યાર્થીઓ બાંગ્લાદેશથી ભારત પરત ફર્યા

## વિદેશ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, ઉપલબ્ધ રેકોર્ડ્સ મુજબ બાંગ્લાદેશમાં ૯૦૦૦ વિદ્યાર્થીઓ સહિત લગભગ ૧૯,૦૦૦ ભારતીય નાગરિકો રહે છે

નવી દિલ્હી, તા.૧૨

રાજ્યસભાને માહિતી આપવામાં આવી હતી કે, બાંગ્લાદેશની સ્થિતિને ધ્યાનમાં રાખીને ૧ ઓગસ્ટના રોજ પૂરા થયેલા છેલ્લા કેટલાક અઠવાડિયામાં ૭૨૦૦થી વધુ ભારતીય વિદ્યાર્થીઓ ભારત પરત ફર્યા છે. વિદેશ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે એક લેખિત જવાબમાં એમ પણ કહ્યું હતું કે, ઉપલબ્ધ રેકોર્ડ્સ મુજબ બાંગ્લાદેશમાં ૯૦૦૦ વિદ્યાર્થીઓ સહિત લગભગ ૧૯,૦૦૦ ભારતીય નાગરિકો રહે છે. તેમને બાંગ્લાદેશમાં શિક્ષણ અથવા વ્યવસાયના હેતુથી રહેતા ભારતીયોની કુલ સંખ્યા, બાંગ્લાદેશમાં વસતા ગુજરાતના લોકોની સંખ્યા અને હિંસાગ્રસ્ત પાડોશી દેશમાંથી ભારતીય નાગરિકોને બહાર કાઢવા માટે કોઈ વિશેષ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે કે કેમ તે અંગે પૂછવામાં આવ્યું હતું. મંત્રીને અત્યાર સુધીમાં કેટલા નાગરિકોને ભારત પરત લાવવામાં આવ્યા તે અંગે પણ પૂછવામાં આવ્યું હતું.

બાંગ્લાદેશમાં ભારતીય વિદ્યાર્થીઓ કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીર અને ગુજરાત, ઉત્તરપ્રદેશ, બિહાર, તમિલનાડુ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, ત્રિપુરા અને આસામ જેવા અન્ય રાજ્યોના છે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, બાંગ્લાદેશમાં અમારા મિશન અને પોસ્ટ્સ દ્વારા રાજ્યવાર યાદી જાળવવામાં આવતી નથી. ઢાકામાં ભારતીય હાઈ કમિશન અને ચિત્તાગોંગ, રાજશાહી, સિલ્હેટ અને ખુલનામાં સહાયક હાઈ કમિશન ભારતીય નાગરિકોના સ્વૈચ્છિક પરત ફરવામાં મદદ કરી રહ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું. તેઓ ભારત-બાંગ્લાદેશ સરહદે એરપોર્ટ અને લેન્ડ પોર્ટ ઉપર રોકાણ દરમ્યાન તેમની સલામતી અને સુરક્ષા માટે બાંગ્લાદેશના સંબંધિત અધિકારીઓ સાથે પણ સંકલન કરી રહ્યા છે. સિંહે કહ્યું કે, 'વિદેશ મંત્રાલય લેન્ડ પોર્ટ અને એરપોર્ટ ઉપર આવતા અમારા નાગરિકો માટે સરળ માર્ગ સુનિશ્ચિત કરવા સંબંધિત ભારતીય અધિકારીઓ સાથે પણ સંકલન કરી રહ્યું છે. ૧૮ જુલાઈ, ૨૦૨૪થી શરૂ કરીને ૧ ઓગસ્ટ, ૨૦૨૪ સુધીમાં ૭૨૦૦થી વધુ ભારતીય વિદ્યાર્થીઓ ભારત પરત ફર્યા છે.' મંત્રીએ જણાવ્યું હતું કે, 'બાંગ્લાદેશમાંથી સ્વેચ્છાએ વિદાય લેનાર ભારતીય નાગરિકોની રાજ્યવાર યાદી અમારા મિશન અને બાંગ્લાદેશમાં પોસ્ટ દ્વારા જાળવવામાં આવતી નથી.'

એક અલગ પ્રશ્નમાં તેમને એ પણ પૂછવામાં આવ્યું હતું કે, શું એ હકીકત છે કે, કેનેડા સાથેના તણાવપૂર્ણ સંબંધોને કારણે કેનેડિયન યુનિવર્સિટીઓમાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં તાજેતરના વર્ષોમાં ઘટાડો થયો છે અને જો એમ હોય તો છેલ્લા ત્રણ વર્ષમાં ત્યાં નોંધાયેલા વિદ્યાર્થીઓની વિગતો, વર્ષ મુજબ જણાવો. વિદેશ રાજ્યમંત્રીએ ડેટા શેર કર્યો અને કહ્યું કે, ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC)ની વેબસાઈટ ઉપરથી પ્રાપ્ત માહિતી મુજબ, કેનેડિયન યુનિવર્સિટીઓમાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં 'છેલ્લા ત્રણ વર્ષમાં વધારો' થયો છે.

શેર કરેલ ડેટા મુજબ અનુક્રમે આંકડા હતા- ૨,૧૬,૩૬૦ (૨૦૨૧માં) ૩,૧૮,૩૮૦ (૨૦૨૨માં) અને ૪,૨૭,૦૮૫ (૨૦૨૩માં). એક અલગ પ્રશ્નમાં તેમને પૂછવામાં આવ્યું કે શું સરકાર ભારતના પડોશી દેશો ઉપર 'વધતા ચીનના પ્રભાવ' વિશે જાગૃત છે. સિંહે તેમના લેખિત પ્રતિભાવમાં જણાવ્યું હતું કે, 'સરકાર ભારતના પડોશમાં એવી તમામ પ્રવૃત્તિઓ ઉપર ચાંપતી નજર રાખે છે જે તેના હિતોને અસર કરે છે.' નેબરહૂડ ફર્સ્ટ પોલિસી આપણાં પડોશી દેશો પ્રત્યેના આપણાં અભિગમને માર્ગદર્શન આપવાનું ચાલુ રાખે છે. તેના પરિણામે પરિણામલક્ષી જોડાણો, મજબૂત વિકાસ ભાગીદારી, ભૌતિક, ડિજિટલ અને આર્થિક જોડાણ તેમજ વાઈબ્રન્ટ લોકો-થી-લોકો અને સાંસ્કૃતિક આદાન-પ્રદાન થયું છે.



વ્યાપક શિક્ષણ, સંસ્કૃતિ, વેપાર અને રોકાણ જોડાણો સાથે ભારત તેના પડોશીઓના સક્રિય ભાગીદાર છે. તેમણે જણાવ્યું કે, પડોશીઓ સાથેના આપણાં સંબંધો તેમના પોતાના પાયા ઉપર ઊભા છે અને ત્રીજા દેશો સાથેના આ દેશોના સંબંધોથી સ્વતંત્ર છે. સરકાર ભારતની રાષ્ટ્રીય સુરક્ષા ઉપર અસર કરતી તમામ ઘટનાઓ ઉપર સતર્ક નજર રાખે છે અને તેની સુરક્ષા માટે તમામ જરૂરી પગલાં લે છે.

એક અલગ પ્રશ્નના જવાબમાં તેમણે છેલ્લા ત્રણ વર્ષમાં પાકિસ્તાનમાં ગુરૂદ્વારા શ્રી દરબાર સાહિબ કરતારપુરની મુલાકાત લેનારા ભારતના શ્રદ્ધાળુઓની સંખ્યાનો ડેટા શેર કર્યો - ૧૦,૦૨૫ (૨૦૨૧); ૮૬,૦૯૭ (૨૦૨૨) અને ૯૬,૫૫૫ (૨૦૨૩). તેમને એમ પણ પૂછવામાં આવ્યું હતું કે, શું ભારતે 'પેલેસ્ટીન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધને રોકવા માટે કોઈ રાજદ્વારી પહેલ કરી છે.' કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, ભારતે ૭ ઓકટોબર, ૨૦૨૩ના રોજ ઈઝરાયેલ ઉપરના આતંકવાદી હુમલાઓ અને ચાલુ ઈઝરાયેલ-હમાસ સંઘર્ષમાં નાગરિકોના જીવ ગુમાવવાની સખત નિંદા કરી છે. ભારતે ગાઝાના લોકોને યુદ્ધવિરામ અને સતત માનવતાવાદી સહાયતા માટે હાકલ કરી છે. તેમણે ઉમેર્યું કે, ચાલુ સંઘર્ષ દરમ્યાન ભારતે ૧૬.૫ ટન દવાઓ અને તબીબી પુરવઠો સહિત ૭૦ ટન માનવતાવાદી સહાય પૂરી પાડી છે. અમે બાકીના બંધકોને મુક્ત કરવા માટે પણ હાકલ કરી છે. અમે બગડતી સુરક્ષા પરિસ્થિતિ ઉપર ચિંતિત છીએ અને સંયમ અને નિરાકરણ માટે હાકલ કરી છે અને સંવાદ અને મુત્સદ્દીગીરી દ્વારા સંઘર્ષનું શાંતિપૂર્ણ નિરાકરણ ઉપર ભાર મૂક્યો છે. મંત્રીએ જણાવ્યું હતું કે, લગભગ ૨૬,૦૦૦ ભારતીય નાગરિકો, જેઓ છેલ્લા ઘણા વર્ષોમાં ઈઝરાયેલ આવ્યા છે, તેઓ હાલમાં ઈઝરાયેલના અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહ્યા છે. ૨૦૨૨માં ભારત અને ઈઝરાયેલે ભારતીય કામદારોના કામચલાઉ રોજગારની સુવિધા માટે ફ્રેમવર્ક કરાર ઉપર ચર્ચા શરૂ કરી હતી, જે નવેમ્બર ૨૦૨૩માં પૂર્ણ થઈ હતી, જે હેઠળ અત્યાર સુધીમાં ૪૮૨૫ ભારતીય કામદારોને ઈઝરાયેલમાં મૂકવામાં આવ્યા છે.

# સિંહોના મોતની ઘટનાઓ મુદ્દે મુખ્ય વન સંરક્ષક સામે હાઈકોર્ટની અદાલતના તિરસ્કારની નોટિસ



અમદાવાદ, તા.૧૨

રાજ્યમાં આવેલા ગીર અભયારણ્યમાં એશિયાટિક સિહોના રેલ્વે ટ્રેકમાં આવી જવાના કારણે થયેલા મરણના મુદ્દે ગુજરાત હાઈકોર્ટ દ્વારા લેવામાં આવેલ મોટો અરજીની સુનાવણી દરમ્યાન હાઈકોર્ટમાં ધ્યાનમાં લાવવામાં આવ્યું હતું કે આ મુદ્દે આદેશો આપ્યા હોવા છતાં પણ સિંહોના મરણની બે ઘટનાઓ તાજેતરમાં બની છે. તાજેતરમાં થયેલી સુનાવણી દરમ્યાન કોર્ટ સહાયક તરફથી અદાલતને જાણ કરાઈ હતી કે, હાઈકોર્ટના નિર્દેશો પછી પણ ટ્રેનની અડફેટે બે સિંહોના મોત થયા છે અને અન્ય એક બનાવમાં એક સિંહણ અને બે બાળસિંહના હાડપિંજર મળી આવવાની ઘટનાઓ સામે આવી છે. હાઈકોર્ટે આ સમગ્ર મામલાની ગંભીર નોંધ લઈ સત્તાવાળાઓના બેદરકારીભર્યા વલણને લઈ નારાજગી વ્યકત કરી હતી. ઉલ્લેખનીય છે કે ગઈ સુનાવણી દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા મોટા દાવાઓ કરવામાં આવ્યા હતા તેમજ રેલવે વિભાગ સાથે સંકલન કરીને ટ્રેનની ગતિ ધીમી કરવા સહિત ના પગલાં લેવામાં આવ્યા છે તેવી વાત કરવામાં આવી હતી. આ ઉપરાંત રાજ્ય સરકાર અને રેલવેની સંયુક્ત સમિતિઓની પણ રચના કરવામાં આવી હતી. જોકે હાઈકોર્ટમાં આ થયેલી સુનાવણી બાદ અકસ્માતની ઘટનાઓ બનતા હાઈકોર્ટે તેને ગંભીરતાથી લીધું હતું. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે રાજયના ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ સહિતના વન વિભાગના સત્તાવાળાઓ અને રેલ્વે ઓથોરીટીની ઝાટકણી કાઢી હતી. સિંહોના અકાળે મોત મામલે થયેલી પીઆઈએલમાં અગાઉ જાન્યુઆરી મહિનામાં ત્રણ સિંહોના મોતને લઈ રેલ્વે ઓથોરીટી દ્વારા કોઈ નક્કર પગલાં નહી લેવાતાં ગુજરાત હાઈકોર્ટે ગંભીર નારાજગી વ્યકત કરી ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિ રચવા નિર્દેશ કર્યો હતો, જેના અનુસંધાનમાં રાજય સરકાર તરફથી સિંહોના મોત મામલે ઉચ્ચ તપાસ હાથ ધરવા અને જવાબદારી નક્કી કરવા માટે દસ સભ્યોની વિશેષ કમીટી બનાવાઈ હોવાની અદાલતને જાણ કરાઈ હતી. તો રેલ્વે ઓથોરીટી અને વન વિભાગના અધિકારીઓને સમાવી સિંહોના અકાળે મોત અટકાવવા ખાસ એસઓપી પણ કોર્ટ સમક્ષ મૂકાઈ હતી પરંતુ આ બધુ કરવા છતાં અને ખુદ હાઈકોર્ટે હવે પછી સિંહોના આ પ્રકારે અકાળે મોત ના થાય તેની કાળજી રાખવા અને પગલાં લેવા નિર્દેશો કર્યા હતા પરંતુ તેમ છતાં સિંહોના અકાળે મૃત્યુના ત્રણ બનાવો સામે આવ્યા હતા.

# 'ચોમાસામાં તો હાઈવે ઉપર ખાડાઓ પડે' તેવો ઉડાઉ જવાબ આપનાર અધિકારી સામે પગલાં લેવા હાઈકોર્ટની સુચના




અમદાવાદ, તા.૧૨

રાજયના મહીસાગર જિલ્લામાં હાઈવેના રસ્તાઓ ખરાબ થઈ ગયા હોવાથી તેને તાત્કાલિક સમારકામ કરવા જોઈએ તેવી જાહેર હિતની અરજીમાં ઉડાઉ જવાબ આપવા બદલ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ અને જસ્ટીસ પ્રણવ ત્રિવેદની ખંડપીઠે લુણાવાડા વિભાગના એકઝીકયુટીવ એન્જિનીયરની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢીને કોર્ટને ગેરમાર્ગે દોરતો જવાબ રજૂ કરવા બદલ તેમની સામે પગલા કેમ ના લેવા તે બાબતે જવાબ રજૂ કરવાનો આદેશ કર્યો હતો. જાહેર હિતની અરજીમાં અગાઉ આપેલા આદેશ મુજબ એન્જિનીયર દ્વારા જવાબ રજૂ કરવામાં આવ્યો હતો કે, રસ્તા સંપૂર્ણ રીતે ખરાબ નથી પરંતુ કેટલીક જ્યાએ ભૂવા અને ખાડાઓ પડી ગયા છે. આ રસ્તા ઉપર ભારે વાહનો પસાર થાય છે અને ચોમાસાની સિઝન દર રસ્તાઓ ઉપર આવું થઈ શકે છે. આવો જવાબ વાંચીને ચીફ જસ્ટીસે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે જણાવ્યું હતું કે, જો આ રીતે રોડ ખરાબ ના થાય તો કેવી રીતે ખરાબ થાય તે જણાવો. આવા રસ્તાઓના કારણે જ અકસ્માત થાય છે. શું અમે તમને આવો જવાબ આપવા માટે આદેશ કર્યો હતો ? શું કોઈ સરકારી અધિકારીએ આવો જવાબ આપવો જોઈએ ? આ સમયે હાજર રહેનાર મુખ્ય સરકારી વકીલને ચીફ જસ્ટીસે જણાવ્યું હતું કે, તમારા મદદનીશ સરકારી વકીલોને આવી રીતે સોગંધનામુ દાખલ ના થવું જોઈએ તેવી સુચનાઓ આપો. જાહેર હિતની અરજી સરકારી વિરોધી અરજીઓ હોતી નથી પરંતુ જાહેર હિતના બાબતમાં હોય છે. આ પ્રકારનો જવાબ આપીને અધિકારીએ પોતાના ઉદ્ધત વર્તનનું પ્રદર્શન કર્યું છે. અધિકારી દ્વારા રજૂ કરાયેલી એફિડેવીટમાં રસ્તાની સ્થિતિ ખરાબ છે તે સ્વિકાર કર્યો છે પરંતુ રસ્તાઓને યોગ્ય કરવા બાબતે કોઈ જવાબ આપવામાં આવ્યો નથી. ઘણા બધા ફકરામાં એવું લખ્યું છે રસ્તો સંપૂર્ણ ખરાબ નથી થયો પરંતુ ભૂવા/ખાડા પડ્યા છે. આથી આવી વર્તણૂક સામે અમે સખત વાંધો લઈએ છીએ અને અધિકારી સામે શા માટે પગલા ના લેવા જોઈએ તેનો તેને જવાબ આપવાનો રહેશે.

# બાંગ્લાદેશમાં હંગામા પાછળ પાકિસ્તાનની ISIનો હાથ છે

ઢાંકા, તા.૧૨

બાંગ્લાદેશમાં તખ્તાપલટ બાદ વડાપ્રધાન પદેથી રાજીનામું આપીને ભારત પહોંચેલા શેખ હસીનાના પુત્રએ પાકિસ્તાન સામે મોટો દાવો કર્યો છે. તેણે બાંગ્લાદેશમાં અરાજકતાની સ્થિતિ માટે પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈને જવાબદાર ઠેરવી છે.શેખ હસીનાના પુત્ર સજીબ વાઝેદ જોયે બાંગ્લાદેશમાં અશાંતિ ફેલાવવા માટે ISIને જવાબદાર ઠેરવ્યું છે અને કહ્યું છે કે તેમાં પાકિસ્તાનનો હાથ છે.શેખ હસીના બાંગ્લાદેશ પરત ફરવાની સંભાવના વિશે વાત કરતાં તેમણે કહ્યું કે બાંગ્લાદેશમાં લોકશાહી પુર્નઃ સ્થાપિત થતાં જ તેમની માતા તેમના દેશમાં પરત ફરશે. તે ચોક્કસપણે પુનરાગમન કરશે પરંતુ હજુ સુધી તે નક્કી કરવામાં આવ્યું નથી કે તે નિવૃત્ત નેતા તરીકે પરત ફરશે કે સક્રિય નેતા તરીકે. તેમણે કહ્યું કે શેખ મુજીબુર રહેમાનના પરિવારના સભ્યો તેમના લોકો અને તેમની પાર્ટી અવામી લીગને છોડશે નહીં. અવામી લીગ બાંગ્લાદેશની સૌથી મોટી અને જૂની પાર્ટી છે, તેથી આવી સ્થિતિમાં અમે અમારા લોકો તરફ પીઠ ફેરવી શકીએ નહીં. બાંગ્લાદેશમાં લોકશાહીની પુર્નઃ સ્થાપના બાદ તે ચોક્કસપણે પોતાના દેશમાં પરત ફરશે PM મોદી વિશે કહ્યું કે તેમણે તેમની માતા શેખ હસીનાની સુરક્ષા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની સરકારનો પણ આભાર માન્યો અને બાંગ્લાદેશમાં લોકશાહીની પુર્નઃ સ્થાપના માટે દબાણ લાવવા વિનંતી કરી.જોયે કહ્યું કે હું મારી માતાની સુરક્ષા માટે ભારત સરકારનો હૃદયપૂર્વક આભાર માનું છું. હું પીએમ મોદીનો આભારી છું. જો ભારત તેના પૂર્વીય ક્ષેત્રમાં સ્થિરતા ઈચ્છે છે તો તેણે આંતરરાષ્ટ્રીય સમુદાય ઉપર દબાણ લાવવું પડશે.બાંગ્લાદેશમાં 'ઈન્ડિયા આઉટ' અભિયાન વિશે વાત કરતા જોયે કહ્યું કે ભારત વિરોધી શક્તિઓ ખૂબ જ સક્રિય છે અને અવામી લીગને સત્તા ઉપરથી હટાવીને આઈએસઆઈ હવે બાંગ્લાદેશને ઈચ્છે તેટલા હથિયારો સપ્લાય કરી શકે છે.તેણે કહ્યું કે હા, એ વાત સાચી છે કે તે (શેખ હસીના) બાંગ્લાદેશ પરત નહીં ફરે. પરંતુ છેલ્લા બે દિવસમાં ઘણું બદલાઈ ગયું છે. હવે અમે અમારા લોકોની સુરક્ષા માટે જે પણ જરૂરી હશે તે કરીશું. અમે તેમને એકલા નહીં છોડીએ.અવામી લીગને ભારતના બારમાસી સાથી ગણાવતા જોયે કહ્યું કે ભારતે આંતરરાષ્ટ્રીય દબાણ બનાવીને બાંગ્લાદેશમાં અવામી લીગના નેતાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ. આ સાથે તેમણે મુહમ્મદ યુનુસના નેતૃત્વમાં રચાયેલી નવી વચગાળાની સરકારને દેશમાં કાયદો અને વ્યવસ્થા પુર્નઃ સ્થાપિત કરવા વિનંતી કરી છે.

### ટ્રમ્પના કમલા હેરિસ ઉપર આકરા પ્રહાર

# દુનિયા ત્રીજા વિશ્વયુદ્ધની નજીક અને તે હેન્ડલ નહીં કરી શકે

વોશિંગ્ટન, તા.૧૨

અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કમલા હેરિસ અને ટિમ વોલ્ઝની આકરી ટીકા કરી હતી. પ્રેસ કોન્ફરન્સ દરમ્યાન તેમણે કહ્યું કે, 'સમગ્ર વિશ્વમાં સ્થિતિ વણસી રહી છે. આપણે ત્રીજા વિશ્વ યુદ્ધની નજીક છીએ અને આ લોકો પરિસ્થિતિને સંભાળી શકશે નહીં.' પ્રેસ કોન્ફરન્સમાં ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, 'અમેરિકાની હાલત ખૂબ જ ખરાબ છે. કમલા હેરિસ જો બાઈડેન કરતા પણ ખરાબ છે અને તેમને રાષ્ટ્રપતિ પદ માટે મત પણ નથી મળ્યા.' નોંધનીય છે કે, અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ રિપબ્લિકન પાર્ટી તરફથી ઉમેદવાર છે. ડેમોક્રેટિક પાર્ટીએ કમલા હેરિસને મેદાને છે. ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, 'આપણે વિશ્વ યુદ્ધની ખૂબ નજીક છીએ. મારા મતે અહીં એવા લોકો છે જેઓ આ સંજોગોમાં કશું કરી શકતા નથી. આ લોકોનું કોઈ સન્માન કરતું નથી. ચીન, રશિયા અને ઉત્તર કોરિયામાં લોકોના આ જૂથ માટે કોઈ સન્માન નથી. અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કે, 'પહેલા મારી સામે જો બાઈડેન હતા. હવે કમલા હેરિસ છે, પરંતુ મને લાગે છે કે અન્ય કોઈ ઉમેદવાર હોત. કમલા હેરિસનો રેકોર્ડ ઘણો ખરાબ છે. તે એક સ્તરે કટ્ટરપંથી છે, તેણે ડાબેરી કટ્ટરપંથી પસંદ કર્યા છે. બાઈડેન પ્રત્યે કમલા હેરિસનું વલણ અલગ હતું, તેમ છતાં તેમણે હેરિસને ઉપરાષ્ટ્રપતિ બનાવ્યા. મને લાગે છે કે તેને તેના નિર્ણય ઉપર પસ્તાવો થશે. હવે તેમને રાષ્ટ્રપતિની ચૂંટણીની રેસમાંથી પણ દૂર કરી દેવામાં આવ્યા છે.' ઉલ્લેખનીય છે કે અમેરિકામાં પાંચમી નવેમ્બર-૨૦૨૪ના રોજ પ્રમુખ પદની ચૂંટણી યોજાવાની છે.

# સહકારી મંડળીઓમાં સ્ટાફની ભરતીની લાયકાત અને નોકરીની શરતો નક્કી કરવા મુદ્દે સરકાર પાસેથી હાઈકોર્ટે માંગ્યો જવાબ

અમદાવાદ, તા.૧૨

ગુજરાત રાજ્યમાં સહકારી ક્ષેત્રની બેંકો તથા અન્ય સહકારી મંડળીઓમાં સ્ટાફની ભરતી બાબતે પારદર્શકતા જાળવવા માટે ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદા અધિનિયમ મુજબ રાજ્ય સરકાર દ્વારા ભરતીના નિયમો અને સ્ટાફની વિવિધ કેટેગરી માટે ચોક્કસ લાયકાત ઘડવી જોઈએ તેવી માંગણી કરતી જાહેર હિતની અરજીની સુનાવણી બાદ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ અને જસ્ટીસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે રાજ્ય સરકાર પાસે જવાબ માંગ્યો હતો. ભરતી ઉપરાંત સહકારી મંડળીઓ દ્વારા ખરીદી કરવા માટે પારદર્શકતા જાળવવા માટે ઈ ટેન્ડરની પ્રોસેસ કરવા તેમજ ગુજરાત રાજ્ય કો ઓપરેટીવ કાઉન્સિલની રચના અથવા તો રચના થઈ હોય તો તેની કાર્યવાહી આગળ ધપાવવા પણ જાહેર હિતની અરજી કરવામાં આવી છે. અદાલતે આ બે બાબતોએ પણ સરકાર પાસે જવાબ માંગ્યો હતો. હાઈકોર્ટે ટકોર કરી હતી કે, ગુજરાત રાજ્ય સહકારી ક્ષેત્રમાં આગવું મહત્વ ધરાવે છે અને તે એક રાજ્ય છે કે જ્યાં આ માળખું અસ્તિત્વ ધરાવે છે. જ્યારે બીજી બધી જગ્યાએ તો બેંકોએ નાદારી નોંધાવી છે અને ફડચામાં ગઈ છે. કોર્ટે કહ્યું હતું કે અમુલ જેવી સંસ્થા જેવુ કામ સહકારી મંડળીઓ દ્વારા થવું જોઈએ. ઉલ્લેખનીય છે કે રાજ્યમા ૧૮૬ સહકારી બેંકો, ૩૫૦ નિયત સહકારી મંડળીઓ અને ૮૧૬૬૮ પ્રાથમિક સહકારી મંડળીઓ છે અને એક અંદાજ મુજબ આ સંસ્થાઓમાં ત્રણ લાખ કર્મચારીઓ કામ કરે છે. પાટણ સ્થિત અરજદાર ચામુંડા કોટન સેલ્સ કો ઓપરેટીવ સોસાયટી એડવોકેટસ મારફતે રજૂઆત કરી હતી કે, ગુજરાતમાં સહકારી મંડળીઓનો કાયદો અસ્તિત્વમાં છે અને તેની કલમ ૭૬ મુજબ સહકારી મંડળીઓમાં સ્ટાફની ભરતી કરવા માટે કર્મચારીઓની લાયકાતો અને નોકરીની શરતો નક્કી કરવાની સત્તા છે. રાજ્યની અર્બન કો ઓપરેટીવ બેંકોમાં એકાઉન્ટન્ટ, ઓફિસરો કે અન્ય સ્ટાફની ભરતી કરવા માટે પણ આ નિયમો લાગુ પડે છે. પરંતુ રાજ્ય સરકાર દ્વારા આજદીન સુધી તેનું જાહેરનામુ બહાર પાડ્યું નથી. તેના કારણે આ સહકારી મંડળીઓમાં સત્તાધારીઓની મરજી અને ઈચ્છા મુજબ બેફામ રીતે ભરતી કરવામાં આવે છે અને તેના કારણે લાયકાત ના ધરાવતા લોકોની ભરતી કરવામાં આવે છે. આથી આવી અમર્યાદિત સત્તાઓ માટે નિયંત્રણ મુકવા જરૂરી છે. બીજી બાજુ કલમ ૧૫૬ મુજબ રાજ્યમાં કો ઓપરેટી કાઉન્સિલની રચના કરવાની જોગવાઈ છે અને આ કાઉન્સિલ મંડળીઓના સંચાલન બાબતે મહત્વના નિર્ણયો લે છે. આ કાઉન્સિલની રચના કદાચ ૧૦થી ૧૨ વર્ષ પહેલા થઈ હતી પરંતુ હાલમાં તે કાર્યરત છે કે નહીં તેની કોઈ માહિતી નથી. આથી આ બાબતે જો કાઉન્સિલ કાર્યરત ના હોય તો તે કાર્યાન્વિત કરવી જોઈએ. સહકારી મંડળઓની કલમ ૧૫૫એ મુજબ રાજ્ય સરકાર દ્વારા કેટલીક એક્ઝીક્યુટીવ સૂચના આપી શકાય છે કે કોઈપણ ખરીદી ટેન્ડર પ્રોસેસથી જ થવી જોઈએ પરંતુ આ બાબતે કોઈ ઓફિશિયલ ગેઝેટ કે નોટીફિકેશન નથી. આથી આ ટેન્ડર પ્રક્રિયા બાબતે પણ નિયમો ઘડવા જોઈએ.

# શેખ હસીના ચૂંટણી માટે બાંગ્લાદેશ પરત ફરશે : પુત્રએ કહ્યું

નવી દિલ્હી, તા.૧૨

શેખ હસીનાના પુત્રએ જણાવ્યું છે કે, બાંગ્લાદેશના પૂર્વ વડાંપ્રધાન શેખ હસીના જ્યારે તેની નવી સંભાળ રાખનાર સરકાર ચૂંટણી યોજવાનું નક્કી કરશે ત્યારે તેમના દેશમાં પાછા ફરશે. અઠવાડિયાના ઘાતક વિરોધના કારણે હસીના ભારતમાં ભાગી આવ્યા હતા અને તેમને રાજીનામું આપવાની ફરજ પડી હતી. નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મુહમ્મદ યુનુસની આગેવાની હેઠળની રખેવાળ સરકારે ગુરૂવારે શપથ લીધા હતા, જેને ચૂંટણી યોજવાનું કામ સોંપવામાં આવશે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સાથે વાત કરતા તેમના પુત્ર સજીબ વાઝેદ જોયે જેઓ યુએસમાં છે, જણાવ્યું હતું કે, અત્યાર સુધી તેઓ ભારતમાં છે. વચગાળાની સરકાર જ્યારે ચૂંટણીનો નિર્ણય લેશે ત્યારે તેઓ બાંગ્લાદેશ પરત જશે. હસીનાની અવામી લીગ પાર્ટી વચગાળાની સરકારમાં સામેલ નથી, લાંબા સમયથી પૂર્વ વડાપ્રધાન સામે વિદ્યાર્થીની આગેવાની હેઠળના બળવાને પગલે, જેમની દેશવ્યાપી હિંસામાં લગભગ ૩૦૦ લોકો માર્યા ગયા અને હજારો ઘાયલ થયા પછી બહાર આવ્યા. તેઓ નવી દિલ્હી વિસ્તારમાં સુરક્ષિત ઘરમાં આશરો લઈ રહ્યા છે. ભારતીય મીડિયાએ અહેવાલ આપ્યો છે કે, તેઓ બ્રિટનમાં આશ્રય મેળવવાની યોજના ધરાવે છે, પરંતુ બ્રિટિશ હોમ ઓફિસે ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો છે. એસ. જયશંકરે જણાવ્યું હતું કે, તેમણે બાંગ્લાદેશ વિશે તેમના બ્રિટિશ સમકક્ષ સાથે વાત કરી હતી પરંતુ કોઈ વિગતો જણાવી નથી.

# ખાતેદાર ખેડૂતને ખેતીની જમીન ખરીદવા અને એન્ટ્રી બાબતે વિસંગતતાઓ દુર કરવા મુખ્યમંત્રીને રજુઆત

## જૂનાગઢના જાગૃત નાગરીક શશીકાંત દવેએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

જૂનાગઢ તા. ૧૨

જૂનાગઢના જાગૃત નાગરીક શશીકાંત દવેએ રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને એક લેખિત પત્ર પાઠવી રાજયમાં ખેડુતોને ખેતીની જમીન ખરીદવા બાબતે વિસંગતતાઓ દુર કરવા માંગણી કરી છે.

મુખ્યમંત્રીને પાઠવેલા પત્રમાં જણાવેલ છે કે, ગુજરાતનો હૈયાત ખાતેદાર ખેડુત રાજયમાં ગમે તે સ્થળે ખેતીની જમીન (ટોચ મર્યાદાની અંદર) ખરીદી શકે તે પ્રશ્ને વિસંગતતાઓ દુર કરવા રાજયના મહેસુલ ખાતા દ્વારા દરેક જીલ્લા કલેકટરને યોગ્ય આદેશ કરવા વિનંતી કરી છે. અને આ બાબતની મહેસુલ વિભાગના સચિવ ગંભીરતાથી નોંધ લઈ ગુજરાતના ખાતેદાર ખેડુતોને પજવતા પ્રશ્ને સ્પષ્ટતા કરીને યોગ્ય આદેશ આપવા માંગણી કરી છે.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, પ્રશ્ન એ છે કે, અત્યારે આપ 'મહેસાણા' જીલ્લાના કોઈપણ ગામે ખેતીની જમીન ધરાવો છો જે અંગેના તમામ આધારો જેવા કે ૭/૧૨, ૮-અ, ૬ નંબર વગેરે, હવે આપને જૂનાગઢ જીલ્લાના માણાવદર, મેંદરડા કે કેશોદમાં ખેતીની જમીન ખરીદવી છે તો તે ખરીદી પછી રેવન્યુ ખાતામાં મામલતદાર અને તલાટીના ચોપડે તેની નોંધ ચડાવવા જાવ તો તેઓ આપને એમ કહે કે તમે ડે.કલેકટર, કલેકટર જૂનાગઢ, મેંરદડા, કેશોદની એટલે કે લાગતા વળગતા જે તે તાલુકાના સક્ષમ અધિકારીની મંજુરી લઈ આવો પછી તમે ખરીદેલ જમીનની એન્ટ્રી પડશે. આ સિધ્ધાંત કેટલો વિસંગત છે? ખાતેદાર ખેડુત જે તારીખે જમીન વેંચી નાખે અને બીજા ગામે જમીન ખરીદી માટેનો વચ્ચેનો ગાળો એક વર્ષનો રહે તો ખાતેદાર જે ગામે જમીન લીધી હોય તે ગામે એન્ટી પડાવવાની જમીન વેચી તેના આધાર પુરાવા રજુ કરવાના રહેશે ઉપરાંત જેમણે ભાયુભાગમાં પોતાનો હકક જતો કર્યો હોય તે ખાતેદાર પણ એક વર્ષમાં વેચાણની તારીખથી પોતાના નામે ખેતીની જમીન સમગ્ર ગુજરાતમાં ખરીદી શકશે વગેરે બાબતે મહેસુલ વિભાગ દ્વારા સ્પષ્ટ આદેશો જારી કરવા માંગણી કરી છે.

# જૂનાગઢની બહાઉદીન વિનયન કોલેજ ખાતે સિંહ દિવસની ઉજવણી કરાઈ





જૂનાગઢ તા. ૧૨

આજ રોજ તા. ૧૦-૦૮-૨૦૨૪ શનિવારનાં રોજ બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ,જૂનાગઢ ખાતે કાર્યરત એન.એસ.એસ સેલ દ્વારા ગુજરાત સરકારનાં વન વિભાગ દ્વારા જણાવેલ માર્ગદર્શિકા મુજબ કોલેજ ખાતે સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમની ઉજવણીનાં ભાગ રૂપે સર્વ પ્રથમ વિદ્યાર્થીઓને સિંહ સંરક્ષણ માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. ત્યારબાદ કોલેજનાં આચાર્યશ્રી દ્વારા આ તકે વિદ્યાર્થીઓને સિંહનાં સ્વભાવ અને વર્તન વિષે પ્રાથમિક જાણકારી આપી હતી તેમજ સિંહ સંરક્ષણનું મહત્વ સમજાવ્યું હતું. આ ઉદ્‌બોધન બાદ "ગીર કા ખજાના હે, સિંહ કો બચાના હૈ" નાં પ્રેરક સૂત્ર સાથે કોલેજ કેમ્પસમાં એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજનાં ૩૦૦ જેટલાં વિદ્યાર્થીઓ જોડાયા હતાં અને સિંહ સંરક્ષણનો સંદેશ મેળવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ કોલેજનાં આચાર્યશ્રી ડો.પી. વી. બારસીયાના માર્ગદર્શન તથા સ્ટાફના સહકારથી સુચારૂં રૂપે પૂર્ણ થયેલ હતો.

# ભારતની પશ્ચિમી દરિયાઈ સરહદે આવેલા પ્રથમ માનવ વસ્તીવાળા અજાડ ટાપુ ઉપર સ્વતંત્રતા પર્વની ઉજવણીનું આયોજન

## ધ્વજ વંદન, તિરંગા યાત્રા જેવા કાર્યક્રમોનું આયોજન કરતી દેવભૂમિ દ્વારકા પોલીસ




જામ ખંભાળિયા, તા. ૧૨

સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં દેશવાસીઓ ખૂબ ઉત્સાહથી રાષ્ટ્ર ભક્તિના ગૌરવ સાથે જોડાય અને ઘરે ઘરે દેશની શાન એવો તિરંગો લહેરાવે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા તા. ૮ થી ૧૩ ઓગષ્ટ સુધી "હર ઘર તિરંગા" ઝુંબેશ હેઠળ અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બહોળી સંખ્યામાં લોકો ઉત્સાહથી "હર ઘર તિરંગા" કાર્યક્રમમાં ભાગ લઈ, પોતાના ઘર ઉપર તિરંગો લહેરાવી સ્વતંત્રતા પર્વની ઉજવણી કરે તેવા અથાગ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લો ભારતની પશ્ચિમી આંતરરાષ્ટ્રીય દરિયાઈ સરહદ ધરાવતો જિલ્લો છે. અને ૨૩૭ કિ.મી. જેટલા લાંબા દરિયાકાંઠા સાથે કુલ ૨૩ જેટલા ટાપુઓ ધરાવે છે. જેના ભાગરૂપે દેવભૂમિ દ્વારકા પોલીસ દ્વારા ગુજરાતના દરીયાઈ સીમાના છેવાડે સ્થિત ટાપુઓ પૈકી અજાડ ટાપુ પર માનવ વસ્તી ધરાવતું અજાડ ગામ આવેલું છે. હાલની વૈશ્વિક પરિસ્થિતી તેમજ દરિયાઈ માર્ગેથી સંભવિત ભયને ધ્યાને લઈ ટાપુ ઉપર વસતા લોકો રાષ્ટ્રીય અને દરિયાઈ સુરક્ષાની દ્રષ્ટીએ 'પ્રથમ હરોળના સૈનિકો' હોય અને તેઓની રાષ્ટ્રીય ભાવના વધુ દ્રઢ બને તે હેતુથી શુક્રવારે અજાડ ટાપુના દરિયાકાંઠા ઉપર ટાપુ ઉપર વસતા લોકોને સાથે રાખી ધ્વજવંદન કાર્યક્રમ યોજી, ધ્વજવંદન કરીને સ્વતંત્રતા દિવસને વધાવવા માટે આહવાન કર્યું હતું. આ ઉપરાંત અજાડ ટાપુ પર આવેલા તમામ ઘરો પર તિરંગા લગાવીને નાગરિકોને તિરંગાનું વિતરણ કર્યું હતું.

અહીં ઉપસ્થિતિ તમામ લોકોમાં મીઠાઈ વહેંચીને મોઢા મીઠા કરાવી, આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ધ્વજવંદનના કાર્યક્રમ બાદ અજાડ ટાપુ ઉપર વસવાટ કરતા લોકોનો રાષ્ટ્રીય સુરક્ષા પ્રત્યેનો ઉત્સાહ વધે તેમજ દેશના સાર્વભોમત્વ પ્રત્યેની લાગણી વધુ દ્રઢ થાય તે માટે મોટી સંખ્યામાં રાષ્ટ્ર ધ્વજ સાથે એક "તિરંગા યાત્રા" નું આયોજન કરેલ હતું જેમાં પણ મોટી સંખ્યામાં માણસો જોડાયેલ હતા અને ગગનચુંબી નારાઓ, દેશ ભક્તિના ગીતોથી ટાપુ ઉપરનું વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. ચોતરફ રાષ્ટ્ર પ્રેમ જોવા મળ્યો હતો.

આ ટાપુ ઉપર વસવાટ કરતા લોકો સાથે પોલીસ દ્વારા સ્વતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવતા ટાપુવાસીઓ પણ ભાવવિભોર બની, ગદગદિત થઈ ગયા હતા અને તેમનામાં રહેલી રાષ્ટ્ર પ્રત્યેની ભાવના, ઉત્સાહ પણ જોવા મળ્યો હતો.

# કોડીનાર પંથકમાં દારૂના ધંધાર્થીઓ સામે ગીર સોમનાથ પોલીસે દરોડા પડયા

## જિલ્લા પોલીસ વડા દ્વારા ૧૦ ટીમો બનાવી ૯૮ સ્થળોએ દરોડા પાડી ૧૪ જગ્યાએથી દારૂ પકડી કાર્યવાહી હાથ ધરી




(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૧૨

ગીર સોમનાથના કોડીનાર પંથકમાં સતત ઉઠતી દારૂ સહિતના નશીલા પદાર્થની ફરિયાદોના આધારે અંતે જિલ્લા પોલીસે લાલા આંખ કરી છે. ગીરસોમનાથ જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાના સીધા માર્ગદર્શન હેઠળ કોડીનાર પંથકમાં એલસીબી, એસઓજી ૪ પી.આઇ, ૬ પી.એસ.આઇ સહિતના જિલ્લાભરના ૧૦૦ પોલીસ કર્મીઓની ૧૦ ટીમો બનાવી ૯૮ જગ્યાએ વહેલી સવારે રેડ કરી ૨૭૫ લીટર દેશી દારૂ અને રૂા.૪૮૦૦ ની કિંમતનો ઈંગલિશ દારૂ પકડી,૧૦૫૫ લીટર દેશી દારૂના આથાનો સ્થળ પર નાશ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

જૂનાગઢ રેન્જ આઇ.જી.પી. નિલેશ જાજડીયા તથા ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાની સુચના મુજબ તથા નાયબ પોલીસ અધિક્ષક ઉના એમ.એફ.ચૌધરીનાં માર્ગદર્શન મુજબ કોડીનાર પો.સ્ટે. વિસ્તારમાં શનિવારે વહેલી સવારે પ્રોહી.ની મેગા ડ્રાઈવનું આયોજન કરવામાં આવેલ હોય જેમાં કોડીનાર પો.સ્ટે.ના પો.ઈન્સ. એન.આર.પટેલ તથા એલ.સી.બી. શાખા ગીર સોમનાથના પો.ઈન્સ. એ.બી.જાડેજા તથા પો.ઈન્સ. એ.બી.વોરા, એલ.સી.બી. ટીમ, એસ.ઓ.જી. શાખા ગીર સોમનાથના પો.ઈન્સ. જે.એન.ગઢવી, પો.ઈન્સ. પી.જે.બાંટવા, એસ.ઓ.જી. ટીમ, કોડીનાર પો.સ્ટે.ના પો.સબ.ઈન્સ. કે.એમ.ચાવડા, પો.સબ.ઈન્સ. એમ.આર.ડવ, નવાબંદર મરીન પો.સ્ટે.ના પો.સબ.ઈન્સ. વિ.કે.ઝાલા, નવાબંદર મરીન પોલીસ સ્ટાફ તથા ગીરગઢડા પો.સ્ટે.ના પો.સબ.ઈન્સ. એન.બી.ચૌહાણ, ગીરગઢડા પોલીસ સ્ટાફ, ઉના પો.સ્ટે.ના પો.સબ.ઈન્સ. આર.પી.જાદવ, ઉના પોલીસ સ્ટાફ, કોડીનાર પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફના માણસો તથા અલગ અલગ પોલીસ સ્ટેશનના કુલ ૧૦૦ પોલીસ કર્મચારીઓ દ્વારા પ્રોહી. મેગા ડ્રાઈવ દરમ્યાન અલગ-અલગ ટીમો બનાવી કોડીનાર વિસ્તારના કુલ ૯૮ લીસ્ટેડ પ્રોહી. બુટલેગર ઉપર રેઈડો કરી પ્રોહી.ના સફળ કેસ કુલ ૧૪ જેમાં દેશી દારૂ ૨૩૫ લીટર તથા આથો ૧૭૧૫ લીટર તથા ભારતીય બનાવટના વિદેશી દારૂ રૂા.૪૮૦૦/- નો પકડી પાડી તથા નીલ રેઈડો કુલ ૪૮ કરી તથા ૦૭ આરોપીઓને અટક કરી કાર્યવાહી કરવામાં આવેલ છે.જો કે આ રેઈડ બાદ એલ.સી.બી પી.આઈ. એ.બી.જાડેજા એ જણાવ્યું હતું કે આ તો હજું ટ્રેલર છે એક પણ દારૂના કે ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનારાને છોડવામાં નહીં આવે.

અત્રે ઉલ્લેખનીય છેકે પોલીસ કોમ્બિંગની કાર્યવાહીથી અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાયો છે. તો કે હજુ પોલીસ વધુ કાર્યવાહી કરે આ તો માત્ર દારૂના દરિયાની નાની નાની માછલીઓ જ પોલીસે પકડી છે ત્યારે તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં મગરમચ્છરૂપી ચાલતી દેશી દારૂની મીની ફેકટરીઓ પર પણ પોલીસ કાર્યવાહી કરે તેવું સ્થાનિકો ઈચ્છી રહ્યા છે.

### માણસાના રીદ્રોલ ગામે તથા

# ખ્યાતી સ્કુલ ઓફ ડિઝાઈન અમદાવાદ ખાતે હાથશાળ દિવસની ઉજવણી કરાઈ




અમદાવાદ તા. ૧૨

દેશના સામાજિક-આર્થિક વિકાસ માટે હેન્ડલૂમ ઉદ્યોગના મહત્વ વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્યથી કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૫માં ૭મી ઓગસ્ટના દિવસને રાષ્ટ્રીય હાથશાળ દિવસ તરીકે જાહેર કર્યો હતો. તેં પરંપરાને ચાલુ રાખીને, ૭મી ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ રાષ્ટ્રીય હાથશાળ દિવસ મનાવવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય કક્ષાનો કાર્યક્રમ વિજ્ઞાન ભવન, નવી દિલ્હી ખાતે યોજાયો હતો અને વર્ચ્યુઅલ રીતે હાથ ધરવામાં આવ્યો હતો. વિવર્સ સર્વિસ-અમદાવાદ દ્વારા રાષ્ટ્રીય હાથશાળ દિવસની ઉજવણીનું આયોજન ગામ- રીદ્રોલ, તા. માણસા, જિ.ગાંધીનગર ખાતે અને ખ્યાતી સ્કૂલ ઓફ ડિઝાઇન, અમદાવાદ ખાતે કરવમાં આવેલ હતું.

ખ્યાતી સ્કૂલ ઓફ ડિઝાઈન ખાતેના કાર્યક્રમના મુખ્ય અતિથિ ગિરીશકુમાર સિંઘલ, મદદનીશ નિયામક, હેન્ડીક્રાફ્ટ સર્વિસ સેન્ટર, અમદાવાદ હતા. અતિથિ વિશેષ તરીકે ડો. દીપિકા પુરોહિત, ડાયરેક્ટર, ખ્યાતી ફાઉન્ડેશનના, તેમજ શ્રી મલયશીસ પાલ, મદદનીશ નિયામક, વિવર્સ સર્વિસ સેન્ટર, અમદાવાદનું ખ્યાતી સ્કૂલ ઓફ ડિઝાઈનના આચાર્ય અને સહયોગી પ્રોફેસર, દ્વારા ઉપસ્થિત મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. મલયશીસ પાલ, મદદનીશ નિયામક, વિવર્સ સર્વિસ સેન્ટર, અમદાવાદએ રાષ્ટ્રીય હાથશાળ દિવસના મહત્વની ઝાંખી પૂરી પાડી હતી અને વિવિધ હેન્ડલૂમ યોજનાઓની વિગતવાર માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં ફેશન શો, ગેસ્ટ લેક્ચર અને ઓપન ક્વિઝ કોમ્પિટિશન રાખવામાં આવી હતી. ખ્યાતી સ્કૂલ ઓફ ડિઝાઈનના ફેકલ્ટીઝ, ડિઝાઈનના વિદ્યાર્થીઓ, ડિઝાઈનર્સ વગેરે પણ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

# શ્રી ક્રિષ્ના બોર્ડીંગ સ્કુલમાં વિશ્વ સિંહ દિવસની શાનદાર ઉજવણી

જૂનાગઢ તા. ૧૨

શ્રી ક્રિષ્ના બોર્ડીંગ સ્કુલ અને પ્રયાગ વિદ્યા સંકુલ જૂનાગઢ દ્વારા તા.૧૦-૦૮-૨૦૨૪ ના રોજ શાળાના વિદ્યાર્થીઓ સમગ્ર સ્ટાફ દ્વારા સિંહોના મહોરા સાથે સમાજમાં જાગૃતિ લાવવાના હેતુથી વિશાળ રેલીનું આયોજન કરવામાં આવેલ હતું. એશિયાઈ સિંહ, સાવજ, ડાલમથ્થા જંગલનો રાજા જેવા ગૌરવભર્યા નામોથી ઓળખાય છે. સૌરાષ્ટ્રના ગીરનો સિંહ માત્ર ગુજરાતનું નહીં સમગ્ર ભારતનુ ગૌરવ છે. સિંહો વિષેની ગેરમાન્યતાઓ અને સિંહોને બચાવવા આપણે શું કરી શકીએ, અને ગેરકાયદેસર લાયન શો અટકાવવા તેમજ સિંહ શૌર્ય અને ભવ્યતાનું પ્રતિક છે. આ અંગેનું માર્ગદર્શન સંસ્થાના પ્રમુખ જે.વી.બુટાણી, ટ્રસ્ટી હરેશભાઈ પરસાણાએ આપેલ હતું. શાળાના કર્મચારીઓ દ્વારા એશિયાઈ સિંહોના સંરક્ષણ માટે વિદ્યાર્થીઓ અને તમામ કર્મચારી સાથે સમૂહમાં પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

# લક્ષ્મીજીએ કરેલી શિવ-ભક્તિની કથા



## શ્રાવણ સત્સંગ

કનકચંદ્ર છગનલાલ વ્યાસ
દેવેન કનકચંદ્ર વ્યાસ

અનેક લીલા કરનારા ભગવાન વિષ્ણુએ એક વખત કોઈ કારણોસર લક્ષ્મીજીને ભુલોકમાં અશ્વયોનીમાં જન્મ થાય, તેવો શાપ આપ્યો. ભગવાનની દરેક લીલાઓમાં કોઈને કોઈ રહસ્ય અવશ્ય છુપાયેલું હોય છે. પરંતુ આ શાપ મળવાથી લક્ષ્મીજી અત્યંત દુઃખી અને વ્યથિત થયા. તેમણે પોતાનું દુઃખ અને વ્યથા વિષ્ણુ ભગવાન પાસે વ્યક્ત કરી. વિષ્ણુ ભગવાને કહ્યું, ' હે દેવી, મારુ વચન અફળ તો નહીં જ થાય. પરંતુ થોડો સમય તમે અશ્વયોનીમાં રહેશો, પછી મારા જેવો જ એક પ્રભાવશાળી પુત્ર તમારે ત્યાં થશે. એ સમયે તમારી શાપમાંથી મુક્ત થશે અને તમે મારી પાસે આવી જશો. ભગવાનના શાપનો ભોગ બનેલા લક્ષ્મીજીએ ભુલોકમાં આવી અશ્વયોનીમાં જન્મ લીધો. કાલીન્દી અને તમસા નદીના સંગમપર ભગવાન શિવજીની લક્ષ્મીજીએ આરાધના કરવી શરૂ કરી. એક હજાર વર્ષ સુધી સતત શિવજીનું ધ્યાન તપ લક્ષ્મીજીએ અશ્વયોજીમાં કર્યું. તેમની આ ઉગ્ર તપસ્યાથી દેવાધિદેવ મહાદેવજી અત્યંત પ્રસન્ન થયા. સાક્ષાત શિવજી માતા પાર્વતી સહિત વૃષભ ઉપર સવાર થઈ અશ્વ બનેલ લક્ષ્મીજી પાસે આવ્યા અને કહેવા લાગ્યા, ' હે દેવી, તમે તો જગતના માતા છો અને વિષ્ણુ ભગવાનને અત્યંત પ્રિય છો. તમે મુક્તિ-ભુક્તિ દેવાવાળા, આ સંપૂર્ણ જગતના સ્વામી વિષ્ણુ ભગવાનની આરાધના છોડી મારી આરાધના કેમ કરી રહ્યાં છો ? વેદોમાં સ્પષ્ટ કહ્યુ છે કે, સ્ત્રીઓએ હંમેશા પોતાના પતિની જ ઉપાસના કરવી જોઈએ. સ્ત્રી માટે તેના પતિથી વધારે કોઈ દેવતા નથી. પતિ ગમે તેવા હોય તેજ સ્ત્રીના આરાધ્ય દેવ હોય છે. ભગવાન નારાયણ તો પુરૂષોતમ છે, એવા દેવેશ્વર પતિની ઉપાસના છોડી અને તમે મારી ઉપાસના ક્યાં કરવા લાગ્યા ? ત્યારે લક્ષ્મીજી કહેવા લાગ્યા, ' હે શિવજી મારા પતિ દેવના શાપથી જ મારો આ અશ્વયોનીમાં જન્મ થયો છે. આ શાપનો અંત મારે ત્યાં પુત્ર થશે ત્યારે થશે. પરંતુ હું મારા પતિદેવના સાંનિધ્યથી વંચિત છું. તેઓ વૈકુંઠમાં નિવાસ કરે છે. હે દેવાધિદેવ તમારી ઉપાસના મેં એ માટે કરી છે કે, હું શ્રી હરિ અને હરમાં કોઈ ભેદ જોતી નથી. આપ બન્નેય એક જ છો. માત્ર રૂપનો જ ભેદ છે તેવું શ્રી હરિએ મને કહેલુ છે. તમારા એકત્વને જાણીને જ મેં તમારી આરાધના કરી છે. હે ભગવાન તમે મારા પર પ્રસન્ન થઈ મારું દુઃખ દુર કરો. ભગવાન શિવજીએ લક્ષ્મીજીના આ વચનોને સાંભળી અત્યંત પ્રસન્ન થઈ ભગવાન વિષ્ણુને આ બાબતે પ્રાર્થના કરવાનું વચન આપ્યું. અને શ્રી હરિને પ્રાપ્ત કરવા તથા મહાન પરાક્રમી પુત્ર પ્રાપ્ત થાય તેવું વચન પણ આપ્યું ત્યાર પછી શિવજી માતા પાર્વતી સહિત કૈલાસમાં ગયા. કૈલાસમાં બુધ્ધિમાન એવા ચિત્રરૂપને બોલાવી તેને દુત બનાવી અને વૈકુંઠ મોકલાવ્યો. ચિત્રરૂપ દ્વારા ભગવાન શિવજીએ મોકલાવેલ સંદેશો સાંભળી તથા દેવી લક્ષ્મીજીની સ્થિતિને જાણી ભગવાન વિષ્ણુએ અશ્વનું રૂપ લીધું. એ રૂપ સાથે તેઓ લક્ષ્મીજી પાસે ગયા. સમયાન્તરે દેવી લક્ષ્મીને 'એકવીર' નામનો પુત્ર થયો. તેના દ્વારા જ 'હૈહય-વંશ'ની ઉત્પત્તિ થઈ. આ પ્રકારે લક્ષ્મીજીના શાપની નિવૃતિ થઈ અને ફરી એક વખત દિવ્ય શરીર ધારણ ધરી દેવી લક્ષ્મીજી ભગવાન વિષ્ણુ સાથે વૈકુંઠમાં ગયા. તેમની શિવ આરાધના સફળ થઈ ગઈ.

# રેલ્વેના ઓવરબ્રિજ નીચે બની રહેલ અન્ડર બ્રીજ સમાન્ય વરસાદમાં વોટર કેનાલ બન્યો !

## ગ્રામજનો માટે આ અન્ડર બ્રિજ ઊંટ કાઢતા બકરૂ પેઢુ તેવો બન્યો : હજુ કન્સ્ટ્રકશન સમયે આ હાલત તો પછી શું પૂછતો પ્રશ્ન ?




(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

ઓખા પોર્ટ તા.૧૨

દેશના પશ્ચિમ વિભાગના છેલ્લા ગામ તરીકે અને ત્રણેય બાજુ સમુદ્ર અને રાહ રસ્તે કે રેલ્વેના રસ્તે પેરેરલ જોડાયેલ આ ગામની રચના મા ગ્રામજનોના રહેણાક અને અહીંની મુખ્ય બજાર, બસ સ્ટેશન અને ગામને વિશ્વ સાથે જોડાતા રાહ રસ્તા વચ્ચેથી રેલ્વેસ્ટેશન અને રેલ લાઈન પસાર થતી હોય અને તેને ક્રોસ કરવા માટે રેલ્વે દ્વારા ફક્ત એક જ ક્રોસિંગ ફાટક આપવામા આવેલ હોય અને યાત્રાધામ દ્વારકા અને બેટ દ્વારકાની યાત્રાએ આવતા યાત્રિકોની સુવિધા માટે રેલ્વે દ્વારા ડેઈલી જનરલ ટ્રેનો અને અહીંથી દરરોજ લાંબા અંતરની ટ્રેનોની મોટી અવરજવર રહેતી હોય આ ફાટક આવાર નવાર આ ટ્રેનોના આવતા જતા અને તેમના મેઈન્ટેનન્સ અને ટ્રેન વોશિંગ માટે તેમને પ્લેટફોર્મથી તેમની નીયત જગ્યા માં લાવવા લઈજવા માટે તેને ફરજીયાત સ્ટેશનથી એક કી.મી.દૂર ગામ બહાર લઈ જવા લાવવાના કામ અર્થે આ ફાટક ક્રોસ કરી જવાનું થતું હોય. આ ફાટક દિવસ ના મોટા ભાગના સમયે બંધ રહેતું હોય પ્રજા ને કાયમી હાલાકી પડતી હોય અને આ પ્રશ્ને રેલ્વે કર્મચારીઓ અને અધિકારીઓ વચ્ચે કાયમી વાદવિવાદનો પ્રશ્ન બનેલ તેમાં પંદર વર્ષ પહેલા ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રેલ અધિકારીઓ ના અભિપ્રાય વિરૂધ્ધ આધાર પુરાવા સાથે રેલ્વેનું ટર્મિનલ અહીં બનાવવાની માંગણી કરવામાં આવેલ જે અનુસંધાને તે બની પણ ગયું હોય આજ સંસ્થા દ્વારા પાંચ વર્ષ પહેલા ગ્રામજનોને માટે નડતર રૂપ કાયમી પ્રશ્ન ફાટકને બંધ કરી ઓવરબ્રિજ અને અન્ડર બ્રિજની માંગણી રેલ્વે અને રાજ્ય સરકાર સમક્ષ કરવામાં આવેલ જે અનુસંધાને રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨ના બજેટમાં તેને મંજુર કરી આ અંગેનો ટેક્નિકલ અભ્યાસ કરી જરૂરી નકશા બનાવી તેનું કામ ગત વર્ષે ચાલુ કરવામાં આવેલ. જે મુજબ ગ્રામજનોને ગામ બહાર જવા માટે ઓવરબ્રિજ અને રેલ્વે સ્ટેશન બસ સ્ટેશન અને મુખ્ય વહીવટી વિસ્તાર મુખ્ય બજાર, પોર્ટ મા જવા માટે ઓવરબ્રિજ નીચે અન્ડર બ્રિજ બનાવવાનું આયોજન કરી કામ ચાલુ કરવામાં આવેલ. પરંતુ રેલ લાઈન આસપાસ ગ્રામજનો ના રહેણાક વિસ્તારના કારણે ખુલ્લી જગ્યાનો આભાવ હોય ફક્ત ટુ વ્હીલરને આવવા જવા માટેનો અન્ડર બ્રિજ બનાવાવાનું કામ ચાલુ છે. પણ આ ઓવરબ્રિજના નકશા બનાવતા સમયે જે તે સ્થળ અને ગામ રચનાનો અભ્યાસ કર્યા વગર કે ટેકનીકલ ખુલ્લી જગ્યાનો સ્થળ અભ્યાસ કર્યા વગર અને સ્થાનિક વહીવટી તંત્રનો સંપર્ક કર્યા વગર ખર્ચ, નકશા, ટેન્ડર મંજુર કરી આ કામ ચાલુ કરવામાં આવ્યાનું ચર્ચાય છે. ત્યારે હવે હજુ આ કામ ફક્ત ૫૦% જેટલું પૂર્ણ જ થયેલ છે. ત્યાં જ પડેલા સામાન્ય વરસાદમાં અન્ડર બ્રિજમાં અડધો અડધ ઊંડાઈમાં વરસાદી પાણી ભરાઈ જતા તે હાલ ડેમની વોટર સપ્લાય કેનાલ હોય તેવી બની ગયાનું તસ્વીરમાં સ્પષ્ટ દેખાય છે. હકીકતમાં કુદરતી રચના પ્રમાણે આ ગામ ત્રણે બાજુ સમુદ્ર કિનારા ઉપર વસેલું અને સમુદ્રના પાણીના હાઈ ટાઈડ વોટર લેવલથી નીચા લેવલ ઉપર હોય વરસાદી પાણીના નિકાલનો કાયમી પ્રશ્ન હજુ ઉભો છે અને તાલુકાના હાઈ લેવલ ઉપર વસેલા ગામોનું વરસાદી પાણી અહીં આવે છે. જે પણ આજ રેલ લાઈન રોડ લાઈન ઉપરથી આ વિસ્તારમાં આવેજ છે. ત્યારે આ અન્ડર બ્રિજમાં ભરાનાર વરસાદી પાણીના નિકાલનો કાયમી પ્રશ્ન રહેવા સાથે તે અન્ડર બ્રિજ પણ ટુ વ્હીલર વાહનો માટે બિન ઉપયોગી સાબિત થશે. જે અંગે પ્રજાજનો આક્રોશ સાથે આ તો ફાટક રૂપી ઊંટ કાઢતા અન્ડર બ્રિજ રૂપી બકરૂ પેઠું જેવી હાલત બન્યાનું ચર્ચી રહ્યા છે.

# માણાવદર : ડહોળા પાણીનું વિતરણ કરી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતું પાલીકા તંત્ર

(પ્રતિનિધી દ્વારા)

માણાવદર તા.૧૨

માણાવદર શહેર અને પંથકમાં કુદરતે ૭૦ ઈંચ વરસાદ વરસાવી સમગ્ર પંથકના ડેમો-કુવા છલોછલ ભરી આપ્યા છતાં પણ પાલીકાના વહીવટી તંત્રની કોણ જાણે કેવો વહીવટ છે તેમ પ્રજાજનોમાં ચર્ચા છે. પાલીકા તંત્ર દ્વારા ૬ દિવસે અશુધ્ધ, ડહોળુ, ગંધાતુ પીવાનું પાણી વિતરણ કરી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરી રહયા છે. પાલીકા દ્વારા ૬ દિવસે પીવાના પાણી વિતરણ અત્યંત ખરાબ વિતરણ કરાયું હોય જે ૩૫ હજારની જનતાની જીંદગી સાથે ખુલ્લેઆમ ચેડા સમાન હોવાની પ્રજાજનો ફરીયાદો ઉઠી છે. વર્ષોથી ફિલ્ટર પ્લાન્ટની વાતો કરાય છે જે હવામાં ઉડી ગઈ કે શું ? એકબાજુ ૬ દિવસે પીવાનું પાણી મળે એટલે જનતાને એમ કે શુધ્ધ પીવાનું હશે, નળ ખોલ્યા ત્યાં તો અત્યંત ડહોળુ, પીવા તો શું ન્હાવા કે શૌચાલય સાફ કરવામાં પણ કામ ના આવે તેવું પાણી વિતરણ કરાતા પ્રજાજનોમાં રોષ ભભુકી ઉઠયો છે. પીવાના પાણીની સાથે સેનીટેશન કુંડીના પાણી ઠેર ઠેર ભળી ગયાની ફરીયાદોનો યોગ્ય ઉકેલ નહી થતું હોવાની ફરીયાદ છે. હવે અશુધ્ધ પાણીથી સારૂ ટાંકાનું પાણી પણ બગડી ગયું હવે પ્રજાએ શુધ્ધ પાણી કયાં ભરવા જવું ? રસાલા ડેમમાં પાલીકા દ્વારા ભુગર્ભ ગટરના સમ્પની મોટર બંધ હોય તે સીધુ જ ફિલ્ટર કર્યા વગર રસાલા ડેમના પાણીમાં માણાવદરની જનતા સાથે ચેડા થઈ રહયાની જનતાની ફરીયાદ છે. ભાજપ ધારાસભ્ય બડાઈ હાંકતા હતા. દરરોજ પાણી મળે તેવું કરશું પરંતુ ૬-૬ દિવસે પણ પીવાનું શુધ્ધ પાણી મળતું નથી.

# સોમનાથ ભુમિનો આવો હતો શ્રાવણ માસ પ્રાચીન અને વર્તમાનમાં આસમાન જમીનનો ફેર

(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૧૨

સૃષ્ટીના આદિકાળથી પવિત્ર શ્રાવણ માસ પ્રતિવર્ષ આવતો રહે છે. આજથી અંદાજે ૭૦ વર્ષ પહેલા પવિત્ર શ્રાવણ માસની કેટલીક યાદો મમળાવીયે

સોમનાથ પ્રભાસ પાટણમાં ફરાળ માટેની માંડવી આડોશ-પાડોશ-સગાવહાલાઓ ફોલતાં અને માંડવીના બીને લાકડાના પાટલા સાથે જડેલ ચોમાસ પતરાના ખોખામાં નાખી ઢાંકણું વસાતુ અને જુના જમાનાના ગ્રામફોનની ચાવ જેવી ચાવી ગોળગોળ ઘુમાવી માંડવીનો ભુકો કઢાતો જે ફરાળમાં માંડવી પાક તરીકે ખવાતો. શિવને ચઢાવવાના બિલીપત્રો એવા કાર્યમાં રોકાયેલ માણસો ઘેર ઘેર બિલીપત્રના ઢગલાઓ પહોંચાડતા તેમાંથી મોટાભાગે ત્રણ પાંખવાળા બિલીપત્ર જ પુજામાં વપરાતાં અને તેથી વધુ પાંદડા હોય તો તેને ફોટો ફ્રેમમાં મઢાવતા. તે સમયે નવું સોમનાથ ન હતું જેથી ગામડાના લોકો શણગારેલા બળદગાડામાં શ્રાવણ સોમવાર કે આઠમે સોમનાથ આવતા અને જુના સોમનાથના પરિસરમાં બહેનો શિવજીને લગતા રાસડા નરવા સાદે ગાઈ શિવભક્તિ એકાકાર બનતા. સીનેમાવાળા પણ શ્રાવણ માસમાં માત્રને માત્ર ધાર્મિક ફીલ્મો જ ચઢાવતા. ગામડાના ચોરે તહેવારો કે સાંજે રામાયણ, શિવપુરાણ વંચાતા અને સૌ આદરપુર્વક સાંભળતા. શિવપુજક આગલી સાંજે પ્રભાસના સીમ વગડામાં જઈ પુજા માટે ફુલ જાતે વીણવા જતા, શ્રાવણ માસ પ્રારંભ પહેલાં-દરમ્યાન ધાર્મિક ચોપડીઓ વેંચનારા ફેરીયાઓ શેરીઓમાં મોટા અવાજે સાદ કરી ચોપડી ખરીદવા જણાવતા હતા. આજના જેવા અદ્યતન ફરાળ ન હતા, માત્ર માંડવી, સાબુદાણા, કેળા, પપૈયા, રાજગરાનો લોટ મુખ્ય રહેતા હતા.ગામની શેરીઓના શિવાલયોમાં લોકો વાવટતા બાંધતા, રોશની કરતા અને ખાસ કરીને દિપ શણગાર કરતા અન અનુકુળ હોય તો બરફના અમરનાથ પણ બનાવતા, ઉતરવા માટે તિર્થમાં કોઈ અદ્યતન ગેસ્ટ હાઉસ ન હતા પરંતુ ધર્મશાળાઓ હતી. શ્રાવણ માસથી છે ક દિવાળી સુધી અનેકો તહેવારો નવરાત્રી, ગણેશોત્સવ, ખેતરમાં વાવેલો પાક બજારમાં લાવવાનો સમય રહેતો, જેથી સર્વેમાં ઉલ્લાસ હતો અને તે જમાનાને અનુકુળ લાકડાના ચકડોળ, ફુગા, પાવા, સેકેલી માંડવી, બો પટ્ટી, આભલા કટલેરી બજારમાં મેળામાં વેંચાતા રોજગાર મેળવી લોકો જીવન નિર્વાહ ઉપયોગી બનતો.

# દેવભૂમિ દ્વારકા જિલ્લો રંગાયો રાષ્ટ્રભક્તિના રંગે

## સુદર્શન સેતુ ઉપર ગુંજ્યા વંદે માતરમ, ભારત માતા કી જયના નારા : ૨૧૫૧ ફૂટના તિરંગા સાથે યોજાઈ વિશાળ તિરંગા યાત્રા






(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૨

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વહિવહી તંત્ર દ્વારા હર ઘર તિરંગા અભિયાનની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી રહી છે. જેને પગલે આજરોજ દેવભૂમિ દ્વારકા જિલ્લાની ઓળખ સમાં સુદર્શન સેતુ ખાતે ૨૧૫૧ ફૂટ લંબાઈના વિશાળ તિરંગા સાથે જિલ્લા કલેકટર જી.ટી.પંડ્યા, પોલીસ અધિક્ષક નિતેશ પાંડેય, પ્રાંત અધિકારી એચ.બી.ભગોરા, નાયબ પોલીસ અધિક્ષક સગર રાઠોડ, ઓખા નગરપાલિકા પ્રમુખ રાજુભાઈ કોટક સહિતના મહાનુભાવોએ લીલીઝંડી આપી તિરંગા યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. ઓખાના સુદર્શન સેતુ ખાતે યોજાયેલ વિશાળ તિરંગા યાત્રામાં યુવાઓ, બાળકો, પ્રબુદ્ધ નાગરિકો, મહિલાઓ, પોલીસ જવાનો સહિતના વંદે માતરમ્, ભારત માતા કી જયના જયઘોષથી સમગ્ર વાતાવરણ રાષ્ટ્રભક્તિથી ગુંજી ઉઠ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, દેશના નાગરિકોમાં શહીદો, દેશની આઝાદી માટે બલિદાન આપનારા વીર સપૂતો તેમજ નાગરિકોમાં રાષ્ટ્રભાવના પ્રબળ બને તેવા ઉમદા આશયથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં સમગ્ર દેશમાં તા .૦૮થી ૧૫મી ઓગસ્ટ દરમ્યાન હર ઘર તિરંગા અભિયાન યોજાઈ રહ્યું છે. જે અંતર્ગત ગુજરાતમાં પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં આ અભિયાન હેઠળ વિવિધ કાર્યક્રમોનું ભવ્ય આયોજનો કરવામાં આવ્યા છે.

# રાજકોટ જીવનનગરમાં રાષ્ટ્રીય એકતા રેલી, મશાલ સરઘસ નીકળશે : સ્વાતંત્ર્ય પર્વની આન-બાન-શાનથી ઉજવણી થશે

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૨



ભારત જન વિજ્ઞાન જાથાના સહયોગથી જીવનનગર વિકાસ સમિતિ વોર્ડ નં.૧૦ જાગૃત નાગરિક મંડળ, મહાદેવધામ સમિતિ અને મહિલા મંડળ ઉપક્રમે સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે મહાદેવધામના પટાંગણમાં ધ્વજવંદન સાથે રાષ્ટ્રીય એકતા રેલી, મશાલ સરઘસ, શૌર્ય ગીત, વેશભૂષા સહિત અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સમિતિ છેલ્લા ૪૩ વર્ષથી રાષ્ટ્રીય ત્યૌહારના આયોજનોમાં અગ્રેસર છે. જાથાના પ્રમુખ જયંત પંડયાએ જણાવ્યું કે જીવનનગરમાં સામાજિક, રાષ્ટ્રીય, સેવાકીય, સાંસ્કૃતિક ઉત્સવ અંતર્ગત કાર્યક્રમો યોજાય છે. ગુજરાતભરમાં સમિતિની પ્રવૃત્તિ અગ્રેસર છે. તા.૧૫ મી ગુરૂવારે સવારે સાડા આઠ કલાકે જીવનનગર ચોકમાં દેશપ્રેમ-દેશદાઝ, રાષ્ટ્રીય પર્વ અન્વયે કાર્યક્રમો યોજાનાર છે. રાષ્ટ્રીય એકતા રેલી માર્ગો ઉપર નીકળી દેશપ્રેમના સુત્રોચ્ચાર કરશે. રહીશોના સંતાનો વેશભૂષા પરિધાન કરશે. ઉપરાંત છાત્ર-છાત્રાઓનું સન્માન થશે. સમિતિએ જનજાગૃતિ માટે મશાલ સરઘસમાં જયોત પ્રગટાવી મહિલાઓ આગેવાની લેવાના છે. ભારતીય તિરંગા સાથે છાત્રાઓ અગ્રેસર રહેશે. રાષ્ટ્રીય પર્વમાં પ્રદેશ ભા.જ.પ. ના મંત્રી બીનાબેન આચાર્ય, કોર્પોરેટર ચેતનભાઈ સુરેજા, નીરૂભા વાઘેલા, જોશનાબેન ટીલાળા, ડો. રાજેશ્રીબેન ડોડીયા, પૂર્વ નગરસેવક પરેશભાઈ હુંબલ, નીતાબેન વઘાસીયા, અશ્વિનભાઈ ભોરાણીયા, શહેર ભા.જ.પ. ના હરેશભાઈ કાનાણી, વિજયભાઈ પાડલીયા, વોર્ડના પ્રભારી રઘુભાઈ ધોળકીયા, પ્રમુખ રજનીભાઈ ગોર, મહામંત્રી રત્નદિપસિંહ જાડેજા, મેહુલભાઈ નથવાણી, ઉપપ્રમુખ અશ્વિનભાઈ કોરાટ, મહેન્દ્રસિંહ ચુડાસમા, હેમાંગ માકડીયા, કેતન મકવાણા, વિપુલ પંડયા, વિનોદરાય ભટ્ટ, મહિલા મોરચાના મયુરબેન ભાલારા સહિત આગેવાનો હાજરી આપવાના છે. અનિલ જ્ઞાન મંદિર, સ્વસ્તિક ગર્લ્સ હાઈસ્કૂલના છાત્ર-છાત્રાઓ સાંસ્કૃતિક કાર્યક્રમ વિવિધતાથી રજૂ કરશે. રાષ્ટ્રીય પર્વની તૈયારી અંકલેશ ગોહિલ, વિનોદરાય ભટ્ટ, પંકજભાઈ મહેતા, ડો. તેજસ ચોકસી, મુકેશભાઈ પોપટ, વિનોદરાય ઉપાધ્યાય, પાર્થ ગોહેલ, મહિલા મંડળના સુનિતાબેન વ્યાસ, શોભનાબેન ભાણવડિયા, યોગીતાબેન જોબનપુત્રા, ભારતીબેન ગંગદેવ, ભારતીબેન રાવલ, આશાબેન મજેઠીયા, હર્ષાબેન પંડયા, અલ્કાબેન પંડયા સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે. અંતમાં જીવનનગર, જ્ઞાનજીવન, દેશળદેવ પરા, અમી પાર્ક, બ્રહ્મસમાજ, તિરૂપતિ, સૌ. કલા કેન્દ્ર, રાવલનગર, શિવપરા આસપાસના રહીશો ધ્વજવંદનમાં ભાગ લેવાના છે.

# ભગવાન દ્વારકાધીશના દર્શનાર્થે આવતા શ્રદ્ધાળુઓને તિરંગો આપી અભિયાનમાં જોડાવવા આહવાન



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૨

દેશની આઝાદીના ૭૮માં સ્વતંત્રતા દિવસ પૂર્વે નાગરિકોમાં દેશભક્તિની ભાવનાની જ્યોત પ્રજ્વલિત થાય તેવા ઉદેશ્યથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહવાનને પગલે તા.૦૮ થી ૧૫ ઓગસ્ટ દરમ્યાન હર ઘર તિરંગા અભિયાન યોજાનાર છે. આ આહવાનને ઝીલીને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યમાં હર ઘર તિરંગા અભિયાનને વ્યાપક જન પ્રતિસાદ મળી રહ્યો છે. જેને પગલે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કલેકટર જી.ટી.પંડ્યાના માર્ગદર્શનમાં સમગ્ર જિલ્લામાં હર ઘર તિરંગા અભિયાન વેગવાન બન્યું છે. તેમજ પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયની રાહબરી હેઠળ દ્વારકા ખાતે ટ્રાફિક પોલીસ દ્વારા દ્વારકાધીશ મંદિર ખાતે પધારતા દર્શનાર્થીઓને તિરંગો આપી હર ઘર તિરંગા અભિયાનમાં જોડાવા આહવાન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત દ્વારકા ખાતે રાધે ફાઉન્ડેશનમાં રહેતા દિવ્યાંગ બાળકો હર ઘર તિરંગા અભિયાનમાં જોડાયા હતા. તેમજ બાળકોને તિરંગાના મહત્વ વિશે અવગત કરાવવામાં આવ્યા હતા.

### શાળાકીય રમતોત્સવ ૨૦૨૪ - ૨૦૨૫ માં

# જૂનાગઢની કાલરિયા પ્રાયમરી સ્કુલનાં વિદ્યાર્થીએ 'હેન્ડબોલ અન્ડર-૧૪' માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું




જૂનાગઢ તા. ૧૨

ગુજરાત સરકારશ્રી પ્રેરીત જીલ્લા કક્ષાનાં ૬૮ માં શાળાકીય રમતોત્સવ ૨૦૨૪ -૨૫ માં જૂનાગઢ શહેરીય સ્તરે 'હેન્ડબોલ અન્ડર - ૧૪' રમતમાં પટેલ કેળવણી મંડળ, જૂનાગઢ સંચાલિત શ્રીમતી આર. એસ. કાલરિયા પ્રાયમરી સ્કુલનાં અંગ્રેજી માધ્યમનાં વિદ્યાર્થી ભાઈઓ પ્રથમ ક્રમાંકે વિજેતા થયેલ છે.

આ સિધ્ધી બદલ સંસ્થાનાં પ્રમુખ સવજીભાઈ મેનપરા, વાઈસ મેનેજીંગ ટ્રસ્ટી રતિભાઈ મારડીયા, મંત્રી શિરિષભાઈ સાપરીયા, કિશોરભાઈ મેંદપરા, એકેડેમીક ઈન્ચાર્જ ડો. પી. આર. ગોધાણી, કેમ્પસ ડાયરેકટર ડો. દિનેશભાઈ ડઢાણીયા, એકેડેમીક ડેપ્યુટી ડાયરેકટર નિરજભાઈ વાછાણી, તેમજ સંસ્થાનાં પ્રિન્સીપાલ તેમજ સમગ્ર સ્ટાફે વિદ્યાર્થીઓએ મેળવેલ સિધ્ધી બદલ તેઓને બિરદાવેલ તેમજ ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવેલ હતી.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાના ૧૯ હેડ કોન્સ્ટેબલને એ.એસ.આઈ.નું પ્રમોશન



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા જુદા પોલીસ મથકમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા ૧૯ પોલીસ કર્મચારીઓને જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા સામુહિક ઓર્ડર મારફતે બઢતી આપી અને અના. એ.એસ.આઈ.નું પ્રમોશન આપવામાં આવ્યું છે. જેમાં એલસીબીના ડાડુભાઈ જોગલ, ખંભાળિયાના હેમતભાઈ નંદાણીયા, પોલીસ હેડ ક્વાર્ટરના મહેન્દ્રસિંહ જાડેજા, ડીવાયએસપી હેડ ક્વાર્ટરના માલદેભાઈ નંદાણીયા, સહિતના પોલીસ કર્મીઓને બઢતી સાથે સાથે જે-તે પોલીસ મથકમાં જ નવી જવાબદારી સોંપવામાં આવી છે.

# જૂનાગઢ જિલ્લાનો આપદા મિત્રોને રીફ્રેશર તાલીમ કાર્યક્રમ યોજાયો

## જિલ્લાના ૨૦૦ જેટલા GRD/Home Guard જવાનોએ આપતી વ્યવસ્થાપન અંગેની તાલિમ મેળવી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

જિલ્લા કલેકટર અનીલકુમાર રાણાવસિયાનાં માર્ગદર્શન હેઠળ કલેકટરની કચેરી અને જીલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર જૂનાગઢ દ્વારા પોલીસ હેડ ક્વાટર ખાતે તા.૦૯ ઓગષ્ટના રોજ જૂનાગઢ જિલ્લાનાં આપદા મિત્રોનો રીફ્રેશર તાલીમ કાર્યક્રમ યોજાયો. જેમાં જિલ્લાના ૨૦૦ જેટલા GRD/Home Guard જવાનોને કુદરતી અને માનવસર્જિત આપત્તિ તથા અચાનક આવતી આપત્તિમાં કઈ રીતે રાહત અને બચાવ કરવો તે બાબતે ડિઝાસ્ટર મેનેજમેન્ટ, પ્રાથમિક સારવાર, શોધ અને બચાવ, માનવ સર્જિત આપત્તિઓમાં સાવચેતી રાખવી તથા આગ સલામતી, CPR , રોડ અકસ્માતમાં આપવાની પ્રાથમિક સારવાર તાલીમ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમમાં કામગીરી કરવી વગેરે વિષયોની તાલીમ અને જાણકારી ડી.પી.ઓ. ક્રતુ ત્રિવેદી, ડિઝાસ્ટર મામલતદાર, કેશોદ નગપાલીકા ફાયર શાખાના ફાયર સ્ટાફ, SDRF ગોંડલ ની ટીમ તેમજ ૧૦૮ સેવા દ્વારા તાલીમ આપવામાં આવી. આ તાલીમ કાર્યક્રમમાં નિવાસી અધિક કલેક્ટર એન.એફ. ચૌધરી દ્વારા તાલીમાર્થીઓને તાલીમ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ તાલીમ કાર્યકર્મમાં ડીઝાસ્ટર મામલતદાર પી.એમ.ખ્રિસ્તી, ડી.પી.ઓ. ક્રતુ ત્રિવેદી તેમજ નાયબ મામલતદાર ભુપેન્દ્રભાઈ પરમાર હાજર રહ્યા હતા.

### જેતપુરની ડાઈંગ ઈન્ડસ્ટ્રીઝનાં કેમીકલયુક્ત–કલરવાળું ઝેરી પાણી ઓઝત, ઉબેણ અને ભાદર નદીમાં છોડવામાં આવતાં

# ઘેડ પંથક સહિત ૭ તાલુકાનાં ખેડૂતો પાયમાલ થઈ જશે : ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની ઘોર બેદરકારી

જૂનાગઢ તા. ૧૨

જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ સમીતીએ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનાં ચેરમેનને પત્ર લખીને રજુઆત કરી છે કે રાજકોટ જીલ્લાનાં જેતપુર ડાઈંગ ઈન્ડસ્ટ્રીયલ ઉદ્યોગનું કલર-કેમીકલ્સયુકત પાણી નદીઓમાં નદીઓમાં છોડવામાં આછે. તેમજ ગેરકાયદેસર ધોલાઈ ઘાટો બંધ નહીં કરાય તો રાજકોટ જીલ્લાની જ નહીં પણ જૂનાગઢ જીલ્લાનાં ભેંસાણ, વિસાવદર, જૂનાગઢ, વંથલી સુધીનાં ગામોના પીવાના મીઠા પાણીનાં ફાફા થશે. તેટલું જ નહી ઓઝત, ઉબેણ અને ભાદર નદીકાંઠા વિસ્તારનાં ખેડૂતોની એકમાત્ર આજીવિકા સમાન ખેતીની જમીનનાં બોર-કુવા સુધી કલરવાળુ કેમીકલયુકત પાણી પહોંચવાનાં કારણે ખેતેની જમીન વેરાન બની જઈ રહી છે. અને લોકોનાં આરોગ્યને પણ ભયંકર નુકશાન થઈ રહયું છે. તેમજ કેમીકલ અને કલરવાળુ પાણી ઘેડ પંથક સુધી પહોંચ્યું છે. તે કેમીકલયુકત પાણી બંધ કરાવવા ૨૦૧૬થી કોંગ્રેસ પક્ષનાં ધારાસભ્યો અને જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ દ્વારા રજુઆતો કરવામાં આવી રહી છે. તેમ છતાં આજદિન સુધીમાં કેમીકલયુકત પાણી નદીઓમાં ઠાલવવાનું બંધ કરવાનાં બદલે દિવસને દિવસે તેનું પ્રમાણ વધી રહયું છે.

રાજકોટ જીલ્લાનાં જેતપુર ડાઈંગ ઈન્ડસ્ટ્રીયલ ઉદ્યોગનું કલરવાળુ કેમીકલયુકત પાણી જૂનાગઢ જીલ્લાનાં ભેંસાણ અને વિસાવદર તાલુકાનાં પંથકમાં ગેરકાયદેસર રીતે નદીઓમાં કેમીકલવાળુ પાણી છોડવાનાં કારણે તથા જૂનાગઢ જીલ્લાનાં ભેંસાણ અને વિસાવદર તાલુકા પંથકમાં ધમધમતા ગેરકાયદેસર અને કાયદેસરનાં ધોલાઈ ઘાટોનું કેમીકલ અને કલરવાળું પાણી સીધુ જ ઉબેણ અને ઓઝત નદીમાં થઈને છેક જૂનાગઢ જીલ્લા અને પોરબંદર જીલ્લાનાં ઘેડ પંથક સુધી પહોંચ્યું છે. જેનાં કારણે ભયંકર પરિસ્થિતિનું નિર્માણ થઈ રહયું છે. ૨૦૧૬થી જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ પક્ષ અને જે તે સમયથી કોંગ્રેસ પક્ષનાં ધારાસભ્યો દ્વારા ઉદ્યોગો દ્વારા નદીમાં છોડાતું કલરવાળુ કેમીકલ્સયુકત પાણી બંધ કરવાની અને કાયદેસર-ગેરકાયદેસર ચાલતા ધોલાઈ ઘાટો બંધ કરવાની અનેક રજુઆતો કરાઈ છે તેમ છતાં આજદિન સુધી સરકાર કે જીપીસીબીએ તેની કોઈ ગંભીરતા જ લીધેલ નથી કે તેમાં જવાબદારો સામે કોઈ જ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

રાજકોટ જીલ્લાનાં જેતપુર ડાઈંગ ઈન્ડસ્ટ્રીયલ ઉદ્યોગ સંચાલકો માલીકો દ્વારા ફીલ્ટર કર્યા વગરનું કલરવાળુ કેમીકલ્સ યુકત પાણી ગેરકાયદેસર રીતે નદીઓમાં છોડવામાં આવે છે. અને તેમાં કાયદેસર અને ગેરકાયદેસર ધોલાઈ ઘાટોના કેમીકલ યુકત પ્રદુષીત પાણીનાં કારણે નદીઓનું અને ડેમોનું પાણી દિવસને દિવસે ઓઝત, ઉબેણ અને ભાદર નદીઓનું પાણી પ્રદુષીત થતું જાય છે. અને આ નદીઓનું પાણી નીચાણવાળા વિસ્તારનાં ભેંસાણ, વિસાવદર, કેશોદ, જૂનાગઢ, વંથલી, માણાવદર તેમજ પોરબંદર જીલ્લાનાં કુતિયાણા સહીત ઘેડ પંથક સુધી આ કાયદેસર અને ગેરકાયદેસર ધોલાઈ ઘાટોનું કેમીકલયુકત પ્રદુષીત ઝેરી પાણી પહોંચ્યું છે. જેનાં કારણે જૂનાગઢ જીલ્લાનાં જૂનાગઢ, ભેંસાણ, વિસાવદર, વંથલી, માણાવદર, કેશોદ તાલુકાઓ અને પોરબંદર જીલ્લાનાં કુતિયાણાનાં જગતનાં તાત ખેડૂતોની એકમાત્ર આજીવીકા સમાન ખેતીની જમીનોના બોર-કુવામાં તે નદીઓનાં પાણી પહોંચી ગયેલ છે. જેના કારણે પાણી પીવાલાયક તો ઠીક ખેતીલાયક પણ બચ્યું નથી. જેથી ખેડૂતોની એકમાત્ર આજીવીકા સમાન ખેતીની જમીનો ધીરે ધીરે બંજર બની રહી છે. અને ખેડૂતો આર્થિક રીતે પાયમાલ થઈ રહયા છે. ભારત ખેતીપ્રધાન દેશ છે. ભારત ૬૦ ટકા આર્થિક વ્યવહાર ખેતી પર આધારીત છે ત્યારે જગતનાં તાતની એકમાત્ર આજીવીકા સમાન ખેતીની જમીનોને બંજર બનતી અટકાવવી ખુબ જ જરૂરી છે. તેટલું જ નહી ઉપરોકત કેમીકલયુકત પ્રદુષીત પાણીના કારણે લોકોનાં આરોગ્યને પણ ભયંકર નુકશાન થઈ રહયું છે. વધુમાં લોકોને પીવાના મીઠા પાણીના ફાફા થશે. અને લોકોને પીવાનાં પાણી માટે કેરબા લઈને આમ-તેમ રઝળવું પડશે. અને ના છુટકે મોંઘા ભાવનું પાણી વેચાતું લઈ તેમની તરસ છીપાવવી પડશે. જો જીપીસીબી વહેલું નહી જાગે તો માત્ર જેતપુર ડાઈંગ ઈન્ડસ્ટ્રીઝ ઉદ્યોગોના કારણે અત્યંત વિષમ પરિસ્થિતિનું નિર્માણ થાય તે દિવસો હવે દૂર નથી તેમ પત્રમાં જણાવ્યું છે.

કાયદાની જોગવાઈ મુજબ તા. ૧૬-૪-૨૪ના રોજ વોશીંગ ઘચાટ શુધ્ધિકરણ યોજના બંધ કરવાનો હુકમ કરેલ છે. ફળદ્રુપ જમીન બચશે તો પર્યાવણ પણ બચશે. જો પર્યાવરણનાં કાયદાને આગળ ધરીને વોશીંગ ઘાટ શુધ્ધિકરણ યોજનાને બંધ કરેલ છે. જેના કારણે ખેડૂતો અને લોકોની સાથો સાથ પર્યાવરણને ભયંકર નુકશાન થઈ રહયું છે તેનો કેમ વિચાર કરવામાં આવતો નથી ? જે રીતે કેમીકલયુકત પ્રદુષીત પાણી ઓઝત અને ઉબેણ જેવી નદીઓ અને ડેમોમાંથી થઈને ખેડૂતોનાં બોર-કુવાનાં તળ સુધી ઝેરી પાણી પહોંચ્યું છે. પ્રદુષણ પાણી પર્યાવરણની સાથે સાથે વન્ય પ્રાણીઓને પણ ભયંકર નુકશાન થવાની ભીતી છે. ત્યારે પર્યાવરણ વિભાગ તેનો વિચાર કેમ નથી કરતું ?ખેડૂતોનાં હીતમાં તથા વન્ય પ્રાણીઓનાં હીતમાં ડાઈંગ ઈન્ડસ્ટ્રીઝનું ઝેરી પાણી તથા ગેરકાયદેસર ધોલાઈ ઘાટોનું કેમીકલયુકત પ્રદુષીત પાણી નદીઓમાં ઠલવાઈ રહયું છે તે તાત્કાલીક બંધ કરવું જોઈએ. તેમજ શુધ્ધિકરણ યોજનાનું પ્લાન તાત્કાલીક ધોરણે ચાલુ કરવું જોઈએ તેવી કોંગ્રેસનાં મહામંત્રી વી.ટી. સીડા, પ્રમુખ ભરતભાઈ અમીપરાએ પત્રમાં માંગણી કરી છે.

# ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં વાઇલ્ડ લાઇફ વિભાગ દ્વારા વિશ્વ સિંહ દિવસની ભવ્ય ઊજવણી કરાઈ





**વિશ્વ સિંહ દિવસની ઉજવણી અંતર્ગત સિંહ ફોટો પ્રદર્શન પોસ્ટર પ્રદર્શન અને શોર્ટ ફિલ્મ હરીફાઈ યોજાઈ : સિંહ જીવન શૈલીની હેબિટ, માનવ સાથેનો સંબંધ અને સિંહના વિચરણ અને આરોગ્યના આઈમોમા ફેરફાર સંશોધનાત્મક : પ્રો.(ડો.) ચેતન ત્રિવેદી, કુલપતિ**

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના વાઈલ્ડ લાઈફ અને લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટ સંયુકત ઉપક્રમે વિશ્વ સિંહ દિવસની ઉજવણી યુનિવર્સિટીના કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી. સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર વાઈલ્ડ લાઈફ એન્ડ કન્ઝર્વેશન અને ડિપાર્ટમેન્ટ ઓફ લાઈફ સાયન્સ ભક્તિ કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના ઉપક્રમે વિશ્વ સિંહ દિવસની ઉજવણીના ભાગરૂપે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ આજે ફોટો પ્રદર્શન, પોસ્ટર પ્રદર્શન યોજી સિંહ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરી હતી. વિદ્યાર્થીઓએ શોર્ટ ફિલ્મ હરીફાઈમા પણ ભાગ લીધો હતો. કાર્યક્રમને દીપ પ્રાગટ્યથી પ્રારંભ કરાવતા ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીએ સિંહના વિચરણ, સિંહની હેબિટ અને સિંહના આરોગ્ય, સંસ્કૃતિમા સિંહ ઉપર વાત કરતાં જણાવ્યું હતું કે આજે સિંહ માત્ર ગીર કે ગિરનાર નહીં પણ ભાવનગર અને બરડાના વિસ્તાર સુધી પોતાનો વિસ્તાર વ્યાપધારી ચૂક્યો છે. ત્યારે તેના જીવનમાં પણ ઘણા બદલાવો જોવા મળી રહ્યા છે, સિંહ એની હેબિટ, માનવ સાથેનો સંબંધ અને સિંહના વિચરણ અને આરોગ્યના આઈમોમાં બદલાવો બાબતે સિંહ જીવનમાં સંશોધનાત્મક બાબતો બની છે.ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશન સ્ટડિઝ દ્વારા અનેકવિધ એન્વાયરમેટલી અભ્યાસક્રમો સાથે વિદ્યાર્થીઓનું અભ્યાસ સંધાન કરવામાં આવ્યું છે. ત્યારે આવનારા દિવસમાં જુનાગઢ, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, અમરેલી ક્ષેત્ર પ્રવાસનનું હબ બનવા જઈ રહ્યું છે, ત્યારે એસેટીકસિંહની લાઈફ સ્ટાઈલ અને ગીરમાં તેમનું વિચરણ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર પણ બની રહ્યું છે. ગીરનો સિંહ સૌરાષ્ટ્રની રોજગારી અને પ્રવાસનને વેગ પૂરો પાડી રહ્યો છે, ત્યારે વિદ્યાર્થીઓમાં આ અભ્યાસનું નવું આયામ વિસ્તરે તે દિશામાં યુનિવર્સિટી પગલા લઈ રહી છે. કાર્યક્રમના પ્રારંભે લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટના અધ્યક્ષ પ્રો. (ડો.)સુહાસ વ્યાસે અતિથિઓને આવકારી કાર્યક્રમનો હેતુ સ્પષ્ટ કર્યો હતો. વાઈલ્ડ લાઈફ વિભાગ સાથે સંકળાયેલા સેન્ટર ઓફ એક્સલન્સ ફોર વાઈલ્ડ લાઈફ એન્ડ કન્ઝર્વેશન સ્ટડીજ વિભાગના ડો. નિશિત ધારૈયાએ સિંહ દિવસની ઉજવણીની વિગતો રજૂ કરી સિંહ સંવર્ધન અને સિંહની જીવનશૈલીઓ પર સંશોધનાત્મક વિષયો રજૂ કર્યા હતા.કાર્યક્રમમાં ધીરુભાઈ, ગિરીશભાઈ કાંજાણી, સી એલ કોલેજના પ્રિન્સિપાલ ડો. મગનભાઈ ત્રાડા, યુનિવર્સિટી સંલગ્ન ડિપાર્ટમેન્ટના વિભાગીય વડાઓ સિંહ પ્રેમી અગ્રણીઓ યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને પીએચ.ડી માં સ્કોલર સંશોધક યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે આભાર દર્શન પ્રા.જતીન રાવળે કર્યું હતું. ફોટો પ્રદર્શન, પોસ્ટર પ્રદર્શન અને શોર્ટ ફિલ્મ સ્પર્ધામા ભાગ લેનાર તેજસ્વી સ્પર્ધકોને મહાનુભાવના હસ્તે શીલ્ડ- પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# વિશ્વ સિંહ દિવસ નિમિત્તે એન.આર. વેકરીયા કોલેજ ખાતે વિશેષ કાર્યક્રમ યોજાયો









(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

વિશ્વ સિંહ દિવસ નિમિત્તે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના સેન્ટર ઓફ એક્સિલન્સ ફોર વાઈલ્ડ લાઈફ એન્ડ કન્ઝર્વેશન સ્ટડીઝ અને લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટ દ્વારા વિશ્વ સિંહ દિવસ નિમિત્તે ૧૦ ઓગસ્ટના રોજ એન.આર. વેકરીયા કોલેજ ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પોસ્ટર પ્રેઝન્ટેશન સ્પર્ધા, લઘુ ફિલ્મ બનાવવાની સ્પર્ધા અને સિંહ ફોટો એકિઝબિશન જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૨૦૦થી વધુ સ્થાનિક લોકોએ ઉપસ્થિતિ નોંધાવી હતી. ૧૮થી વધુ વિદ્યાર્થીઓએ સિંહ વિશેની માહિતી આપતા પોસ્ટર રજૂ કર્યા હતા. વિવિધ લઘુ ફિલ્મોની રજૂઆત વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી.તેમજ યુનિવર્સિટીના વિવિધ વડાઓ અને અધ્યાપકો પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, સિંહના ૬૦ જેટલા ફોટોનું પ્રદર્શન ને કુલપતી પ્રો. (ડો.) ચેતન ત્રિવેદી દ્વારા ખુલ્લુ મુકવામાં આવેલ જેનો લાભ વિદ્યાર્થી ઉપરાંત સ્થાનિક લોકો એ પણ લીધો. વિવિધ સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓને ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. લઘુ ફિલ્મ પ્રદર્શનમાં વિજેતાઓમાં પ્રથમ સ્થાને અલ્ફેઝ ભટ્ટી અને ટીમ, દ્વિતીય સ્થાને મીત દેસાઈ, તૃતીય સ્થાને વિશાલ પટેલ જ્યારે પોસ્ટર પ્રેઝન્ટેશનમાં વિજેતાઓમાં પ્રથમ સ્થાને આરતી ભુવા અને ટીમ, દ્વિતીય સ્થાને દિશા અને ટીમ, તૃતીય સ્થાને મયંક જુડાલ અને ટીમ રહી હતી.

# જૂનાગઢ શ્રી શનિદેવ મંદિરે પાટોત્સવની ઉજવણી અને એક્તાનાથજીની ચાદરવિધી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢ ભવનાથ તળેટી ખાતે આવેલ સરસ્વતી માતા તથા શનિદેવ ભગવાનના મંદિરે શનિવારના રોજ શનિદેવના સાનિધ્યમાં ભવ્ય અને દિવ્યતાથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિશ્વ કલ્યાણ અર્થે મહાયજ્ઞનું આયોજન કરાયું હતું. તેમજ રૂદ્રયાગમાં દોઢ લાખ મહામર્ત્યુંજય મંત્રોની આહુતિ આપવામાં આવી હતી અને મંદિરના મહંત તરીકે એકતાનાથજી ગુરૂ તુલસીનાથજીની ભુતનાથ મહાદેવ મંદિરના મહંત પુ. મહેશગીરી બાપુ, પુ. મહાદેવ ભારતીબાપુ, પુ. બલરામદાસબાપુ, મહેશ્વરી દેવીજી, અઘોરી બાબા અજીતનાથજી, ગિરનાર અઘોર અખાડા બગડુ, જેતપુર, ભીડ ભંજનના મહંતના મહંત કમલનાથજી ગોરખધુણાના સોમનાથ બાપુ સહિતના સંતો-મહતોની ઉપસ્થિતિમાં મંદિરના મહંત તરીકે એકનાથજી ગુરૂ તુલસીનાથજીની ચાદરવિધી કરવામાં આવી હતી. આ પાટોત્સવ દરમ્યાન યોજાયેલ મહાયજ્ઞ અને ચાદરવિધીમાં અસંખ્ય શ્રધ્ધાળુઓએ દર્શનનો અને મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## વંથલીમાં યુવતીનો ગળેફાંસો ખાઈ આપઘાત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

વંથલી તા.૧૨

વંથલીના બ્રાહ્મણવાડા વિસ્તારમાં રહેતી યુવતીએ કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું વંથલી પોલીસમાં નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસ મથકે મકસુખભાઈ મહમદભાઈ અગવાને જાહેર કરેલ કે પોતાની મૃતક પુત્ર માહીમબેન (ઉ.વ.૨૦)વાળી કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

## જૂનાગઢના ખડીયા ગામેથી રહેણાંક મકાનમાંથી રૂા. ૭.૬૮ લાખનો દારૂ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢ તાલુકા પોલીસે ગઈકાલે બપોરના સમયે ખડીયા ગામે અબાહસન દુરાભાઈ મકરાણીના રહેણાંક મકાન પર રેડ કરતા આરોપીએ પોતાના ઘરે વિદેશી દારૂ તેમજ બીયર ટીનની ૧૭૬ પેટી કિંમત રૂા.૭,૬૮,૦૦૦નો જથ્થો ઝડપી લીધેલ છે. જયારે દારૂમાં હેરાફેરીમાં ઉપયોગમાં લીધેલ સફેદ અશોક લેલન સહિત કુલ રૂા.૧૦,૬૮,૦૦૦નો મુદ્દામાલ ઝડપી હાજર નહી મળી આવેલ અબાહસન દુરાભાઈ મકરાણી વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ ડી.કે.સરવૈયાએ હાથ ધરી છે.

**બાંટવામાં જુગાર દરોડો**

બાંટવા પોલીસે તળાવ ગલી નં.૭માંથી ઘોડીપાસાનો જુગાર રમતા મનીષભાઈ દિલીપભાઈ તન્ના, દિવ્યેશભાઈ હરીભાઈ લુકા, ટેકચંદ અશોકભાઈ લાખાણી, જયેશભાઈ ચુનીભાઈ ધારેકને ૧૦૧૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે જયારે સરમણભાઈ રાજાભાઈ મેર નાસી જતા પોલીસે પાંચેય આરોપીઓ વિરૂધ્ધ બાંટવા પોલીસ મથકે જુગારધારા ૧૨ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢ ભવનાથ મંદિરે સવારથી યાત્રિકોની ભીડ : પ્રકૃતિનો આનંદ લેતા લોકો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢમાં શ્રાવણ માસના બીજા સોમવારે સવારથી ભીડ જોવા મળી હતી. ઉપરોકત તસ્વીરમાં ભવનાથ મહાદેવના મંદિર ખાતે દર્શન કરતા મેંદરડા ખાખી મઢી રામજી મંદિરના મહંત પુ. સુખરામદાસ બાપુ, જગદિશભાઈ ભરાડ, નટુભાઈ ભરાડ, રામજી ભરાડ તેમજ નારાયણધરા પાસે ખળખળ વહેતા ઝરણામાં સ્નાન કરી વન ભોજન કરતા અમદાવાદના મહિલા અગ્રણી અસ્મિતાબેન અરવિંદભાઈ રવિયા તથા પરિવારજનો નજરે પડે છે.

# રાજ્ય સરકારનો મહત્વનો નિર્ણય : તહેવારો દરમ્યાન અંત્યોદય અને BPL પરિવારોને વધારાની ખાંડ અને ખાદ્યતેલનું રાહત દરે વિતરણ કરાશે

**‘પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના’ અંતર્ગત ઓગસ્ટ-૨૦૨૪ માસમાં ઘઉં, ચોખા અને ‘શ્રી અન્ન’ બાજરી અને જુવારનું વિનામૂલ્યે વિતરણ**

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

રાજયના અંત્યોદય અને બી.પી.એલ પરિવારો જન્માષ્ટમીના તહેવારો સારી રીતે ઉજવી શકે એ માટે આ પરિવારોને રાહતદરે વધારાની ખાંડ અને ખાદ્યતેલ વિતરણ કરવાનો મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની નેતૃત્વવાળી અમારી સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે તેમ, અન્ન, નાગરિક પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું. નાગરિક પુરવઠા મંત્રી કુંવરજીભાઈએ વિગતો આપતાં કહ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ખાસ કરીને જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે N.F.S.A.-૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ કુટુંબોને ગુણવત્તાયુક્ત ખાદ્ય તેલ - સિંગતેલ બજાર ભાવથી ઘણી ઓછી કિંમતે કાર્ડદીઠ ૧ લિટર પાઉચ રૂા.૧૦૦ પ્રતિ લિટરના રાહત દરે તથા બીપીએલ અને અંત્યોદય કુટુંબોને મળવાપાત્ર જથ્થા ઉપરાંત વધારાની ૧ કિ.ગ્રા.ખાંડ એટલે કે બી.પી.એલ કુટુંબોને કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂા.૨૨ પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે તથા અંત્યોદય કુટુંબોને કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂા.૧૫ના રાહત દરે વિતરણ કરવામાં આવી રહ્યું છે. મંત્રીએ કહ્યું હતું કે, અન્ન, નાગરિક પુરવઠા વિભાગ દ્વારા “રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩"(N.F.S.A.) હેઠળ સમાવિષ્ટ ૭૪ લાખથી વધુ રેશનકાર્ડધારક કુટુંબોની ૩.૬૦ કરોડ જનસંખ્યાને “પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના” અંતર્ગત ઓગસ્ટ-૨૦૨૪ માસમાં ઘઉં, ચોખા અને "શ્રી અન્ન” -બાજરી અને જુવારનું વિનામૂલ્યે વિતરણ રાજયની ૧૭,૦૦૦ થી વધુ વાજબી ભાવની દુકાનો ખાતે થઈ રહ્યું છે તેમ મંત્રી ઉમેર્યુ હતું. અન્ન,નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી ભિખુસિંહજી પરમારે વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે, રાજયના ૮ લાખ જેટલા અંત્યોદય અન્ન યોજનાના(A.A.Y.) કુટુંબોને પ્રતિ કાર્ડ ૧૫ કિલો ઘઉં, ૧૫ કિલો ચોખા અને ૫ કિલો બાજરી મળી કુલ ૩૫ કિલો અનાજનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. એ જ રીતે રાજ્યના ૬૬ લાખ જેટલા “અગ્રતા ધરાવતા કુટુંબો”ની (Priority House Hold - P.H.H.) ૩.૨૩ કરોડ જનસંખ્યાને પ્રતિ વ્યક્તિ ૨ કિલો ઘઉં, ૨ કિલો ચોખા અને ૧ કિલો બાજરી મળી પ્રતિ વ્યક્તિ કુલ ૫ કિલો અનાજનું વિતરણ કરવામાં આવે છે. આમ, P.H.H. કુટુંબમાં પાંચ વ્યક્તિઓ હોય તો ૧૦ કિલો ઘઉં, ૧૦ કિલો ચોખા અને ૫ કિલો બાજરી મળી કુલ ૨૫ કિલો અનાજનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. રાજ્ય સરકારની યોજના હેઠળ અને N.F.S.A.-૨૦૧૩ હેઠળના અંત્યોદય તથા અગ્રતા ધરાવતા દરેક કુટુંબોને પ્રોટીનસભર આહાર મળી રહે તે માટે કાર્ડદીઠ ૧ કિ.ગ્રા ચણા. રૂા.૩૦ પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે તથા તુવેરદાળ કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂા.૫૦ પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે વિતરણ કરવામાં આવી રહ્યું છે. તેમજ રાજ્ય સરકારની યોજના હેઠળ N.F.S.A.-૨૦૧૩ હેઠળના અંત્યોદય તથા અગ્રતા ધરાવતા દરેક કુટુંબોને મીઠું કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂા.૧ પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે વિતરણ કરવામાં આવી રહ્યું છે. આમ, રાજ્ય સરકાર N.F.S.A ૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ અંત્યોદય તથા અગ્રતા ધરાવતા દરેક કુટુંબોને અન્ન સલામતી પૂરી પાડવા સાથે પોષણ સલામતી પણ મળી રહે તે માટે રાજ્ય સરકાર આ યોજનાઓ દ્વારા ગુજરાતના નાગરિકોના સર્વાંગી વિકાસ તરફ આગેકૂચ નિશ્ચિત કરી રહી છે તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.


બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.